# ઝાલાવાડ જૈન દર્શન

(ZALAWAD JAIN DARSHAN) - PRGI NO. MAHBIL/2021/80571

Vol. No. 6 ❖ Issue : 03 ❖ Pages : 48 ❖ - September - 2026 ❖ Monthly Magazine ❖ Rate : Rs.3/-


**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ-મુંબઈ સંચાલિત તથા**
**સમાજરત્ન શ્રી ચીનુભાઈ છગનલાલ શાહ પરિવાર પ્રેરિત**



## પાલીતાણાની પવિત્ર ભૂમિ પર ઝાલાવાડ યાત્રિક ભવનમાં નિર્માણ પામેલ જિનપ્રાસાદની ત્રણે ધજાના ધજારોહણનો આગામી ત્રણ વર્ષ માટેનો આદેશ લેવાનો સુવર્ણ અવસર આવ્યો...





ફરર.... ફરર...ફરકે...આકાશે.. મારા દાદાના દેરે સોહે ધજા...
એ ધામમાં સોહે..અષ્ટ મંગલ..મારા દાદાના ઓળખ કરાવે ધજા...

આવી મહામંગલકારી ધજા જેના ગુણગાન ઇંદ્રો નરેન્દ્રો અને મહેન્દ્રો એ ગાયા છે. જેના શુભ અને શુધ્ધ પરમાણુ થકી માઈલો સુધી પરમાત્માની ગુણોની મહેક લહેરાય છે. ચૌદે રાજલોકના જેટલા પણ જિનચૈત્યો છે એ બધા જ જીવ, ચૈત્યોની ધજા ઈન્દ્રો, મહારાજાઓ અષ્ટાનિકા મહોત્સવ કરીને ચઢાવીને પોતાની ધન્યતા અનુભવે છે. આવી મહામંગલકારી ધજા જે જિનચૈત્યના ઊંચા શિખરે બિરાજીને લહેરાતી હોય તેના રસ્તેથી પસાર થતા વટેમાર્ગુઓને દુર દુરથી પણ ખ્યાલ આવે કે આ તો મારા દાદાના ચૈત્યની ધજા છે. એ ધજા તમોને જિનચૈત્યમાં કયા પરમાત્મા બિરાજેલ છે. તેની ઓળખ કરાવે છે. આપણા જૈનના દેરાસરની ધજા હંમેશા સફેદ અને લાલ કલરની જ હોય છે. જો દેરાસરના મૂળનાયક અરિહંત પરમાત્મા એટલે જિનપ્રતિમાજી જો પરિકર સહિત હોય તો અરિહંત કહેવાઈ તો તેવા દેરાસરની ધજામાં આજુબાજુ લાલ અને વચ્ચે સફેદ કલર હોય અને એ પરિકર વગરના પ્રતિમાજી બિરાજમાન હોય તો સિધ્ધ સ્વરૂપે કહેવાય તેવી તેની ધજા વચ્ચે લાલ અને આજુબાજુ સફેદ કલર હોય જેથી દુરથી લોકોને ખબર પડે અરિહંત પરમાત્મા છે કે સિધ્ધ પરમાત્મા છે. ધજાના દર્શન થતા જ દિલમાં આનંદ થાય અને મો માંથી સરી પડે **'નમો જિણાણં'** અને દર્શનના ભાવ જાગે આવી ધજા કે દરેક આત્માને રસ્તામાં પ્રભુમય રાખે કે કયારે રસ્તામાં ધજા દેખાય અને હું દર્શન કરૂ.

બીજુ આ ધજા એટલી મહામંગલકારી છે કે આ ચઢાવેલી ધજા જે પુણ્યશાળી પોતાના ઘરે લાવે તેના ઘરમાં શુભ સ્થળે રાખે અને રોજ દર્શન કરે તેના ઘરના અનિષ્ટ અને અશુભ તત્વોનો નાશ થાય છે. ઘરમાં ઋધ્ધિ-સિધ્ધિ અને નવ નિધિનું પ્રગટીકરણ થાય છે. સોહાગણ શુભભાવ સાથે પોતાના ખોળામાં ધજા ઝીલીલે અનેહર્ષોલ્લાસ સાથે મંગલગીતો ગાતા ગાતા પોતાના ઘરે લઈ આવે જેના ઘરમાં સંતાનની ખોટ હોય તેના ઘરમાં પુત્રરત્નની પ્રાપ્તિ થાય છે. આવા તો અનેક શુભસંકેતો સમાવેલ છે. મહામંગલકારી ધજામાં અષ્ટમંગલને સોના - ચાંદીના તાર વડે ભરવામાં આવે છે. ૯૯ પ્રકારની પુજામાં સ્પેશ્યલ ધજાની પૂજા આવે છે. અને તેનું આલ્હાદાયક વર્ણન કરવામાં આવેલ છે. એનો મહાત્મય ના ગુણો ઉપાધ્યાય ભગવંતે જણાવ્યા છે એ પૂજામાં જ નવી ધજા બદલી કરવામાં આવે છે.

**કોણ હશે એ પુણ્યશાળી આત્મા કે આવી મહામંગલકારી ધજાના આદેશ થકી ઘરમાં ઋધ્ધિ-સિધ્ધિ પ્રવેશશે...**
**આ અવસરને વધાવવા આપણે સજ્જ થઈએ અને પુણ્યાનુબંધી પુણ્ય બાંધીને આપણા ભવો સુધારી આપણે પણ દેવલોકના ચૌદ રાજલોક કે બારે સ્વર્ગમાંના જીનાલયની શુભ ધજાઓ ચઢાવવા દેવલોકમાં જન્મ પામીએ.**

આવા શુભ અવસરે આપણે દિલ ખોલીને કર્મ ખપાવવા તૈયાર થઈએ.

**લહેરે લહેરે લહેરે રે મારા દાદાની ધજા લહેરે રે....**
**મારે તો મહાવીર સ્વામીની એવી તો મહેર કે એના સાનિધ્યમાં મારે લીલા લહેર...**


SYMBOL OF TRUST

દિનેશભાઈ ટી. શાહ
મો.: ૯૩૨૪૯૭૮૭૪૭
વઢવાણવાળા

યુનીક જવેલર્સ ™

શુધ્ધ ચાંદીના થાળી, વાટકા, ગ્લાસ, સીક્કા, લગડી તથા પ્રેઝન્ટેશન આર્ટીકલ્સ અને ફેન્સી જવેલરીના વેપારી

બોરીવલી શો રૂમ : આવીશ્કાર ટાવર, શોપ નં. ૩૦-૩૧,
ચંદાવરકર સર્કલ, વૃંન્દા હોટલ સામે, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨.
ફોન : ૨૮૯૧ ૧૯૯૮ (ઘર) ૯૮૧૯૨૮૮૪૨૭

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – મુંબઈ

## ❖ આગામી તપશ્ચર્યા બહુમાન સમારંભ ❖

-: તપશ્ચર્યા બહુમાનના કાયમી પ્રેરક દાતા :-

**માતુશ્રી રંજનબેન હર્ષદભાઈ દીપચંદ શાહ પરિવાર**

હ.: શ્રીમતી દિપ્તી પારસભાઈ શાહ (લીંબડી – વાલકેશ્વર – મુંબઈ)

-: તપશ્ચર્યા બહુમાનના કાયમી સહાયક દાતા:-

**શ્રીમતી શારદાબેન કિશોરભાઈ નંદલાલ શાહ પરિવાર**

હ.: શ્રીમતી સંધ્યા નિલેશભાઈ શાહ (લીંબડી – દાદર)

-: તપશ્ચર્યા બહુમાન જમણવારના કાયમી પ્રેરક દાતા :-

**માતુશ્રી કમળાબેન જીવરાજભાઈ ધ્રુવ પરિવાર**

હ.: રંજનબેન જીતેન્દ્રભાઈ ધ્રુવ

-: તપશ્ચર્યા બહુમાન જમણવારના કાયમી સહાયક દાતા :-

**માતુશ્રી ચંદનબેન અરવિંદ કાંતીલાલ શાહ પરિવાર**

હ.: શ્રીમતી ડિમ્પલ કેતનભાઈ શાહ (ધોલેરા – બોરીવલી – મુંબઈ)

-: શૈક્ષણિક પારિતોષિકના મુખ્ય પ્રેરક દાતા :-

**શ્રીમતી શ્રીલેખાબેન અનંતરાય શાંતિલાલ શાહ**

(મુળી – માટુંગા – મુંબઈ)

-: શૈક્ષણિક પારિતોષિકના કાયમી સહાયક દાતા:-

**માતુશ્રી મંજુલાબેન પ્રવિણચંદ્ર ચંદુલાલ શાહ**

(રામપુરા – ભંકોડા – અંધેરી – મુંબઈ)

-: ધાર્મિક શિક્ષણના પ્રેરક દાતા :-

**માતુશ્રી હીરાબેન મહાસુખલાલ જગજીવનદાસ પારેખ**

હ.: શ્રીમતી સુનીલાબેન કમલેશભાઈ પારેખ સહ પરિવાર

(લીંબડી – ઘાટકોપર – મુંબઈ)

**નોંધ :**

આમંત્રિતોને આમંત્રણ કાર્ડ મોકલવામાં આવશે. તપસ્વીઓએ ફોર્મ આપી પોતાના પાસ મેળવી લેવાના રહેશે અને વિદ્યાર્થીઓએ પોતાના પાસ રસીદ આપી મેળવી લેવાના રહેશે.

તા.૨૭-૯-૨૬

રવિવાર,

સવારના

૯.૦૦ કલાકે

**સ્થળ :**

દામોદરવાડી

કાંદીવલી (પૂર્વ).

**સંપર્ક**

૯૧૩૭૩૪૨૮૧૮

## જન્મદિવસની શુભેચ્છા

### તા.૨૦-૯-૨૦૨૬ થી ૨૦-૧૦-૨૦૨૬

આપણને સૌને ભવોભવના પુણ્યકર્મના પ્રભાવે માનવભવ મળ્યો છે. વિતરાગ પ્રભુ મહાવીરનું સાશન મળ્યું છે. ઉત્તમ કુળ મળ્યું છે. માનવ સેવા કરવાનું સદ્ભાગ્ય સાંપડયુ છે ત્યારે આપણા શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ.પૂ. સંઘ-મુંબઈ તથા સમગ્ર ઝાલાવાડી સમાજવતી જન્મદિનની શુભેચ્છા પાઠવીએ છીએ. આવા આનંદના મંગલ પ્રસંગે જે સતકર્મો કરીએ તેનું ફળ અનેક ગણુ વધી જાય છે. સમાજની શુભેચ્છા એ જ મોટી મુડી છે. શક્યતઃ આ મંગલ અવસરે ઝાલાવાડી સમાજને યાદ કરી જરૂરથી શુભેચ્છાના પ્રતિક રૂપે અઓછામાં ઓછારૂા. ૧૦૦૦/- મોકલવા નમ્ર વિનંતી.     અભિનંદન... અભિનંદન...

– તંત્રી



શ્રી રૂપેશભાઈ
દિલીપભાઈ શાહ
(ખેરવા – દાદર)
૧૦ ઓક્ટોબર
૯૮૨૦૨૭૩૦૦૮



શ્રી મુકેશભાઈ
ઉત્તમચંદ શાહ
(લીંબડી-ભાયંદર)
૧૦ ઓક્ટોબર
૯૮૬૯૦૪૦૫૦



શ્રી રૂપેશભાઈ
ચંદ્રકાંતભાઈ શાહ
(સુરેન્દ્ર નગર – ભાયંદર)
૧૩ ઓક્ટોબર
૯૮૨૧૨૩૬૮૨૬

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ -મુંબઈ**

-: ચેરમેન એપેક્ષ :-
સમાજરત્ન શ્રી દિલીપભાઇ ખીમચંદ શાહ

-: પ્રમુખ :-
શ્રી મહેન્દ્રભાઇ ચીમનલાલ શાહ

-: ઉપપ્રમુખ :-
શ્રી મુકેશભાઇ ઉત્તમચંદ શાહ
શ્રી કિરણભાઇ કાંતીલાલ શાહ

-: મંત્રી :-
શ્રી ગીરીશભાઇ કાંતીલાલ શાહ
શ્રી નિલેશભાઇ અનોપચંદભાઇ શાહ
શ્રી મિતેશભાઇ સુભાષભાઇ શાહ

-: સહમંત્રી :-
શ્રી રૂપેશભાઇ ચંદ્રકાંતભાઇ શાહ

-: ખજાનચી :-
શ્રી કેતનભાઇ કનૈયાલાલ શાહ

-: સહ ખજાનચી :-
શ્રી કમલેશભાઇ જયંતભાઇ શાહ

-: પી.આર.ઓ. ટુ હોદ્દેદાર - કારો.કમીટી :-
શ્રી શૈલેષભાઇ વીરચંદ શાહ

-: ટ્રસ્ટીશ્રીઓ :-
સમાજગૌરવ શ્રી અરવિંદભાઇ કાંતીલાલ શાહ
શ્રી સંજયભાઇ ભાઇલાલ શાહ
શ્રી કુમારભાઇ નગીનદાસ શાહ
શ્રી જયેન્દ્રભાઇ હરીલાલ શાહ
શ્રી બિપીનભાઇ રતીલાલ વોરા
શ્રી પ્રકાશભાઇ રસીકલાલ શાહ
શ્રી મહેન્દ્રભાઇ વૃજલાલ શાહ

-: પી.આર.ઓ. ટુ ટ્રસ્ટી :-
શ્રી દિપકભાઇ ગુલાબચંદ ગાંધી

તંત્રી : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ

પરામર્શક : શ્રી ઉપેન્દ્ર રસિકલાલ શાહ



રજી. ઓફીસ
શ્રી નમીનાથજી જૈન ઉપાશ્રય પાયધુની,
મુંબઈ - ૪૦૦ ૦૦૩

વલ્લભદાસ કાનજી બિલ્ડ ગ, બીજે માળે,
૧૭૫, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨

વહીવટી ઓફીસ : ન્યુ ઈંડિયા હાઈટ્સ,
૮મે માળે, જીવનધામ સોસાયટી પાસે,
ઓલ્ડ પોલીસ લેન, અંધેરી (ઈસ્ટ),
મુંબઈ - ૪૦૦૦૬૯

કામકાજનો સમય : ૧૧.૦૦ થી ૬.૦૦

મો. : ૯૧૩૭૩૪૨૮૧૮

ડીજીટલ ઝાલાવાડ : ૯૦૭૬૩૪૨૮૧૮

ઝાલા.જૈન સગપણ સેતુ : ૯૮૧૯૩૪૨૮૧૮



પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચાર લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહ . લેખ મોકલનારે છપાવા બાબત પૃચ્છા કરવી નહ તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.



છૂટક મુલ્ય રૂા.૩/-

Email :
zalawadjainsangh@gmail.com

Website :
www.zalawadjainsangh.org

-: મુદ્રક :-
ભાવિન શરદભાઈ ગાંધી
રાજેશ પ્રિન્ટરી, મુંબઈ - ૪૦૦ ૦૧૧
મો : ૯૮૬૭૫૪૦૫૨૪


**તંત્રી સ્થાનેથી....**

# સાધર્મીક પરિવારને સ્વાવલંબી બનાવીએ

ગુરૂ ભગવંતોના ભવ્ય સામૈયાઓ સાથે ચાતુમાર્સ પ્રવેશ થઈ ગયા છે. ધર્મ આરાધના ભક્તિભાવપૂર્વક વ્રત-તપ-જપ આદિ સાથે શરૂ થઈ ગયા છે. સર્વત્ર વ્યાખ્યાન વાણી શ્રવણના અનેરા લાભ લેવાઈ રહ્યા છે, ત્યારે અમારે તો આપણા ૧૧૬ (એક સો સોળ) વર્ષનો ઉજ્જવળ ઈતિહાસ ધરાવતા સંઘ વિષે - સંઘના સભ્ય માટે - દિલેર દાતાઓ માટે - સમાજ શ્રેષ્ઠી શુભચિંતકો માટે અને આપણા પરિવારજનો માટે થોડી વાતો લખવી છે. આપણામાં કહેવત છે - માત્ર કહેવત નહિ શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે આ પર્વના દિવસોમાં સાતે ક્ષેત્રને સાચવી લે તેવા દાનધર્મને અનુસરી કાર્યો કરવા જોઈએ. અનેક પ્રકારની ઉછામણીઓ થશે - વિવિધ 'ચઢાવાઓ' બોલાશે - વિવિધ અનુષ્ઠાનો માટેની 'ટીપો' થાશે. પૂજ્ય ગુરૂભગવંતોની પ્રેરણા અને પ્રરૂપણાથી આપણે યથાશક્તિ લાભો પણ લઈશુ.

આપણે જે સાત 'ક્ષેત્રો' ની વાત કરી તેમાનુ એક ક્ષેત્ર એટલે 'સાધર્મિક ભક્તિ'. આપણે ઘણી વખતે આ સાધર્મિક ભક્તિને માત્ર 'સ્વામી વાત્સલ્ય' માં પરિવર્તિત કરી દઈએ છીએ. ખરેખર આ ' સ્વામી વાત્સલ્ય' એ તો સાધર્મિક ભક્તિનો એક ભાગ છે. આપણી ફરજ - આપણું કર્તવ્ય સાધર્મિકને ૩૬૫ દિવસ સાચવવાનું છે. આ ૩૬૫ - દિવસની ભક્તિનો એક ભાગ એટલે એક દિવસનું સ્વામી વાત્સલ્ય.

આપણે આપણા જરૂરિયાતવાળા સાધર્મિક પરિવારોના તટસ્થ - સર્વાંગી સરવે કરાવી - આવા સાધર્મિક પરિવારોની જરૂરિયાત પૂરી કરવાના સઘન પ્રયત્નો કરવા જોઈએ. વર્તમાનની આપણી સાધર્મિક ભક્તિ યોજનાઓ ક્યારેક અધુરી લાગે છે.

યોગાનુયોગ આપણા શ્રી સંઘના નવા સુત્રધારોમાં સૌથી અનુભવી એવા સમાજ રત્ન શ્રી દિલીપભાઈ કે. શાહ, સમાજ ગૌરવ શ્રી અરવિંદભાઈ કે. શાહ, અને શ્રી મહેન્દ્રભાઈ સી. શાહ આવ્યા છે. ત્યારે મને ઘણી આશા બંધાણી છે, 'સાધર્મિક સ્વાવલંબી યોજના અમલમાં મૂકવી જોઈએ. આ યોજના માટે નવો સરવે - તટસ્થ સરવે - તટસ્થ ભાઈઓ કે બહેનોના સહકાર થી કરાવી આગળ વધવાનો સમય પાકી ગયો છે. આવા પરિવારની

વધુ પાછળના પેઈજ પર

## શું વાંચશો..? આ અંકમાં...


★ ઝાલાવાડ યાત્રિક ભવન જિનાલય ધ્વજારોહણ ત્રણ વર્ષનો આદેશ ★ તપસ્વી બહુમાન વિદ્યાર્થી પારિતોષિક ધાર્મિક શિક્ષણ કાર્યક્રમ વિષે ★ શાશ્વતા તીર્થના જિનાલય ધ્વજારોહણ મહિમા ★ પરા મંડળ અહેવાલ સમાચાર - કાર્યક્રમો વિષે ★ ZBF તલાશ-૪ અહેવાલ ફોટા ★ જન્મ દિવસ, લગ્ન દિવસની શુભેચ્છા ★ ભાયંદર ઝાલાવાડ સમાજ સ્નેહ મિલન કાર્યક્રમ યુવક-યુવતી સંમેલન ફોટા અહેવાલ ★ શ્રધ્ધાંજલી, વ્હાલાની વસમી વિદાસ ★ ઘાટકોપર યુવક મંડળ ફોટા ★ શાશ્વતી શ્રી નવપદજી આયંબીલ ઓળીનો મહિમા ★ સંવેદનાના સ્પંદન ★ 'કરોડપતિ'નું અભિમાન સત્ય ઘટના ★ 'કડવું સત્ય' એક વાર્તા

શૈક્ષણિક - તબીબી - સાધર્મિક સહાય - નિવાસસ્થાન માટે ધંધા રોજગાર અને ગૃહ ઉદ્યોગ ચલાવતા પરિવારને સહાય કેટલી જરૂરિયાત છે ? આ જરૂરિયાતો કેટલી પૂરી કરી શકાય તેમ છે વગેરે વિષે ગહન રીતે વિચાર કરવાનો સમય આવી ગયો છે. ટુકડે - ટુકડે આપણે ઘણી સહાય કરવા પ્રયત્ન કરી રહ્યા છીએ, પરંતુ સાધર્મિક ભક્તિ કે પછી કેળવણી, તબીબી સહાય જરૂરિયાતવાળા પરિવારોને સ્વાવલંબી બનાવી શકતા નથી.

આપણી પાસે જો આપણા સમાજનો સાચો અને તટસ્થ સરવે હોય તો આપણે ઘણું કરી શકીએ તેમ છીએ. એક ચોક્કસ સમયગાળામાં એ પરિવારને કાયમ માટે સ્વમાનભેર જીવી શકે તેવો બનાવી શકીએ તેમ છીએ. આપણે હવે આપણા ઝાલાવાડી સમાજના જરૂરિયાતવાળા પરિવારોને 'રડતા' નથી શીખવવું. આપણે તેમને 'લડતા' શીખવવું છે.

આપણા ઉદારદિલ દાતાઓ આપણા જરૂરિયાતવાળા પરિવારોની સંપૂર્ણ જરૂરીયાતો પૂરી કરવા સક્ષમ છે. તેઓ જરૂર પડે સહાય રૂપ બનશે, જો આપણો સંઘ સહાય ભૂત બને તો આવા પરિવારોને સ્વાલંબી બનાવી શકાય. પરંતુ જે સરવે થાય - જે સરવે કરાવે, તે સરવે તટસ્થ - નિષ્પક્ષ કોઈ પણ જાતના પૂર્વગ્રહ સિવાયનો હોવો જોઈએ., અમોને કોઈના ઉપર અવિશ્વાસ નથી પરંતુ ક્યારેક સ્થાનિક લોકોના સરવેમાં થોડીક કચાસ રહી જવાની શક્યતા છે. માટે જ આ કામ માટે આપણા સમાજના સુશિક્ષિત એવા - થોડીક નિવૃત્તિની ઉમરે પહોંચેલા બહેનોનો સાથ-સહકાર લેવો જરૂરી છે.

લગભગ વધુમાં વધુ ૧૦૦ થી ૧૨૫ પરિવારોનો સરવે કરવા માટે છ મહિનાનો સમય લાગે તો ભલે લાગે પરંતુ આ પ્રયોગ કરવા જેવો છે. આપણે આ સરવે ''કાન ખુલ્લા રાખી - આખ બંધ રાખી'' કરવો છે. આપણે આવા પરિવારોને પ્રથમ વખત મળીએ છીએ. તેમ સમજીને કરવો છે. બાકી તો 'મારા - તારા' ની કાંઈક ઝલક આવી જવાની શક્યતા છે.

આ પર્વના દિવસોમાં નજીક આવી રહેલ પર્વાધિરાજ પર્યુષણ દિવસોમાં ચોક્કસ સંકલ્પ કરીએ કે જ્યાં સુધી આપણો સંપૂર્ણ સરવે પૂરો ન થાય ત્યાં સુધી આ સ્વાલંબન યોજના મારફત સાધર્મિક પરિવારને સહાયભૂત બનાવાનો દૃઢ સંકલ્પ આ ચાતુર્માસ દરમ્યાન કરીએ. આ ધર્મ આરાધનાના દિવસો દરમ્યાન આપણુ કર્તવ્ય - આપણી ફરજ અને જવાબદારી બજાવવા કટીબધ્ધ બનીએ.

શ્રી સંઘના પશ્ચિમના દહ    સર થી વિરાર અને ડોંબીવલી, કલ્યાણ, થાણા જેવા અન્ય વિસ્તારમાં રહેતા અને નાના પાયે ગૃહ ઉપયોગી કે ખાદ્ય પદાર્થો કે અન્ય કોઈપણ પ્રકાર ગૃહ ઉદ્યોગ ચલાવતા હોય અથવા તૈયાર લાવીને વેચાણ કરતા હોય તેવા પરિવારોને આર્થિક જરૂરિયાત (ધંધા - રોજગાર માટે) પૂરી પાડવા માટે કાંઈક વિશેષ વિચારણા કરી મદદરૂપ થવું જોઈએ. ગત તા. ૧૪ જુનના રોજ 'ઝાલાવાડ જૈન દર્શન' પત્રિકાના ગોલ્ડન જ્યુબીલી વર્ષના અંકનું વિમોચન વખતે મુરબ્બી વડીલ સમાજ રત્ન શ્રી ચીનુભાઈ હિમતલાલ શાહ એ જણાવેલ કે જે સાધર્મિક પરિવાર નાના પાયે ધંધો - રોજગાર કરી રહ્યા છે. તેવા પરિવારોને કાંઈક વિશેષ આર્થિક મદદ કરી વધારે આવક મેળવી શકે તેવું કાંઈક વિચારણા કરી અમલમાં મુકી શકાય તે જોવું જોઈએ. અને સ્વાલંબી બનાવવા જોઈએ.

હાલમાં કારમી મોંઘવારી અને દરેક જીવન જરૂરી ચીજ - વસ્તુઓના રોજ ભાવ વધતા માસિક ખર્ચનું બજેટ મધ્યમ અને સાધારણ પરિવારને ઘણું જ દોહ્યલું અને તકલીફવાળું જોવા મળે છે. એમાં સ્કુલ કે કોલેજમાં ભણતાં સંતાનો ભણતા હોય તો મર્યાદિત બાંધી આવકવાળા પરિવારને લોન કે આર્થિક સહાય લીધા વગર છૂટકોજ નથી. તેમાં પણ મીરારોડ થી વિરાર અને ડોમ્બીવલી - કલ્યાણ સુધીમાં કે અન્ય વિસ્તારોમાં ભાડાના ઘરમાં રહેતા હોય તેવા પરિવારોએ તો આર્થિક સહાય વગર ઘર ખર્ચ કાઢવો મુશ્કેલ છે.

આ બધી બાબતોમાં વિચાર કરતા પરિવારોને નાના - મોટા પોતાના ગૃહ ઉદ્યોગ - ધંધા માટે 'સાધર્મિક સ્વાવલંબન યોજના' બનાવવી જોઈએ. આવા પરિવારોનો સરવે કરાવી વિગતો મંગાવી મદદરૂપ થવું જોઈએ. આવા પરિવાર સક્ષમ અને સધ્ધર થાય, તો જ સમાજ સેવાના સાચા ગુણ, સાચી વાત સાર્થક થયેલી ગણાશે અને દાતાશ્રીઓએ આપેલ દાનનો ઉપયોગ યોગ્ય અને લેખે લાગ્યો ગણાશે.

- તંત્રી મુકેશ યુ. શાહ

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મંડળ - મલાડ

સાધર્મિક ભક્તિ એ માત્ર ધાર્મિક પરંપરા નથી ,પરંતુ આપણા સમાજના જરૂરિયાતમંદ સાધર્મિક ભાઈ - બહેનો પ્રત્યેની સેવા, સહકાર અને માનવતાની ભાવના નું પ્રતીક છે. શ્રી ઝાલાવાડ મંડળ મલાડ નીચે લખેલ સર્વે દાતાઓએ જે સાધર્મિક ભક્તિમાં વર્ષ ૨૦૨૫ - ૨૦૨૬ માં લાભ લીધો છે તેમનો ખૂબ ખૂબ આભાર માને છે અને અનુમોદના કરે છે.

સાધર્મિક દાતાશ્રી ૨૦૨૫ - ૨૦૨૬

<u>પ્લેટિનમ સ્તંભ</u>

૧)એક સહ ગૃહસ્થ તરફથી

૨)શ્રી ચીમનલાલ જગજીવનદાસ શાહ (દુધરેજવાળા )

<u>સુવર્ણ સ્તંભ</u>

શ્રી મુકુંદભાઈ પોપટલાલ શાહ, શ્રી કિર્તીભાઈ ખીમચંદભાઈ શેઠ, શ્રીમતી રમીલાબેન જીતેન્દ્રભાઈ શાહ, શ્રી ચંદ્રકાંતભાઈ હરજીવનદાસ શાહ, શ્રીમતી જ્યોત્સનાબેન પ્રકાશભાઈ શાહ, શ્રી રજનીકાંતભાઈ રમણીકલાલ ધ્રુવ, શ્રી પ્રવીણચંદ્ર વાડીલાલ શાહ

માતુશ્રી હસુમતીબેન પ્રવીણચંદ્ર બગડીયા, માતુશ્રી ધીરજબેન (હ. જય દોશી), શ્રી અજીતભાઈ મણીલાલ શાહ, શ્રી વસંતલાલ માધવજીભાઈ શાહ, માતુશ્રી શારદાબેન મહાસુખલાલ શાહ,

<u>રજત સ્તંભ</u>

શ્રી કાંતિલાલ જીવરાજભાઈ માથુકિયા, શ્રી ગોવિંદજી સાકરચંદ શાહ,શ્રી રમણીકલાલ દીપચંદભાઈ વોરા, માતુશ્રી વિલાસબેન અમિતભાઈ સલોત , માતુશ્રી હસુમતીબેન ચંપકલાલ માથુકિયા

માતુશ્રી કુસુમબેન છોટાલાલ બાવીસી

શ્રીમતી નયનાબેન રમેશભાઈ અજમેરા

શ્રીમતી વર્ષાબેન ભરતભાઈ વોરા

શ્રીમતી શ્રેયાબેન વિજયભાઈ શાહ

શ્રીમતી મોક્ષાબેન ફોરમભાઈ મહેતા

માતુશ્રી સ્નેહલતાબેન વસંતલાલ દોશી

માતુશ્રી પ્રભાવતીબેન વસંતલાલ શાહ,

શ્રીમતી જયશ્રીબેન ગુણવંતભાઈ અજમેરા, માતુશ્રી લીલાવતીબેન હસમુખલાલ શાહ, માતુશ્રી ઉષાબેન ચંપકલાલ વોરા, માતુશ્રી લીલાબેન હિંમતલાલ શાહ, ડોક્ટર બી .એમ. જૈન, માતુશ્રી સવિતાબેન ધીરજલાલ શાહ (પંકજભાઈ)

<u>કાંસ્ય સ્તંભ</u>

શ્રીમતી નીલાબેન અરવિંદભાઈ શાહ, શ્રીમતી અનિલાબેન રવિન્દ્રભાઈ શાહ, શ્રી અનિલભાઈ નગીનદાસ શેઠ, શ્રીમતી સરિતાબેન જયંતીલાલ શાહ, માતુશ્રી વિનોદીબેન કનૈયાલાલ શાહ શ્રીમતી રશ્મીબેન કીર્તિ કુમાર મહેતા, માતુશ્રી રસીલાબેન પ્રવીણચંદ્ર કુવાડીયા, માતુશ્રી પદ્મિનીબેન બીપીનભાઈ શાહ, શ્રી નિલેશભાઈ અનોપચંદભાઈ શાહ, શ્રી દેવેન્દ્રભાઈ શાંતિલાલ શાહ, માતુશ્રી સવિતાબેન જયેન્દ્રલાલ સલોત

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. મહિલા મંડળ - અંધેરી

ઉપરોક્ત મંડળનો આગામી સામાયિકનો કાર્યક્રમ તા. ૨૯-૦૯-૨૬, ભાદરવા વદ ત્રીજ ને મંગળવારે રાખવામાં આવ્યો છે.

સ્થળ -: શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસરના ઉપાશ્રયમાં રાખેલ છે.

જુના નાગરદાસ રોડ ભુતા સ્કુલની ગલીમાં, અંધેરી (પૂ.), મુંબઈ ૪૦૦ ૦૬૯. સમય :- બપોરે ૨.૩૦ કલાકે.

આ દિવસે આજીવન સભ્યના આઈ - કાર્ડ (I-Card) ફોટા સાથેના આપવામાં આવશે. દરેક આજીવન સભ્ય એ હાજરી આપવી જરૂરી છે.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. મહિલા મંડળ - ઘાટકોપર

ઘાટકોપર મહિલા મંડળનો વાર્ષિક દિવસનો પ્રોગામ દર વર્ષની જેમ આ વર્ષ પણ ખૂબ જ ઉલ્લાસપૂર્વક શ્રી આદેશ્વર દાદાની છત્રછાયામાં અને મંડળના બહેનો સંગે દાદાની પંચકલ્યાણકની પૂજા ભણાવી હતી. સાથે સાથે બહેનો એ દાંડીયા મંજીરાની રમઝટ બોલાવી પ્રભુજીની ભક્તિમાં તલ્લીન થયા હતા. પૂજાના કાયમી દાતા શ્રીમતી સરોજબેન ચીનુભાઈ શાહ છે. પૂજા પત્યાબાદ આરતી તથા મંગળ દીવો અને શાંતિ કળશ કરી પૂજાની પૂર્ણાહુતી કરી હતી.

ત્યારબાદ અંજલીબેને હવે પછીનો પ્રોગામ વન-ડે પીકનીકની જાહેરાત કરી હતી. ત્યારબાદ કાયમી જમણવારના દાતા તરફથી રસ-પુરી નું ભોજન કરાવવામાં આવ્યું હતુ. જમણવારના કાયમી દાતા ૧) શ્રીમતી પુષ્પાબેન ચંદુલાલ શાહ. ૨) શ્રીમતી લીલાબેન પી. શાહ. ૩) શ્રીમતી ભારતીબેન આર. શાહ. ૪) શ્રીમતી ઈન્દુબેન કશ્યભાઈ શાહ છે. રસ-પુરીના જમણવાર પછી પૂજામાં પધારેલ બધી બહેનોને રૂ.૫૦/- ની પ્રભાવના કરવામાં આવી હતી. વાર્ષિક દીન નિમિત્તે મંડળને નીચે મુજબ ભેટ મળેલ છે.

૧) રૂ. ૫૦૦૦/- જયસુખભાઈ દેવચંદ શાહ ૨) રૂ. ૧૧૦૦/- રંજનબેન દીનેશભાઈ કોઠારી ૩) રૂ. ૧૦૦૦/- કલાબેન પ્રમોદભાઈ, રક્ષાબેન અભયભાઈ શાહ, ભારતીબેન રજનીભાઈ શાહ.

૪) રૂ. ૫૦૦/- અંજલી ભરતભાઈ, રીટાબેન સંતોષભાઈ, મધુબેન શેઠ, લીલાબેન પદમસીભાઈ, રીનાબેન મનીષભાઈ, હંસાબેન વાડીલાલ શાહ, કીરણબેન અનિલભાઈ, રાજુલબેન પંકજભાઈ, નીનાબેન અજયભાઈ, સરોજબેન ચીનુભાઈ, પૂર્વીબેન અનિલભાઈ, કુસુમબેન ભરતભાઈ, રીટાબેન અશોકભાઈ શાહ, કોકીલાબેન, મીનાબેન જયંતભાઈ શાહ, મુદ્રાબેન અનુજ શાહ.

રૂ. ૨૫૦ /- રૂ. વિપુલાબેન કુવાડીયા, કવિતાબેન રજનીભાઈ. રૂ. ૨૦૦/- રૂ. આશાબેન જયસુખભાઈ, એક બેન તરફથી વાર્ષિક દિવસે બહેનોને જણાવ્યા પ્રમાણે વન-ડે પીકનીક પ્રોગામ **Dreamland Resort** માં પણ બધી બહેનો

ઉત્સાહથી જોડાયા હતા અને ખૂબ મઝા માણી હતી. Dreamland Resort માટે સવારે ૬.૦૦ વાગે ઘાટકોપર વેસ્ટ માંથી બસ ઉપડી અને ઈસ્ટમાંથી બહેનોને લઈને શાહપુરથી ૩૦ કિ.મી. દૂર Dreamland Resort નવ વાગ્યા સુધીમાં પહોંચી ગયા હતા. બધા નવકારશી વાપરીને સેવા - પૂજા કરવા ગયા હતા અને Rain Dance નો આનંદ માણ્યો હતો. સ્વાદિષ્ટ ભોજન માણ્યા બાદ બધી બહેનો એ વિવિધ ગેમ્સ રમવાની અને Music પર Dance અને ગરબા રમવાની તેમજ Reels ઉતારવાની બહુ મજા પડી ગઈ હતી. ત્યારબાદ ચોવિહાર કરી તથા દેહરાસરમાં આરતી કરી સાંજે ૭ વાગે ત્યાથી બસ દ્વારા ઘાટકોપર તરફ પ્રયાણ કર્યું હતુ. તેમજ બસમાં પણ બેહનોએ અંતાક્ષરી અને જોક્સની મજા માણી હતા. અને ઘાટકોપર કયારે આવી ગયું ખબર પણ ન પડી અને Sweet Memory સાથે બધા છુટા પડ્યા. હવે પછીનો પ્રોગામ ૩૦ સપ્ટેમ્બર ભાદરવા વદ ચોથના ખમત - ખામણાનો પ્રોગામ શ્રી ચિતાંમણી પાર્શ્વનાથ દેરાસર સાંઘાણી એસ્ટેટ ખાતે રાખેલ છે. બીજી વિગત Whats app પર જણાવવામાં આવશે.

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. મંડળ - ઘાટકોપર**

ઉપરોકત મંડળની તા. ૨૩.૦૮.૨૦૨૬ નાં રવિવારે ૩૬ મી વાર્ષિક સામાન્ય સભા સવારે ૧૦.૦૦ કલાકે મંડળની રજીસ્ટર્ડ ઓફીસ ખાતે મળેલ હતી. કોરમના અભાવે સામાન્ય સભાની શરૂઆત ૧૦.૩૦ વાગે કરવામાં આવેલ. આ સામાન્ય સભામાં ૬ ટ્રસ્ટી તેમજ કારોબારી સમીતી માટે ૧૩ સભ્યની ચુંટણી યોજવામાં આવેલ ચુંટણી કમીશ્નર શ્રી જયેશભાઈ રમણીકલાલ બગડીયાને જવાબદારી સોંપવામાં આવેલ.

આ સભાનું પ્રમુખ સ્થાને શ્રી કમલેશભાઈ મહાસુખલાલ પારેખ એ સંભાળેલ. નવકાર મંત્રથી સભાની શરૂઆત કરવામાં આવેલ. ત્યારબાદ વર્ષ દરમ્યાન મંડળના સભ્યોની થયેલ દુઃખદ અવસાન માટે ૨ મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી આપેલ.

ત્યારબાદ મંત્રી પંકજ શાહે ગત વર્ષ ૩૫મી વાર્ષિક સામાન્ય સભાનું મીનીટસનું વાંચન કરેલ જે સર્વાનુમતે પાસ કરવામાં આવેલ. ત્યારબાદ ગત વર્ષનાં ૨૦૨૫-૨૦૨૬નાં કાર્યવાહક સમિતીએ મંજુર કરેલ ઓડિટેડ હિસાબો કોઈપણ સૂચન નહ હોવાથી સર્વાનુમતે પાસ કરવામાં આવેલ. ત્યારબાદ વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટે ઓડિટર નિમણૂંક માટે શ્રી કમલેશભાઈ પારેખ એ મે. વિનોદ મહેતા એન્ડ કંપનીના સંચાલક દિવ્યેશ મહેતાના નામની સૂચન કરેલ અને સર્વાનુમતે પાસ કરવામાં આવેલ.

ત્યારબાદ ૨૦૨૬ થી ૨૦૩૦ છ ટ્રસ્ટી ૪ વર્ષ માટે. તેમજ ૨૦૨૬ થી ૨૦૨૮ ૧૩ સભ્યોની કારોબારી ચુંટણીના પરીણામ માટે ચુંટણી કમીશનર શ્રી જયેશભાઈ બગડિયા રીપોર્ટ આપી ગયેલ સંજોગવસાત હાજર રહી શકયા નહોતા. શ્રી જયેશભાઈ બગડિયાએ ચુંટણી કમીશનર નીમણુંક કરવા બદલ મંડળનો આભાર માનેલ.

**૨૦૨૬ થી ૨૦૩૦ માટે ૬ ટ્રસ્ટી નામની યાદી**

૧) મે.ટ્રસ્ટી શ્રી ઉદયનભાઈ પન્નાલાલ શાહ (ટ્રસ્ટી), ૨) શ્રી બીપીનભાઈ રતિલાલ વોરા, ૩) શ્રી બીપીનભાઈ શાંતિલાલ શાહ, ૪) શ્રી અરવિંદભાઈ ચીમનલાલ શાહ, ૫) શ્રી કમલેશભાઈ મહાસુખલાલ પારેખ (IPP) ૬) શ્રી લલીતભાઈ પ્રભુલાલ શાહ

**૨૦૨૬ થી ૨૦૨૮ બે વર્ષ માટે કારોબારી કમિટી**

૧) પ્રમુખઃ શ્રી હરેનભાઈ ચંદુલાલ શાહ, ૨) ઉપપ્રમુખઃ શ્રી અરૂણભાઈ છોટાલાલ શાહ, ૩) સેક્રેટરી - શ્રી પંકજભાઈ શાંતિલાલ શાહ, ૪) સેક્રેટરી - શ્રી આશિતભાઈ પ્રિયકાંત શાહ ૫) સેક્રેટરી- શ્રી જીજ્ઞેશભાઈ વાડીલાલ શાહ, ૬) ખજાનચી - શ્રી નીમેષભાઈ શશીકાંત શાહ, ૭) સહખજાનચી - શ્રી પ્રિતેશભાઈ પુષ્પેન્દ્ર શાહ

**કારોબારી કમિટી મેમ્બર**

૮) ડૉ. મયંકભાઈ અનિલભાઈ શાહ, ૯) શ્રી મયંકભાઈ પ્રબોધભાઈ શાહ, ૧૦) શ્રી વિરલભાઈ વિનુભાઈ શાહ, ૧૧) શ્રી તુષારભાઈ જયંતિલાલ શાહ, ૧૨) શ્રી મીતુલભાઈ કીર્તીભાઈ શાહ, ૧૩) શ્રી કુશલભાઈ વિક્રમભાઈ મહેતા

ત્યારબાદ ૬.૧૨.૨૬ નાં વાર્ષિક સંમેલન માટે કામની વહેંચણી કરવામાં આવેલ. અંતે મંત્રી શ્રી આશિતભાઈ એ આભાર વિધિ કરેલ. ખાસ ચુંટણી કમીશનર શ્રી જયેશભાઈ રમણીકભાઈ બગડિયાનો આભાર માનેલ. અને ગાંઠિયા - જલેબીના નાસ્તા માટે પ્રમુખ શ્રી હરેનભાઈ ચંદુલાલ શાહનો આભાર માનવામાં આવેલ.

**તપસ્વી બહુમાન અને શૈક્ષણીક / ધાર્મિક સન્માન**

૧. તપસ્વીઓ એ તા.૨૫.૯.૨૬ (શુક્રવાર) સુધીમાં નીચેના સ્થળેથી ફોર્મ મેળવી. ભરીને એ જ સ્થળે પહોંચાડવા વિનંતી. દરવર્ષની જેમ આ વર્ષે પર્યુષણ દરમ્યાન ૬ સળંગ ઉપવાસ કે વધુ તપ કરેલ હોઈ તેમણેજ ફોર્મ ભરવા વિનંતી.

૨. શૈક્ષણિક માર્કસીટ ઝેરોક્ષ પાછળ મેમ્બરનું નામ, વિદ્યાર્થીનું નામ અને મોબાઈલ નંબર સાથે આપવાનો રહેશે. તેમજ ધાર્મિક શિક્ષણ સર્ટીફીકેટની ઝેરોક્ષ પાછળ મેમ્બરનું નામ, વિધાર્થીનું નામ અને મોબાઈલ નંબર લખીને તા.૨૫.૯.૨૬ સુધીમાં નીચેના સ્થળે આપવું. ત્યાર બાદ લેવામાં નહી આવે.

આગામી વાર્ષિક સ્નેહ સંમેલન નું આયોજન તા.૬.૧૨.૨૬ના રવિવારે ઝવેરબેન હોલ રાષ્ટ્રીયશાળા ખાતે કરવામાં આવશે.

તપસ્વીઓના ફોર્મસ માટેના સ્થળ

**મે વીઝન ઓપ્ટીકસ** -૯, લક્ષ્મી પેલેસ, ૬૦ રોડ, ઘાટકોપર (પૂર્વ), (સમય ૧૦:૩૦ થી ૬, સોમવારે બંધ)

**મે એલ. ટેક** - શોપ નં.૩ વ્રજ પેરેડાઇઝ (જૂનું સોમેશ્વર બિલ્ડિંગ), સ્થાનકવાસી ઉપાશ્રય સામે, ઘાટકોપર (પશ્ચિમ), (સવારે ૧૧ થી ૧૨ અને સાંજે ૪ થી ૬, રવિવારે બંધ)

**નોંધઃ** જે મેમ્બરનાં મો. નંબર મંડળનાં વોટસઅપ ગ્રુપમાં ન હોય તો સેક્રેટરીઓને જાણ કરવી. હવે પછી બધા મેસેજ વોટસએપ ગ્રુપમાં જ આવશે.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજ- ભાયંદર.
## સ્નેહમિલન કાર્યક્રમની સંવેદના

ઉપરોક્ત સમાજનો પ્રથમ સ્નેહ મિલન ભાયંદરના ઝાલાવાડી શ્વેતાંબર મૂર્તિપૂજક પરિવારોનો ભાયંદરમાં જ બાવીસ વર્ષ બાદ થયેલ હતો. ઘણા લાંબા સમયગાળાની નિસ્તેજતા બાદ એક નવી ચેતના, ઉત્સાહ અને ભાઈચારાની ભાવના સાથે એક સૂત્રતાના તાંતણે જોડાયેલા આ સમાજના સર્વે સભ્ય પરિવારોમાં આ કાર્યક્રમને લઈને એક ઉમંગ-ઉત્સાહ હતો. કાર્યક્રમ દરમ્યાન હાજર સર્વેના ચહેરા ઉપર આનંદ-ખુશી જોવા મળતી હતી. સમાજ સંચાલકોએ એક સુંદર કાર્યક્રમ આપી સર્વેના દિલ જીતી લીધા હતા. તેમજ આ કાર્યક્રમમાં ઉમંગ-ઉત્સાહ વધારવા, પરિચય કેળવી એકબીજાને સહાયરૂપ થઈ એકતા અને ભાઈચારાની ભાવના વધારી પ્રોત્સાહિત કરવા શ્રી સંઘના પ્રમુખશ્રી, ટ્રસ્ટીશ્રી, શ્રેષ્ઠીઓ પધારેલા હતા. સૌએ કાર્યક્રમનો દિલથી વધાવવા સાથે આનંદપૂર્વક માણેલ હતો.

શુભ પ્રભાતે સૌના આગમન સાથે એકબીજાને મળવાની ઉત્સુકતા સૌના મુખારવિંદ ઉપર જોવા મળતી હતી. સુપ્રભાતે ૯-૩૦ કલાકે પોદાર સ્કુલના મંડપમાં સૌ કોઈ સ્નેહમિલન કાર્યક્રમ માણવા પોતાની બેઠકમાં ગયા હતા. સવારના ૧૦.૦૦ કલાકથી સંગીતના કાર્યક્રમને શરૂઆત થતા બધા એકચિત્તે પ્રસન્નતાપૂર્વક કાર્યક્રમની માણી રહ્યા હતા. શ્રીમતી પાયલ ગાંધી એન્ડ ઓરકેસ્ટ્રાના ગીત-સંગીતના પ્રોગ્રામે સૌ કોઈ ઝૂમી ઉઠ્યા હતા. સુંદર ગીતોની રજૂઆતો સાથે સહુના મન હિલોળે ચઢયા અને સંગીત ના તાલે નાચવા ઉત્સાહી બન્યા હતા.

ગીત-સંગીતના આ કાર્યક્રમમાં એક હળવો બ્રેક લઈને સમાજ આયોજીત આ સ્નેહમિલન કાર્યક્રમમાં પધારેલા સૌ મહાનુભાવોનું ઉચિત સન્માન કરવામાં આવેલ હતું.

આપણા લાડીલા સમાજ ગૌરવ, પ્રજાવત્સલ શ્રી અરવિંદભાઈ કાંતિલાલે - તા.૧૨-૭-૨૦૨૬ના રોજ સ્વમુખે શબ્દાલંકૃત કરેલ શ્રી ઝાલાવાડ શ્વેતાંમ્બર મૂર્તિપૂજક સમાજ ભાયંદરના શ્રી જીતેન્દ્રભાઈ, શ્રી શૈલેશભાઈ, શ્રી મુકેશભાઈ, શ્રી રૂપેશભાઈ, શ્રી અશિષભાઈ,શ્રી કમલેશભાઈ તથા કાર્યક્રમના આરંભથી અંત સુધી નોન સ્ટોપ સુપરફાઇન સેવા આપનાર સૌ કાર્યકર્તાઓની મહેનત અને જહેમતે કાર્યક્રમને ચાર ચાંદ લગાવી દીધા હતા. સમારંભ સંઘ પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ તથા તેમના અર્ધાંગિનિ શ્રીમતી કોમીલાબેને છેક અંધેરી નગરી થી છેવાડેના ભાયંદર નગરે પધારી - સમગ્ર ભાયંદર નગરના સમાજ જનોમાં આત્મીયતાનો દિપ પ્રગટાવ્યો છે. પોતાના વ્યક્તવ્યમાં સહુને હુફાળી હૈયાધારણ આપેલ, શૈક્ષણિક ક્ષેત્રે - વિદ્યાર્થીઓને પોતાની કારકીર્દિ બનાવવામાં પોતે કેવી રીતે મદદરૂપ થશે તેની સવિસ્તાર માહિતિ આપી હતી...આવા યુવા પ્રમુખને પામીને સૌ ધન્ય થયા હતા.

આજરોજ જેનો જીર્ણોદ્ધાર થયેલ છે. આજના કાર્યક્રમના મુખ્ય લાભાર્થી શ્રી ઝાલાવાડ શ્વેતાંબર મૂર્તિપૂજક મિત્ર મંડળ-ભાયંદરના દિવંગત તથા વિધમાન મહાનુભાવોની શહાદતને પોતાની આગવી શૈલીથી અંતઃકરણ પૂર્વક ખોબલે ખોબલે બિરદાવી હતી. વિદ્યમાન મહાનુભવોમાંથી શ્રીયુત શ્રી નટુભાઇ કે. શાહ, શ્રી નલીનભાઈ સી. દોશી, શ્રી ડોલરભાઈ કુવાડીયા, શ્રી જયસુખભાઈ અમુલખભાઈ શાહ (ઝાલાવાડ) વિગેરે યોગદાન કરીને કાર્યક્રમની સફળતામાં લાભાર્થીનો લાભ લઈને ધન્ય થયા હતા.

અમારા સમગ્ર કાર્યક્રમના પિતામહઃ સમાજ ગૌરવ શ્રી અરવિંદભાઈ કે.શાહ તથા તેમના સુપુત્ર શ્રી કેતનભાઈએ - જમવાની વાનગીઓ, કાઉન્ટર વ્યવસ્થાનું જાતે નિરીક્ષણ કરીને માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. રવિવારની અન્ય વ્યસ્તતા હોવા છતાં અમુલ્ય સમયનો ભોગ આપી અમારા પ્રત્યે લાગણીનો ધોધ વહાવ્યો હતો. જેનો ઉપકાર અમે ક્યારેય નહી વિસરીએ.

આ કાર્યક્રમ અમારા સૌ માટે મિલન મેળો - આનંદ મેળો સાબિત થયો. સૌ આબાલ-વૃદ્ધોએ સમૂહ ભોજન લીધુ. કેટલાક તો ઘણાં લાંબાસમયે મળ્યા હોવાથી હરખના આંસુથી ભેટ્યા. વયોવૃધ્ધ - અનુભવ વૃદ્ધ દાદા-દાદીને નિરખીને સૌના નેત્રો હર્ષાનંદથી ભીંજાયા

'સમાજ ગૌરવ'તથા શ્રી વર્ધમાન માનવસેવા ટ્રસ્ટ ભાયંદરના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહે શ્રી વર્ધમાન માનવસેવા ટ્રસ્ટ ના નિર્માણમાં જેમનો સિંહફાળો છે, તેવા સ્વ.હર્ષદભાઈ પુનમચંદ દોશી, ભાયંદરના પ્રતિષ્ઠિત બિલ્ડર શ્રી કે.કે.ગુપ્તા શેઠ, તે સમયના SEM શ્રી. હર્ષદભાઈ વાડીલાલ સંઘવી વગેરે દિગંગત તથા વિધમાન સર્વેને.

ભાવપૂર્વક યાદ કરીને અંશઃ તહ ઋણમુકત થયા હતા. આજના પ્રસંગે ભાયંદરના ભૂતપૂર્વ આમદાર - નારીશક્તિના પ્રતિક સમ, શ્રીમતી ગીતાબેન ભરતભાઈ જૈન અતિ વ્યસ્તતા છતાં આજના સમારંભને ખાસ પ્રાથમિકતા આપીને પધાર્યા હતા. તેમણે પોતાના વક્તવ્યમાં આજની સળગતી સમસ્યામાં યુવા-યુવતીઓને સગપણમાં પાત્રની પસંદગીમાં થોડી બાંધછોડ.. થોડું ઘણું જતુ કરવાની સૂવર્ણ સલાહ આપી હતી. શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈના મંત્રીશ્રીઓ શ્રી ગીરીશભાઈ, શ્રી નિલેશભાઈ, શ્રી મિતેશભાઈ, તથા પી.આર.ઓ.ટુ ટ્રસ્ટી શ્રી દિપકભાઈ ગાંધી વગેરે હાજર રહી અમારા આનંદ અને ઉત્સાહમાં વધારો કર્યો હતો. ભાયંદર ઝાલાવાડ યુવા મંડળના યુવા પ્રમુખ શ્રી જીગ્નેશભાઈ, તથા અન્ય સહકાર્ય કરતાઓએ હાજર રહી પ્રસંગ દિપાવ્યો હતો. આ ઉપરાંત ભાયંદર સ્થાનકવાસી સમાજના યુવા પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ ગાંધી તેમ જ મીરા-ભાયંદર ગુજરાતી સમાજના પ્રમુખ શ્રી પ્રવિણભાઇ પટેલ હાજર રહી પ્રસંગની શોભામાં અભિવૃધિ કરી હતી.

ભાયંદરના સર્વે ઝાલાવાડીઓ 'જય ઝાલાવાડ' ના નારા લગાતા સ્વરૂચિ ભોજનનો આસ્વાદ માણ્યા બાદ હેત પ્રિતના તોરણ બાંધતા સૌ હવે પછી ક્યારે મળશું ? તેવા ચાતક નજરે રાહ જોતા સહુ વિખુટા પડ્યા.

કાર્યક્રમમાં પાયલ ગાંધી અને ગાયકવૃન્દના કલાકારોએ સર્વે ઝાલાવાડીઓને આનંદ કરાવીને ગરબા રાસ રમાડી તથા .ફિલ્મગીતો ઓડીયન્સ ને વ્યક્તિગત માઈકમાં ફિલ્મી ગીતો ગવડાવીને મહેફીલમાં સામેલ કરીને વ્યકિતગત ગાઈકીનો અબાલવૃદ્ધ સૌને અહેસાસ કરાવી મજા કરાવી નચાવ્યા હતા...

ઉપર્યુક્ત - રજૂઆત ફક્તને ફક્ત સતકાર્યને બિરદાવવાની - અનુમોદના કરવાના નિખાલસ સ્વભાવની સહજભાવે અભિવ્યક્તિ છે.

મિચ્છામિ દુક્કડમ **કે.પી. શાહ. ભાયંદર**

**સંવત ૨૦૮૨, અષાઢ સુદ - ૯, તા.૨૨ જુલાઈ ૨૦૨૬**

# શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ.પૂ. સમાજ - ભાયંદર તરફથી યોજાયેલ લગ્નોત્સુક યુવક-યુવતી પરિચય મિલન કાર્યક્રમ

આજના વર્તમાન સમયમાં પરિવારોની સળગતી સમસ્યા, માતાપિતાની વેદના સંતાનોનાં સગપણ - લગ્નની રહેલી છે. સમાજની આવી સમસ્યાઓને હળવી બનાવવા અને સમાજને મદદરૂપ બનવાના ઉમદા ભાવો સાથે ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સમાજ - ભાયંદરે, જૈન સમાજનાં ચારેય ફિરકાઓનાં લગ્નોત્સુક યુવકો - યુવતીઓનાં પરિચય મિલનનું આયોજન તા. ૨૩-૮-૨૦૨૬ રવીવારનાં રોજ સવારે ૯:૩૦ કલાકે દામોદારવાડી, અશોકનગર, કાંદિવલી (ઈસ્ટ) મુંબઈ ખાતે કર્યું હતું.

એક આશ અને એક ઉમીદ ભરી ભાવનાઓ સાથે સવારમાં લગ્નોત્સુક યુવકો - યુવતીઓ તેમના પેરેન્ટસ - વડિલો સાથે પધારી રહયાં હતાં. સૌએ સવારનાં ચાહ નાસ્તાની લહેજત માણેલ. દામોદરવાડીનાં ૧લા માળે, એસી. હોલમાં પરિચય મિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનાં ઉદ્‌ઘોષક તરીકે જવાબદારી સંભાળતા શ્રીમતી ઉમાબેન શાહે પધારેલ સૌનું સ્વાગત કરેલ. સ્વર સંગીત દ્વારા નવકાર મંત્રનું પઠન કરવા સાથે કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સમાજ - ભાયંદરનાં મંત્રી શ્રી મુકેશભાઈ શાહે સમાજ અને આજનાં કાર્યક્રમની પ્રારંભીક રૂપરેખા આપેલ હતી. તેઓએ જણાવેલ કે ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સમાજ - ભાયંદરની એક વર્ષ પહેલા સ્થાપના થયેલ છે, અને તેનાં નેજા હેઠળ ઘણા જ ટૂકા ગાળામાં આ પ્રકારના પ્રથમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ મુબઈનાં એપેક્ષ ચેરમેન સમાજરત્ન શ્રી દિલીપભાઈ કે. શાહ, ઝાલાવાડ સ્થાનકવાસી સમાજ અગ્રગણ્ય તથા બીજેપી જૈન સેલ મુંબઈનાં અધ્યક્ષ શ્રી સી. વી. શાહ, સમાજ ગૌરવ શ્રી અરવિંદભાઈ શાહ, શ્રી પ્રફુલભાઈ સલોત શ્રેષ્ઠીશ્રીઓનાં વરદહસ્તે દિપ પ્રાગટય કરી આજના આ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવેલ. અગ્રગણ્ય સમાજ સેવક અને પરિચય સેતુ પુસ્તીકાનાં વિમોચન દાતા શ્રીમતી કલ્પનાબેન વિજયભાઈ મગનલાલ શાહ પરિવારનાં કરકમલોએ પરિચય સેતુ પુસ્તીકાનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં પધારેલા આપણા ઝાલાવાડ સમાજનાં હોદ્‌દારો, શ્રેષ્ઠીશ્રીઓ, મહાનુભાવો, દાતાશ્રીઓને શ્રી મુકેશભાઈ શાહએ સ્ટેજ ઉપર પધારી સ્થાન ગ્રહણ કરવા વિનંતી કરેલ. ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સમાજ - ભાયંદરનાં પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ શાહે તેઓ સર્વેને આવકાર આપી આનંદ વ્યક્ત કરતા જણાવેલ કે આ યુવક યુવતિ પરિચય સમેલન કરવા માટેનાં છેલ્લા બે મહિનાથી અમારા સતત પ્રયત્નો રહયાં હતા. જેનું આજે આપણને પરિણામ જોવા મળે છે. આજના સમયની આ સૌથી વિકટ સમશ્યાનું કેવી રીતે સોલ્યુશન લાવવું, એ બહુ અઘરૂં કાર્ય હતું. આ માટે અમો સૌએ મહેનત કરીને આ આયોજન કરેલ છે. ઈશ્વરનાં અને આપ સૌના આશીર્વાદ મળે અને ફળે એજ શુભ ભાવના.

પ્રસંગોચિત્ત બહુમાન કાર્યક્રમમાં આજના પ્રસંગનાં મુખ્ય મહેમાન ઝાલાવાડ સમાજરત્ન શ્રી દિલીપભાઈ કે. શાહ, સમાજ ગૌરવ શ્રી અરવિંદભાઈ કે. શાહ, બીજેપી જૈન સેલ મુંબઈનાં શ્રી સી. વી. શાહ, બોરીવલી મંડળનાં પ્રમુખ શ્રી પ્રફુલભાઈ સલોત, સંઘનાં ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ વી. શાહ, પરિચય સેતુ પુસ્તીકાનાં વિમોચન દાતા શ્રીમતી કલ્પનાબેન વિજયભાઈ મગનલાલ શાહ, સમારંભનાં દાતા શ્રી નિકુંજભાઈ પરિખ, શ્રી હિતેશભાઈ પરિખ, શ્રી દિલીપભાઈ જે. શાહ (અતિથી વિશેષ શ્રી કિરણભાઈ કે. શાહ પરિવાર), બીજેપી જૈન સેલ મલાડનાં શ્રી ભાવેશભાઈ દોશી, બોરીવલી મંડળનાં ટ્રસ્ટી શ્રી અનિલભાઈ ટોળીયા, પી.આર.ઓ. ટુ ટ્રસ્ટી શ્રી દિપકભાઈ ગાંધી, ઝાલાવાડી સભા પત્રિકાનાં તંત્રી શ્રી શરદભાઈ ગાંધી, સૌનું આગવું ઉમદા સન્માન સાથે ઉત્કૃષ્ટ બહુમાન કરવામાં આવ્યું હતું.

ઝાલાવાડ સંઘ સમાજરત્ન શ્રી દિલીપભાઈ શાહે હૃદયભાવો વ્યકત કરતા જણાવેલ કે આજે સમય કાઢીને આટલી સારી સંખ્યામાં આપ સૌ સંમેલનમાં સહભાગી થયા છો, તે બદલ સર્વેને અભિનંદન પાઠવું છું. યુવકો - યુવતિઓને તેઓની પસંદગી કરવામાં થોડું જતું કરીને પાત્ર પસંદ કરવાની તેઓએ શીખ આપેલ. બધાને બધુ નથી મળતું. થોડી બાંધછોડ કરીને અભ્યાસ - કુટુંબને મહત્વ આપશો. ઘર હોય તો થોડા ઝઘડા થાય. પરંતુ એવું નથી કે ઝઘડો થાય એટલે છુટા જ પડવાનું થાય. પેશન્સ લેવલ તમારુ થોડુ વધારો. ઝાલાવાડ સમાજ ભાયંદર ખૂબ સુંદર કાર્ય કરી રહયું છે.આજ રીતે આવા નવા નવા કાર્યો કરતા રહેશો. ઝાલાવાડ સંઘ આપ સૌની સાથે જ છે.

જૈન સમાજનાં પ્રખર હિતકારી શ્રી સી. વી. શાહે એક ખાસ વિનંતી કરી હતી કે જૈન સિવાય કાંઈ લગ્ન વિધી કરવી નહિ, તે સૌ અહિયાથી નકકી કરીને જશો. આપણે આના ઘણા બધા દાખલાઓ જોયા છે. ઘણી બધી છોકરીઓ હેરાન થાય છે. ખાસ કરીને છોકરીઓ પાછી આવે છે, અને ના ઘરની કે ના ઘાટની થઈ જાય છે. થોડુ જતું કરશો, થોડું ઓછું મળે, પણ મહેરબાની કરીને પરનાતમાં જતા નહિ. જૈનનાં જે સંસ્કાર છે તે તમને કાંઈ નહિ મળે. બહુ ધ્યાન રાખશો. ચેતવા જેવું છે. અને ચેતી જજો. ઘણા વરસોથી આવા

કાર્યક્રમો બંધ થઈ ગયા છે. પહેલા પરિવારનાં - સંઘનાં મોભીઓ, સંઘ -સમાજનું મહાજનને કારણે આપણને છોકરા - છોકરીઓનાં

રીપોર્ટ મળતા હતા. હવે જાણે મહાજન આપણું બંધ થઈ ગયું છે. પહેલા વાત ચલાવવા માટે કોઈ હતું. હવે કોઈનાં તરફથી રીપોર્ટ જ મળતા નથી, આથી છોકરા - છોકરીઓનું શોષણ થાય છે. આથી તેઓએ શ્રી મુકેશભાઈ શાહને જણાવેલ કે મારુ એક ખાસ સૂચન છે કે દરેક પરામાં એક મહાજન ઉભું કરો. આ માટે મારી કાંઈપણ જરૂર હોય તો હું તમારી સાથે છું. આજે જે આ આયોજન કરવામાં આવ્યું છે તે માટે દરેક આયોજકને, કાર્યકરોને આપણે ખૂબ ખૂબ વધાવીએ.

બોરીવલી મંડળનાં પ્રમુખ શ્રી પ્રફુલભાઈ સલોતે આર્શીવચન આપતા જણાવેલ કે માતાપિતા સંતાનોને મોટા કરે છે. તેઓને તેમના દિકરા કે દિકરી પાસે કાંઈક અપેક્ષાઓ હોય છે. આજના જમાનામાં પરિવારમાં કોમ્યુનિકેશન ગેપ છે. તેઓએ યુવાનો યુવતિઓને થોડું લેટ ગો કરવા જણાવેલ. તમારા જીવન માટે , તમારા માબાપ ખાતર થોડું જતુ કરજો. આજના જમાનામાં ઘણા પરિવારોમાં માબાપની શું હાલત છે એ આપણે જોઈએ છીએ. તેઓનું દિકરાઓ - દિકરીઓ માનતા નથી. જો તમારે તમારૂં જીવન સુધારવું હોય તો માબાપનું થોડું ઘણું માન રાખજો. માતાપિતાઓને પણ વિનંતી છે કે તમારા દિકરા - દિકરીઓની અપેક્ષાઓ પરિપૂર્ણ કરવા પ્રયત્નો કરજો. તમે એક હાથે આપશો તો બીજા હાથે મેળવશો. જયારે આ બધું નથી થતું ત્યારે મંડળોને, સમાજને આવા કાર્યો - આયોજનો કરવા પડે છે.

સમાજ ગૌરવ શ્રી અરવિંદભાઈ શાહે શીખ આપતા જણાવેલ કે યુવકો - યુવતિઓ વિશે ફોર્મ પેપરમાં તમોએ જે કાંઈ વિગતો ભરેલ છે, તેના ઉપરથી પરિચય સેતુ પુસ્તીકામાં વિગતો પ્રિન્ટ થઈ હોય છે. અમને વિશ્વાસ છે કે તમો આ ફોર્મ પેપરમાં સાચું જ લખશો. કારણ કે આ જીવનનો સંબંધ છે. આ જીવનનો પ્રસંગ છે. યુવકો - યુવતિઓ, માતાપિતાઓ આ કાર્યમા જયારે આગળ વધે ત્યારે તેના માટેની ઈન્કવાયરી કરી લેવી ખાસ જરૂરી છે. કારણ કે આ માટે મંડળ કે સમાજ કોઈ જવાબદાર નથી. આ કાર્ય - આયોજનમાં જોડાયેલા હોદેદારો, કાર્યકરો કે સમાજ કોઈ મેરેજ બ્યુરો ચલાવતા નથી. કે મેરેજ બ્યુરો ચલાવતા હોય એવી કોઈ કાંઈ ફી લેતા નથી. આ એક સારી અનુમોદનીય પહેલ કરવા માટે આ સમાજનાં હોદેદારો કાર્યકરોને, સમાજને તેઓએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતાં..

આ પરિચય મિલન માટે યુવક - યુવતીઓ બન્નેનાં મળીને લગભગ ૧૧૦ આસપાસ એન્ટ્રી ફોર્મો આવેલ હતા. માતા પિતા, વડિલો સાથે મોટી સંખ્યામાં યુવક - યુવતીઓ આ પરિચય મિલનમાં પધારી પોતાની ઓળખ પરિચય આપેલ હતા. મીટીંગ કરવા ઈચ્છુક યુવક - યુવતીઓની મીટીંગની સુંદર વ્યવસ્થા રાખવામાં આવી હતી. અને ઘણી બધી સફળ મીટીંગો થઈ હતી. યુવક - યુવતીઓ અને તેમના પેરેન્ટસનાં ખૂબ જ સુંદર બહોળા પ્રતિસાદ સાથેનાં આ સફળ આયોજનને તેઓ સૌએ આવકારીને ઝાલાવાડ સમાજ ભાયંદરને અભિનંદન પાઠવેલ. આ આયોજન કાર્યક્રમમાં સમાજ શ્રેષ્ઠીઓ, મહાનુભાવો, આમંત્રિતોની વિશેષ હાજરી રહી હતી. ઝાલાવાડ સમાજ ભાયંદરનાં શ્રી જીતેન્દ્રભાઈ શાહ (પ્રમુખ), શ્રી શૈલેશભાઈ શાહ, શ્રી મુકેશભાઈ શાહ, શ્રી રૂપેશભાઈ શાહ, શ્રી આષિશભાઈ શાહ, શ્રી કમલેશભાઈ શાહ તથા કારોબારી સભ્યો, દાતાશ્રીઓ, કાર્યક્રરોના સાથ, સહકાર અને સહયોગથી આ આયોજન ખૂબ જ સફળ બનતા સમાજ માટે આવકારદાયક રહયું હતું. યુવક - યુવતી પરિચયનો મીટીંગનો સફળ દૌર સતત મોડે સુધી ચાલુ રહયો હતો. કાર્યક્રમમાં પધારી શોભામાં અભિવૃદ્ધિ કરનાર સૌનો ઝાલાવાડ સમાજ ભાયંદર વતી શ્રી મુકેશભાઈ શાહે હૃદય પૂર્વક આભાર વ્યકત કરેલ હતો. બપોરનાં સ્વાદિષ્ટ ભોજનને માણીને સૌ સંતોષની તૃપ્તી પામતા છૂટા પડયા હતાં.

અહેવાલ : ઉપેન્દ્ર આર. શાહ

# સાંવત્સરિક ક્ષમાપના

**વિકારગ્રસ્ત દ્રષ્ટિ મલિનતા છે.**
**વિવેક સભર દ્રષ્ટિ પવિત્રતા છે.**

**આ પર્યુષણ મહાપર્વ માં મનરુપી ઘરમાં અનાદિકાળ થી બાઝેલા રાગ દ્વેષ રુપી જાળાને સ્વચ્છ કરવાના છે, આ મહાપર્વની આરાધના ત્યારેજ સફળ થશે જયારે આપણે સર્વ જીવો સાથે મૈત્રી ભાવ કેળવીએ.**

**જેમ વિચારો વર્તનનું ઘડતર કરેછે, તેમ વાતાવરણ વિચારોનું ઘડતર કરેછે.વર્તન ની વિશુધ્ધિ માટે વિચારો ની અશુધ્ધિ અગત્યની છે. તેમ વિચારોની વિશુધ્ધિ મા વાતાવરણની વિશુધ્ધિ અગત્યની છે. જેવું અન્ન એવું મન વિચારની અસર આચાર ઉપર થાય છે. બન્ને પરસ્પર સાપેક્ષ છે. વિચારોની ભ્રષ્ટતા જાતને ડુબાડે છે. અને આચાર ની ભ્રષ્ટતા અનેકોને ડુબાડે છે.**

**આ સાંવત્સરીક મહા પર્વની સંધ્યા એ અમારા તમામ અપરાધોની અતઃકરણ થી ક્ષમા ચાહુ છુ**

**'મીચ્છામી દુક્કડમ્'**

-તંત્રી અને પરામર્શક ઝાલાવાડ જૈન દર્શન
શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ-મુંબઈ

# Shree Zalawad Jain S. M. P. Foundation - Mumbai

## LAPTOP YOJNA 2026

**Empowering Education. Inspiring Success.**
**One Laptop. Endless Possibilities.**

### લેપટોપ યોજના ૨૦૨૬

**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ફાઉન્ડેશન દ્વારા આપણા સમાજના સાધર્મિક પરિવારોને વિવિધ યોજના દ્વારા સહાયરૂપ બની રહ્યું છે.**

આપ સર્વે જાણો છો કે આજનો સમય શિક્ષણનો છે. શિક્ષણ ક્ષેત્રે આપણા સમાજના વિધાર્થીઓ ઉચ્ચતમ પરિણામો પ્રાપ્ત કરી આગળ વધી શકે તે આજના સમયની જરૂરિયાત છે. આ અભ્યાસદરમ્યાન દરેક વિધાર્થી પાસે પોતાનું '**લેપટોપ**' હોય એ આજના અભ્યાસક્રમની તાતી જરૂરિયાત છે. આ '**લેપટોપ**' ની જરૂરિયાત પૂર્ણ કરવા માટે, શ્રી ઝાલાવાડ ફાઉન્ડેશન દ્વારા બે વર્ષ પહેલાં '**લેપટોપ યોજના**' જાહેર કરેલ, આ યોજના દ્વારા આજ સુધી લગભગ ૧૦૦ થી વધારે લેપટોપનું વિતરણ કરી ચુક્યા છે. આ વર્ષે પણ નીચેના નિયમોને આધીન આપણા શ્રી સંઘના આજીવન સભ્ય પરિવારના જે વિધાર્થી - વિધાર્થીનીઓને લેપટોપની જરૂરહોય તેમને લેટેસ્ટ ટેકનોલોજીનું લેપટોપ આપવામાં આવશે. (**ફક્ત મુંબઈ વિસ્તાર માટે જ**).

## Eligibility Criteria

* લેપટોપ ટોકન રકમ લઈ આપવામાં આવશે.
* આ યોજના માટે સંસ્થાએ તૈયાર કરેલ ફોર્મ જ ભરવાનું રહેશે.
* ૧૦ માં ધોરણમાં ઓછાં માં ઓછાં ૭૦% માર્ક મેળવ્યા હશે અને કોલેજમાં અભ્યાસ કરતાં હશે તેમને જ આપવામાં આવશે.
* પરિવારમાં એક કરતાં વધુ વિધાર્થી - વિધાર્થીની હોય તેમને અલગ અલગ ફોર્મ ભરવાના રહેશે.
* ફોર્મ સાથે માંગેલ વિગત, પ્રમાણ પત્રો, ડોક્યુમેન્ટ વગેરે સાથે મોકલવાના રહેશે.



**Because Every Dream Deserves the Right Start.**

**For More Information**
**Contact : 9321843452**

# SHREE ZALAWAD JAIN SWETAMBER MURTIPUJAK FOUNDATION

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ફાઉન્ડેશન

Estd. 1994

Office : 802/803, New India Heights, 8th Floor, Old Police Lane, Opp. Andheri Railway Station, Andheri (East), Mumbai 400 069. • **Tel:** 9321 843 452 • **Email:** foundationzalawad@gmail.com • **Web:** www.zalawadjsmfoundation.org

પ્રેરકદાતાઃ
સમાજરત્ન શ્રેષ્ઠીવર્ય શ્રી અમૃતલાલ પોપટલાલ મણીયાર પરિવાર

સૌજન્યદાતાઃ
શ્રીમતી શ્રીલેખાબેન અનંતરાય શાંતિલાલ શાહ પરિવાર

આધાર સ્તંભઃ સમાજરત્ન શ્રી ચીનુભાઇ હીમતલાલ શાહ ● શ્રી વિનોદરાય તારાચંદ શેઠ ● સમાજરત્ન શ્રી દિલીપભાઇ ખીમચંદ શાહ

STUDENTS PHOTO

## APPLICATION FORM - લેપટોપ યોજના 2026

**Eligibility Criteria:**

- Scored 70% Or More In SSC Exam
- Student should be studying in College.
- More than 1 student in a family, 2 separate applications to be made.

**APPLICATION DATE:** ____________________

**DECLARATION:** I declare that the below mentioned details are true and I have not received any Laptop before / under any government schemes and / or from any other charitable Trust. during last 3 yrs.

**STUDENTS SIGNATURE**

**SANGH MEMBERSHIP NO:** ____________________

**MEMBER NAME:** ____________________

**RESIDENTIAL ADDRESS:** ____________________

____________________

____________________

**EMAIL ID:** ____________________

**FATHER'S MOBILE NO:** ____________________ **STUDENTS'S MOBILE NO:** ____________________

**ANNUAL FAMILY INCOME (BUSINESS / SALARIED) ₹:** ____________________

| SR.# | NAME OF FAMILY MEMBERS | RELATIONSHIP WITH MEMBER | AGE | SIGNATURE |
|---|---|---|---|---|
| 1) | | FATHER | | |
| 2) | | MOTHER | | |
| 3) | | STUDENT | | |

**EDUCATION COURSE:** ____________________

**NAME OF LOCAL MANDAL COMMITTEE MEMBER:** ____________________

**MOBILE NO.:** ____________________ **SIGNATURE:** ____________________

**PHOTOCOPY OF FOLLOWING DOCUMENTS TO BE ATTACHED WITH APPLICATION: 1.)** SHREE ZALAWAD JAIN S.M. SANGH MEMBERSHIP'S COPY MUMBAI. **2.)** LATEST SOCIETY BILL/ RENT RECEIPT. **3.)** AADHAR CARD. **4.)** RATION CARD. **5.)** LATEST LAST RESULT. **6.)** COLLEGE FEE RECEIPT. 7) Last Year Income Tax Return Copy 8) Last Date 25 Sep. 2026

**FOR OFFICE USE ONLY:** DATE OF RECEIPT OF APPLICATION FORM: ____________________

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ – મુંબઈ

## ❖ ડીજીટલ ઝાલાવાડ ❖

સમય ડીજીટલ યુગનો છે આવનાર સમયમાં આપણા સમાજનો વિકાસ વેગવંતો બનાવવા આપણા સમાજને પણ ડીજીટલ યુગ સાથે કદમ મિલાવવા પડશે. આવનાર સમયની જરૂરિયાતોને જાણીને - સમજીને આપણા સમાજે પણ ડીજીટલમાં પ્રવેશ કરેલ છે. ઝાલાવાડ ડીજીટલ કમીટી દ્વારા ફક્ત ૧ મોબાઈલ વોટ્સએપ નંબર નક્કી કરવામાં આવેલ છે. આપણા સમાજનો ડીજીટલ વોટ્સએપ ચેટ બોટ નંબર **૯૦૭૬૩૪૨૮૧૮** (**Whatsaap Chat boat No. 9076342818**) આપવામાં આવેલ છે.

આપણા સમાજની સંસ્થાઓ શ્રી ઝાલાવાડ સંઘ / શ્રી ઝાલાવાડ ફાઉન્ડેશન / ઝાલાવાડ બીઝનેશ ફોરમ / ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટમાં ચાલતી તમામ પ્રવૃત્તિઓ - માહિતીઓ સાથે યોજનાઓ - આયોજનો તેમજ સમાજમાં આવતા પ્રસંગો - કાર્યક્રમોની વિગતો આ નંબર ઉપરથી મળી શકે છે. આપણા સમાજની દર મહીને પ્રકાશિત થતી **'ઝાલાવાડ જૈન દર્શન'** પત્રિકાની **PDF** ફાઈલ પણ ઉપરોક્ત મોબાઈલ નંબર ઉપરથી મળી શકશે.

આપણા શ્રી સંઘની વેબસાઈટ : **www.zalawadjainsangh.org** ઉપર દરેક મહિનાની **'ઝાલાવાડ જૈન દર્શન'** પત્રિકાની પી.ડી.એફ. ફાઈલ મૂકવામાં આવે છે.

આપણા શ્રી સંઘ દ્વારા **WhatsApp Community Group** ચાલુ કરવામાં આવેલ છે. જે સભ્યશ્રીને ખાસ જોડાવવા વિનંતી. જોડાવા માટે નીચે જણાવેલ મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરવો

**મિતેશભાઈ - ૯૮૨૦૮૯૯૨૩૯ પ્રતીકભાઈ - ૯૯૬૭૯૯૬૬૪૫**

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. ફાઉન્ડેશન

**ઝાલાવાડ ફાઉન્ડેશનના કોઈપણ કાર્ય કે માહિતી, જાણકારી, મેડીક્લેઈમ, મેડીકલ સહાય, કોલેજના ફી ના ફોર્મ માટેની જાણકારી માટે ફક્ત નીચેના મોબાઈલ નં. ઉપર સંપર્ક કરવો.**

**સમય : ૧૧ થી ૫.૩૦ સુધી** **મો.: ૯૩૨૧૮૪૩૪૫૨**

**ન્યુ ઈંડિયા હાઈટ્સ,**
**૮મે માળે, જીવનધામ સોસાયટી પાસે, ઓલ્ડ પોલીસ લેન,**
**અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૯**

**જૈન જગતમાં જાણીતુ -માનીતુ શ્રુત સંદેશવાહક**
**શતાબ્દી તરફ પ્રયાણ કરતું અગ્રેસર માસિક**

## ''કલ્યાણ''

**કાર્યાલય : 'કલ્યાણ પ્રકાશન મંદિર'** કૈલાસ ચેમ્બર,
આર. પી.પી. ગર્લ્સ સ્કૂલ સામે,
સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૧ (ગુજરાત)
**મો. ૯૪૦૯૨૬૯૯૫૫**

**લવાજમ** ❖ ૫ વર્ષ રૂા. ૫૦૦/-
❖ ૧૦ વર્ષ રૂા. ૧૦૦૦/-
❖ આજીવન રૂા. ૨૦૦૦/-

**જાહેરાત** ❖ અડધુ પાનુ રૂા. ૧૫૦૦/-
❖ આખુ પાનુ રૂા. ૨૫૦૦/-
❖ કલર પેજ રૂા. ૬૦૦૦/-

બેંક SBI A/c No. 66012 203633. બ્રાન્ચ કોડ 6498
IFSC SBIN0006498 કલ્યાણ પ્રકાશન મંદિર

**લવાજમ તથા જાહેરાત માટે**
**ધીરૂભાઈ શેઠ - ૯૮૨૧૬ ૭૩૩૫૦**
**તંત્રી : કલ્પકકુમાર શેઠ**
**સૌજન્ય-(ટ્રસ્ટી) ધીરૂભાઈ એમ. શેઠ**

## શ્રી ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ

**ઝાલાવાડી સમાજ પરિવારના સંતાનોને હાયર એજ્યુકેશન - માસ્ટર્સ ડીગ્રી કોર્સ જેમ કે M.S., M.B.A., M.Com., M.Sc., C.A., ભારત માં કે USA / UK માં કરવાની ઈચ્છા હોય તો આપણાં ટ્રસ્ટ દ્વારા નાણાકીય લોન દ્વારા સહાય કરવામાં આવે છે.**

**Website : www.zalawadglobaleducation.org**
**અથવા**
**કિરણભાઈ શાહ - ૯૮૨૧૦૫૨૭૦૫**
(સાંજના ૫ થી ૭ દરમ્યાન જ) સંપર્ક કરશો.


Dhimant Shah
+91 90295 21575

Er. Aakash Shah
B.E Automobile, A.D.A.M., C.D.E. (Mercedes Benz)
+91 89766 69545

AUTO WORLD®
Complete Car Solutions

+91 93242 06784 / +91 89766 33099

**Workshop :** Unit No.3, MCGM Market, Arvind Malkan Marg, Nr. Kapol Vidhyalaya, Mahavir Nagar, Kandivali (W), Mumbai - 67.
**M.: 9324206784 / 8976669545 / 9029521575**

+91 9321463225

- CAR REPAIR & SERVICES
- CAR PARTS & ACCESSORIES
- CAR SCANNING
- CAR DIAGNOSTIC CENTER
- INSURANCE & RTO CONSULTANTS
- CASHLESS INSURANCE CLAIMS **
- INTERIOR CLEANING & POLISHING
- CAR A/C. INSTALLATION & REPAIR
- FREE PICKUP & DROP SERVICE AVAILABLE
- COMPUTERISED KEY MAKING
- TIRE & BATTERIES
- DENTING & PAINTING
- CAR MODIFICATION
- NEW CAR BOOKING
- PRE OWNED CARS
- CAR FINANCE
- TOWING SERVICE AVAILABLE

SPECIALIZED IN PREMIUM CAR REPAIRS
Special Discount on labour for Members upto 20%*
customer.autoworld@gmail.com www.autoworldindia.in

## કડવું સત્ય

છાશવારે બજારમાં અને હોટલમાં જમવા જતા મૂર્ખ લોકો અને પતિદેવો ને પરાણે બહારનું જમવા ઢસડી જતી આળસુ પત્નીઓ માટે આ લેખ છે.

લેખકઃ ડૉ. શરદ ઠાકર

આજે વાત આરોગ્યની જાળવણી વિશે કરવી છે. બહારનું ખાવા-પીવા વિશે મને જે અંગત અનુભવો થયા છે એનું જ આ નિરૂપણ છે. કોઇએ બંધબેસતી પાઘડી માથે પહેરી લેવાની જરૂર નથી. ભરતભાઇ સોની પુત્રજન્મના સમાચાર જાણીને હરખથી ઊછળી પડ્યા. દરેક સ્ટાફ મેમ્બરને પાંચસો-પાંચસો રૂપિયા આપી દીધા. રાજકોટના પ્રખ્યાત કેસર પેંડાનું એક કિલોનું બોક્સ લઇ આવ્યા. મારા ટેબલ પર મૂકી દીધું.

મેં વિનય કર્યો, 'ભરતભાઇ, આટલું બધું ના હોય. હું પાંચ-છ પેંડા રાખી લઉં છું.' એ બોલ્યા, 'અરે! આ તો કંઇ નથી સાહેબ! મારા ઘરમાં ૪૦ વર્ષ પછી દીકરો જન્મ્યો છે. ચાર દીકરીઓ થયા પછી આ કુંવર આવ્યો છે. તમને તો મારે ડિનર માટે લઇ જવા છે.'

સામાન્ય રીતે હું દર્દીઓ સાથે મારા ક્લિનિકની ચાર દીવાલોની બહારનો સંબંધ બાંધતો નથી, પણ જ્યારે કોઇ જેન્યુઇન પ્રેમ ઠાલવે ત્યારે ઝૂકી જઉં છું. ભરતભાઇનો પ્રેમાગ્રહ સ્વીકારીને મેં હા પાડી દીધી.

થોડા દિવસ સુધી તો ડિનર માટે જવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો ન હતો. મેં ભરતભાઇનાં પત્નીને ત્રણ મહિના સુધી તકલીફ ન આપવાનું વિચાર્યું હતું. એ મર્યાદા પૂરી થઇ ગઇ તે પછી એક દિવસ ભરતભાઇનો ફોન આવ્યો, 'સાહેબ, આજે સાંજે તૈયાર રહેજો. હું મારી કારમાં તમને લેવા માટે આવું છું. તમે અને મેડમ અને મારું ફેમિલી. અમારા વિસ્તારની એક સારી રેસ્ટોરાંમાં ડિનર લેવા જઇશું.'

અમે તૈયાર હતાં. ભરતભાઇ, પ્રિયાબહેન અને ચાર દીકરીઓ વત્તા એક નાનો ટેણિયો. એમની કાર મોટી હતી. બધાં બેસી ગયાં. નદીની પેલી બાજુના એરિયામાં આવેલી એક મોંઘી અને પ્રખ્યાત રેસ્ટોરાંમાં એ અમને લઇ ગયાં. ભરતભાઇએ સવારથી ટેબલ બુક કરાવી રાખ્યું હતું. ભવ્ય એમ્બિયન્સ હતું. આરામદાયક ખુરશીઓ હતી. સજાવટ પામેલું ડિનર ટેબલ હતું. સુઘડ, સફાઇદાર યુનિફોર્મ ધારણ કરેલા વેઇટર્સ હતા. સ્ટુઅર્ડ આવી અને ઓર્ડર પૂછવા લાગ્યો. ત્યાં સુધીમાં એક વેઇટર આવીને ઝગારા મારતી ક્રોકરી ગોઠવી ગયો. નેપ્કિન્સ સુંદર હતા. ભરતભાઇ વાનગીઓ લખાવતા હતા ત્યારે અચાનક એક ઘટના બની. કાઉન્ટર પર બેઠેલા મેનેજર ઊભા થઇને અમારી પાસે આવ્યા. મને ઉદ્દેશીને પૂછવા લાગ્યા, 'સર, દિવ્ય ભાસ્કરમાં કોલમ લખો છો એ તમે જ ને? એમાં તમારો ફોટો આવે છે એટલે હું ઓળખી ગયો.'

મારા માટે આ કોઇ નવાઇ પામવાની કે અભિમાન કરવા જેવી વાત ન હતી. ૨૫ વર્ષથી છાપે ચડેલા માણસ હોઇએ એટલે બે-પાંચ માણસો ઓળખી પણ જાય. મેં સહજતાપૂર્વક કહ્યું, 'હા, એ જ હું.''સાહેબ, એક વિનંતી છે. અમારા કિચનમાં કામ કરતો હેડ કૂક લાંબા સમયથી પરેશાન છે. એને ચામડીનો પ્રોબ્લેમ છે. તમે એને સાજો કરી આપશો?' 'ભાઇ, હું ચામડીનો ડોક્ટર નથી. હું તો...'

મેનેજર કેડો મૂકે તેમ ન હતો. 'સાહેબ, તમે એક વાર જોઇ તો લો. પછી તમને લાગે તો બીજા કોઇ સારા ડોક્ટરનું નામ સજેસ્ટ કરજો.' મેનેજરની વિનંતી સાવ જ અસ્થાને હતી, પણ એ જે ભાવ સાથે કહી રહ્યો હતો, એની અવગણના હું ન કરી શક્યો. હું ઊભો થયો અને એની પાછળ જવા લાગ્યો. એ મને કિચનમાં લઇ ગયો. કિચનના બારણા પર મોટા અક્ષરોમાં સૂચના લખેલી હતીઃ 'ઓન્લી ફોર સ્ટાફ મેમ્બર્સ'. મને એ વાંચીને આશ્ચર્ય થયું; કયો એવો ગધેડો ગ્રાહક હશે જે વગર પૂછ્યે કિચનમાં ઘૂસી જાય?!

કિચનમાં પગ મૂકતાં જ મને આઘાત લાગ્યો. અમે ડિનર માટે જ્યાં બેઠાં હતાં એના કરતાં અહીં નું વાતાવરણ તદ્દન જુદું હતું. ભયંકર વાસ મારતું કિચન હતું. વોશબેસિન પાસે ડિશવોશર પડ્યું હતું. એની બાજુમાં એંઠવાડ ભરેલું પીપડું પડ્યું હતું. ઉંદરડાઓ દોડાદોડી કરતા હતા. દરેક ઉંદરનું કદ સસલા જેવડું હતું. એક ખૂણામાં સડેલાં શાકભાજી પાથરેલાં હતાં. એમાં ઇયળો ખદબદતી હતી. કર્મચારીઓ માઇક્રોવેન ઓવન અને ગેસ સ્ટવ પર અલગ અલગ વાનગીઓ તૈયાર કરી રહ્યા હતા. કોલ્ડ સ્ટોરેજમાં કેટલાય દિવસથી સંઘરી રાખેલી બે-ત્રણ જાતની ગ્રેવી કાઢીકાઢીને એ લોકો સબ્જી બનાવી રહ્યા હતા, પણ સૌથી મોટો આઘાત તો હવે આવવાનો હતો. હેડ કૂક પ્લેટફોર્મના બીજા છેડા પર બેસીને આટો ગુંદી રહ્યો હતો. મેનેજર મને એની પાસે લઇ ગયા. એમણે કહ્યું, 'આ ડોક્ટરસાહેબ છે. તને જે થતું હોય તે જણાવી દે. એ તને સારી દવા લખી આપશે.'

એ માણસે એનો જમણો પગ ઊભો કર્યો અને પિંડી ખુલ્લી કરી અને મારી સામે ધરી દીધી. ત્યાં ઘૂંટી આગળ મોટું ઘારું પડ્યું હતું. જોતાંવેંત હું સમજી ગયો કે એ દૂઝતું ખરજવું હતું. ઘૂંટીથી વિસ્તરીને એ પગની આંગળીઓ સુધી લંબાયેલું હતું. એમાંથી ભયકંર દુર્ગંધ ઊઠતી હતી. પરુ જેવું ચીકણું પ્રવાહી એમાં બાઝેલું હતું. એ માણસે મને કહ્યું, 'સાહેબ, આખી રાત હું ઊંઘી શકતો નથી. ખૂબ જ ખંજવાળ આવે છે. અહ બેઠો છું તો પણ ખંજવાળ્યા વગર રહી શકાતું નથી. કેટલાય રૂપિયા ખર્ચી નાખ્યા પણ મટતું નથી.' આવું કહીને એણે લોટવાળી આંગળીઓ એ ઘારા પર મૂકી દીધી અને વલૂરવા લાગ્યો. એની આંગળીઓ પર લોહી અને પરુ બાઝી ગયાં. હું હજી કંઇક કહું કે સમજાવું તે પહેલાં તો એણે એ જ હાથ વડે ફરીથી આટો ગુંદવા માંડ્યો.

આ મેં જાતે જોયેલી કડવી પણ સત્ય હકીકત છે. મેં એને શું સલાહ આપી એ વાત અહીં અપ્રસ્તુત છે, પણ અમદાવાદ જેવા શહેરના પોશ એરિયામાં આવેલી એક મોંઘી રેસ્ટોરાંના કિચનની અંદરની આ વાસ્તવિકતા છે. હું બહાર આવીને ડિનર ટેબલ પાસે મારી ખુરશીમાં બેસી ગયો. માત્ર એટલું જ બોલી શક્યો, 'ભરતભાઇ, મને જરા પણ ભૂખ નથી. હું માત્ર આઇસક્રીમ લઇશ.' (આવી જ રીતે એક વાર અનાયાસ હું એક આઇસક્રીમ બનાવતી ફેક્ટરીમાં જઇ ચડ્યો હતો. ત્યાંની ગંદકી જોયા પછી મને લાગ્યું કે બધી કંપનીઓના આઇસક્રીમ્સ પણ ખાવા જેવા નથી હોતા. હું હરગિજ એવું કહેવા નથી માગતો કે ભારતની

તમામ રેસ્ટોરાંમાં આવું જ ચાલતું હશે, પણ હું એક સૂચન તો અવશ્ય કરીશ કે ગમે તેટલી સારી રેસ્ટોરાંમાં જમવા બેસતા પહેલાં એક નજર એના કિચનમાં કરી લેવી જરૂરી છે. જોકે, મોટા ભાગની રેસ્ટોરાંમાં કિચનમાં પ્રવેશ કરવાની મનાઇ હોય છે. શા માટે એ ભગવાન જાણે ?

બીજી એક ઘટનામાં અમે ચાર-પાંચ મિત્રો સપરિવાર ડિનર માટે ગયા હતા. એક ડોક્ટરમિત્રની સાથે એનું નાનું બાળક પણ હતું. એ બાળક માટે એની મમ્મીએ જરૂર પડે તો પીવડાવવાના આશયથી દૂધ પણ લીધું હતું. અમે જમતાં હતાં ત્યારે એ બાળકે રડવાનું ચાલુ કર્યું. એ મિત્ર દૂધ ભરેલું પાત્ર લઇને ઊભા થયા અને વેઇટરને વિનંતી કરી, 'મને બે મિનિટ માટે કિચનમાં જવા દેશો ? આ દૂધ ઠંડું થઇ ગયું છે. મારે એ ગરમ કરવું પડશે.'

વેઇટરે ના પાડી દીધી, 'લાવો, હું ગરમ કરી લાવું.' પણ મિત્રે જીદ પકડી કે દૂધ વધારે ગરમ નથી થવા દેવાનું, માત્ર નવશેકું જ રાખવાનું છે. એને કેટલું ગરમ કરવું એ માત્ર હું જ જાણું છું. એટલે વેઇટરે હા પાડવી પડી. એ મિત્ર કિચનમાં ગયા એવા જ પાછા આવ્યા. અમને કહેવા લાગ્યા, 'પ્લીઝ, કોઇ એક પણ વાનગી ખાશો નહી. અહી નું કિચન તો ઉકરડા કરતાંય વધારે ગંદું છે.' મેનેજર સાથે ઝઘડો કરીને અમે નીકળી ગયાં.

ફરીથી કહું છું કે આ વાત બધાને લાગુ નથી પડતી. અત્યારે ચોમાસાના દિવસો ચાલે છે. નેવું ટકા બીમારીઓ પ્રદૂષિત પાણી અને ગંદા ખોરાકથી ફેલાય છે. સમજદાર વાચકોએ પોતાનું આરોગ્ય જાળવી રાખવા માટે બહારનું ખાવાની વૃત્તિ પર સંયમ રાખવો જોઇએ.

આ તો સારી કહેવાતી રેસ્ટોરાંની વાત થઇ. ખૂમચાઓ, તાવડાઓ કે લારીઓમાં વેચાતી વાનગીઓની તો વાત જ કરવા જેવી નથી. અહી મારો ઉદ્દેશ કોઇને દોષ આપવાનો નથી, પણ વાનગીઓ બનાવતા માણસોની અજ્ઞાનતા, આરોગ્ય વિશેની અપૂરતી જાણકારી, પૈસાનો લોભ અને શારીરિક બીમારીઓની હાજરી આ બધું લક્ષમાં લેવાવું જોઇએ. ઘરની ગૃહિણીએ બનાવેલી વાનગીઓ કદાચ બહારના જેટલી ચટાકેદાર ન હોય તો પણ એમાં ચોખ્ખાઇ હશે, પ્રેમ હશે અને આરોગ્ય હશે.

અમદાવાદ. લેખકઃ ડૉ. શરદ ઠાકર,

**અગત્યની સૂચના**

ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. સંઘના પરા મંડળો, મહિલા મંડળો તેમજ યુવા મંડળોના પદાધિકારીઓ વિનંતી સહ ખાસ જણાવવાનું કે આપશ્રીના મંડળોના માસિક અહેવાલો, સમાચાર મોડામાં મોડા દર મહિનાની ૨૫ તારીખ સુધીમાં અંધેરી ઓફિસ - ઈસ્ટ ખાતે ૧૧.૦૦ થી ૫.૦૦ વાગ્યા સુધીમાં મોકલી આપવા. જે સદર મંડળોનાં છાપેલા લેટરહેડ ઉપર લખનાર વ્યક્તિના નામ, મોબાઈલ નંબર અને સહી કરેલ હોવા જરૂરી છે. સદર વ્યવસ્થા હવે પછીથી કાયમી અમલમાં રહેશે તો આ બાબત આપ સર્વના સહકારની અપેક્ષા. સગપણ બાયોડેટા તથા શ્રધ્ધાંજલીની વિગત મોકલતી વખતે ઓપન ફાઈલ ઈમેઈલથી મોકલવાની રહેશે.

લિ. તંત્રી



## કોમળ અને કઠોર



ચીનના મહાન તત્ત્વચિંતક અને દાર્શનિક સંત કન્ફ્યુશયસનો અંતિમ કાળ નજીક આવી રહ્યો હતો. એમના શિષ્યો એમની પથારીની આસપાસ એમને વ ટળાઈને બેઠા હતા.

એમાંનો એક શિષ્ય બોલ્યો : 'ગુરુજી આપ છેલ્લા શ્વાસ ઘૂંટી રહ્યા છો. અમને તમે કશોક અંતિમ સંદેશો આપો.'ગુરુએ કહ્યું : 'અંતિમ ઉપદેશ આપું તે પહેલાં તું મારા મોઢામાં જરા નજર કર અને જોઈ લે કે મારા મોઢામાં જીભ સલામત છે કે નહિ ?'

શિષ્યે ગુરુના મોંમાં નજર કરી કહ્યું :

'અરે, આપની જીભ તો પૂરેપૂરી સલામત છે ! 'તો હવે મારા મોંમાં નજર કરીને સંદેશો આપો.'

ગુરુએ કહ્યું : 'અંતિમ ઉપદેશ આપું તે પહેલાં તું મારા મોઢામાં જરા નજર કર અને જોઈ લે કે મારા મોઢામાં જીભ સલામત છે કે નહિ ?'

શિષ્યે ગુરુના મોંમાં નજર કરી કહ્યું :

'અરે, આપની જીભ તો પૂરેપૂરી સલામત છે ! 'તો હવે મારા મોંમાં નજર કરીને એ જોઈ લે કે દાંત સલામત છે કે નહિ ?'

શિષ્ય ગુરુના મોંમાં નજર કરી કહ્યું :

' આપના મોંમાં તો એક પણ દાંત નથી. બધા જ દાંત પડી ગયા છે !'

ગુરુએ પૂછ્યું : 'તો પછી બધા દાંત ગયા ક્યાં ? જન્મ સાથે જીભ હતી, અને દાંત તો પાછળથી આવ્યા હતા ! છતાં એક પણ દાંત મોંમાં રહ્યો નહિ ? બધા દાંત પડી ગયા ! આ તો આશ્ચર્યની અવધિ કહેવાય !'

શિષ્યો કશો જવાબ આપી શક્યા નહિ કે જીભના પછી દાંત આવ્યા હોવા છતાં દાંત કેમ વિદાય થઈ ગયા અને જીભ કેમ સલામ રહી ?

શિષ્યો આનો કોઈ જવાબ આપી શક્યા નહિ, એટલે કન્ફ્યુશયસે જ કહેવા માંડ્યું : 'જુઓ, એનું કારણ હું તમને જણાવું છું. જીભ કોમળ છે એટલે જ તે હજી પણ મોજૂદ છે, જ્યારે દાંત કઠોર હોવાથી તે વહેલા નાશ પામ્યા !'

શિષ્યોને વગર કહ્યે ગુરુનો અંતિમ ઉપદેશ સમજાઈ ગયો : જેનો સ્વભાવ કોમળ એ જ ઉત્તમ છે અને જેનો સ્વભાવ કટુ ને કઠોર છે એ માણસ અધમ છે !

આથી મનુષ્યે સ્વભાવને કઠોર કે કટુ નહિ બનવા દઈને તેને સદા કોમળ અને મીઠો રાખવો જોઈએ.

સંકલન : સ્વ. ગીરધરલાલ એ. કુવાડીયા

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિ પૂજક સંઘ-મુંબઈ નાં કેળવણી સહાયવિભાગ ના મુખ્ય દાતા








**શ્રી અનંતરાય શાંતીલાલ શાહ**

**શ્રીમતી શ્રીલેખાબેન અનંતરાય શાહ**

ઝાલાવાડના સુરેન્દ્રનગર જિલ્લાના નાનકડા ગામ મુળીના વતની શ્રી અનંતરાયભાઈ એટલે ખરેખર 'દલાશા પરિવાર' નું ગૌરવ ગણાય. શ્રી ઝાલાવાડ ફાઉન્ડેશનના સૌજન્યદાતા તથા શ્રી ઝાલાવાડસંઘ નાં કેળવણી સહાયવિભાગ ના મુખ્ય દાતા શ્રી અનંતરાયભાઈ હાલ ૯૬ વર્ષની ઉંમરે સક્રિય રહી સમાજ ઉપયોગી જરૂરિયાતમંદ પરિવારોને શૈક્ષણિક - તબીબી સહાય કરી રહ્યા છે.

આ જિંદાદિલ ઝાલાવાડી કેળવણી અને સાધર્મિક ભક્તિના પ્રખર હિમાયતી શ્રી અનંતરાયભાઈ એ સમાજના પરિવારોને વધુમાં વધુ ઉપયોગી બની સહાયરૂપ થવું તે બાબત લક્ષ્યમાં રાખી સખાવત કરી. સાથે ગતમાસમાં નાલાસોપારામાં ગ્રાઉન્ડ ફલોરમાં રહેતા ઝાલાવાડી પરિવારોના ફલેટોમાં પાણી ત્રણ દિવસ સુધી ભરાયેલા રહ્યા. આર્થિક સંકટ માં ઘરવખરી - ગટરના વરસાદ ના પાણીથી ખરાબ થઈ ગયેલા એવા નવ પરિવારોને રૂ. ૧૦,૦૦૦/-(પરિવાર દિઠ) કુલ રૂ. ૯૦,૦૦૦/- હજાર આપી વિશેષ મદદ કરી. ધોરણ ૧ થી ૧૦ માં ભણતા સમાજનાં પરિવારના બાળકોને ફી પેટે વિશેષ આર્થીક સહાય રૂ. પાચ લાખ (શ્રી સંઘે આપેલ રકમ સિવાય ) આપી સમાજ ના ઘણોજ ટેકા રૂપ રાહત થયેલ છે.

તેમણે શૂન્યમાંથી સર્જન કર્યું છે. જાત મહેનત - પરિશ્રમ - ભણતર કરતા ગણતરના સર્જક એવા શ્રી અનંતરાયભાઈ એટલે સાદાઈનું પ્રતીક, ક્યાંય ડોળ નહિં, દેખાડ નહિં, દંભ નહિં, કોઈ માન સન્માનની અપેક્ષા નહિં. એવા આ હિરલાને તેમની ઉદારતાને સમજવામાં આપણે ઘણાં વર્ષો પછી ઓળખી શક્યા છીએ. તેઓએ ધંધાકીય નિવૃત્તિ જરૂર લીધી છે પરંતુ આજે ૯૬ વર્ષની જૈફ વયે પણ ખુબજ સરળતાથી સામાજિક સેવાના કાર્યો સારી રીતે થઈ શકે તેવી ભાવનાથી નિયમિત રૂપે પોતાની ડોક્યાર્ડની ઓફીસે બેસી વિવિધ સેવા કાર્યોમાં ઓતપ્રોત રહે છે. પોતે શરૂ કરેલ 'શ્રીલેખા અનંતરાય ચેરીટેબલ ટ્રસ્ટ'ના માધ્યમથી શૈક્ષણિક ક્ષેત્રે - તબીબી ક્ષેત્રે - સાધર્મિક ભક્તિ ક્ષેત્રે જરૂરિયાતમંદ પરિવારોને ખુબજ ઉદારતાથી ભક્તિ કરે છે.

થોડા વર્ષોની વારંવાર મુલાકાતમાં શ્રી અનંતરાયભાઈ ઘણી વખત કહે છે કે ''સમાજની આરસી જ્યારે આપણને આપણું સ્વચ્છ અને ચોક્ખું પ્રતિબિંબ દેખાડતી હોય ત્યારે આપણે દર્પણ સામે ઉભા રહેવાની શું જરૂર છે ? મારે તો પરમ કૃપાળું વિતરાગ પરમાત્માની અસીમ કૃપાથી જે મળ્યું છે તે સમાજ માટે વાપરવું છે''

આવા આપણા ઝાલાવાડી પરિવારને વિતરાગ પરમાત્મા સદાય સુખ-સમૃદ્ધિ-શાંતિથી ભરપુર તંદુરસ્તીભર્યું નિરામયી જીવન આપે, તેઓને અનેકવિધ સમાજ સેવાના કાર્યો કરવાની શક્તિ આપે.



AERQON
AVIATION ACADEMY
EVER DREAMT OF
FLYING HIGH?
LET'S TURN THAT DREAM
INTO A REALITY.
AERQON Aviation Academy helps aspiring pilots and their parents understand the complete journey from the very first step to your pilot career and beyond.
Pilot • Founder
Jimit vijay Bagadia
AERQON AVIATION ACADEMY
COMPLETE DGCA GROUND TRAINING
• Air Navigation
• Air Regulations
• Air Meteorology
• Technical General
• Radio Telephony
We teach all ground subjects part of the DGCA syllabus.
BEFORE YOU FLY
Guidance for:
• Class 1 & Class 2 Medicals
• DGCA Computer Number
• DGCA Examination Preparation
Step-by-step support at every stage.
CHOOSE YOUR PATHWAY
Indian & Global
Pilot Training Pathways
Guidance on:
• India • USA • South Africa Canada & more
Understand the training process, investment, duration, licensing & career pathway.
WHY AERQON?
• Pilot-led Guidance
• Experienced Faculty
• Concept-focused Ground Training
• Personalised Career Guidance
• Student & Parent Support
COMPLETE DGCA SYLLABUS
ONLINE SESSIONS
DOUBT SUPPORT
FOCUSED ON YOUR SUCCESS
+91 9594-320-737
info@aerqonaviation.com
@aerqonaviation
Mumbai
AERQON AVIATION ACADEMY.
PILOT CAREER • GROUND TRAINING • INDIAN & GLOBAL PATHWAYS

ZALAWAD BUSINESS FORUM
*Presents*

# OLYMPICS 2026

ZBF

Registration:
tiny.cc/zbfolympics




Sponsored by

**MANBA FINANCE**

Badminton • Chess • Carrom
FootBall • KhoKho
Lemon Spoon • PickleBall
Relay • Swimming • Sprint
Table Tennis • Two Leg Race
Tug of War • Volley Ball

**Associate Sponsors**

House of SHWE

SAMYAK DYAN FOUNDATION

**Eligibility**

All members of the **Zalawad Shwetambar Murtipujak Sangh** are welcome to participate. Married daughters of the Sangh, even if married into another caste, are also eligible to participate along with their husband and children's.

**Trophy Sponsor**

C. M. GANDHI GROUP

**CONVENORS**

PARAG SANGHVI (Vile Parle)
9320838303

SAMIR SANGHVI (Malad)
9820518770

POOJA SHAH (Mulund)
9167575495

UPASSANA SANGHVI
80808 38303

One Community ★ One Spirit ★ One Goal

ZBF
ZALAWAD BUSINESS FORUM

ZBF PREMIER LEAGUE
ZPL

# SEASON 3

## THE FLASHBACK

**GLIMPSE OF THE ACTION THAT MADE SEASON 3 UNFORGETTABLE!**








Moments



Madness





Memories



**GET READY NOW FOR NEW BATTLE**

**THE GAME NEVER STOPS...**

**SEASON 4 IS COMING SOON ON 26th JANUARY 2027**

ZBF
ZALAWAD BUSINESS FORUM

ZBF PREMIER LEAGUE
ZPL

# SAMARTH CUP
# SEASON 4
## Turf Cricket Tournament

## WHERE THE **COMMUNITY** UNITES FOR **CRICKET!**

HIT THE TURF & RULE THE GAME!

## Save the Date

**26th January 2027**

**VENUE WILL ANNOUNCE SOON!**

- Music & Entertainment
- Team Introductions
- Fun Activities

sponsored by

**SAMARTH**
LIFE SCIENCES PVT.LTD.

### Conveners for the Event

| | |
|---|---|
| Mitul Shah | +91 98198 80029 |
| Bankim Mathukia | +91 98690 15270 |
| Yogesh Narichania | +91 93245 05855 |
| Pratik Shah | +91 99679 96645 |
| Bhautik Shah | +91 98673 94975 |

**NEW ATTRACTION**
SEASON 4
Couple Team participants

### PARTICIPATING TEAMS

Andheri Avengers
Borivali Badshahs
Eastern Icons
Ghatkopar Giants
Kandivali Riders
Malad-Goregaon Challengers
North United
Sion Lions
Southern Smashers
Western Warriors

For Registration

http://tiny.cc/zbfcricket

# ZBF તલાશ -૪ ના સંગીત - નૃત્યના કલાકારોની તસ્વીરી ઝલક




















# ZBF તલાશ -૪ ના સંગીત - નૃત્યના કલાકારોની તસ્વીરી ઝલક

















TALAASH-4

JUNE - AUG 26" ZALAWAD'S GOT TALENT

**CO-ORDINATORS**

**THE TEAM**

# SHREE ZALAWAD JAIN S. M. P. YUVAK MANDAL - GHATKOPAR



OFFICE BEARERS AND COMMITTEE MEMBERS OF ZALAWAD YUVAK MANDAL - GHATKOPAR

સ્થાપના ૨૪-૦૮-૧૯૭૭

## AUCTION 18TH MAY 2026



TEAM OWNERS & MARQUEE PLAYERS PRESENT DURING THE AUCTION



UNVEILING OF TROPHIES BY OM JEWELLERS ALONG WITH TITLE PARTNER & COMMITTEE MEMBERS

**Zynova SHALBY MULTI-SPECIALTY HOSPITALS**

*Presents*

## ZYM • GHATKOPAR BIG BASH LEAGUE

**SEASON 3**



TEAM OWNERS & MARQUEE PLAYERS PRESENT DURING THE AUCTION



T-SHIRT SPONSOR MOONGIPA OWNER WITH TEAM OWNERS WHILE UNVEILING OF THE T-SHIRTS



TEAM OWNERS TAKING AN OATH TO PLAY THE TOURNAMENT WITH SPORTSMANSHIP



FELICITATION OF TITLE PARTNER ZYNOVA SHALBY MULTI SPECIALITY HOSPITAL BY KINTAN SHAH, SECRETARY



FELICITATION OF TROPHY PARTNER - OM JEWELLERS BY MEHUL KOTHARI, VICE-PRESIDENT



FELICITATION OF T-SHIRT PARTNER - MOONGIPA DEVELOPERS BY CA AAKASH PARIKH, PRESIDENT

| Co Partner | T-shirt Partner | Trophy Partner | Physio Partner | 6's Partner | 4's Partner | Wicket Partner | Food Partner |
|---|---|---|---|---|---|---|---|
| NAAVICK LEGAL | Moongipa | OM JEWELLERS | RePhyne Physiotherapy | DHYAAN NIRAV SHAH | HAZELL & KIAAH AAKASH PARIKH | VIRAL SHETH | F&F FEAST & FLAVOURS |

સ્થાપના ૨૪-૦૮-૧૯૯૭

# MATCH DAY 31ST MAY 2026



PRESENCE OF AUDIENCE DURING THE FELICITATION & PRESENTATION CEREMONY



PRESENCE OF AUDIENCE DURING THE FELICITATION & PRESENTATION CEREMONY



PRESENCE OF SHRI KIRAN SHAH, VICE-CHAIRMAN & SHRI RAHUL SHAH, SECRETARY OF ZBF



PRESENCE OF SECRETARIESSHRI ARUN SHAH & SHRI AASHIT SHAH OF SHREE ZALAWAD JAIN S. M. P. MANDAL - GHATKOPAR



PRESENCE OF MEMBERS FROM ZALAWAD YUVAK MANDAL - SION, MATUNGA, WADALA & DADAR



BEST BATTER - BHAVIK VORA
FELICITATED BY CA AAKASH PARIKH, PRESIDENT



BEST BOWLER - KINJAL PARIKH & HAZELL PARIKH
FELICITATED BY CA AAKASH PARIKH, PRESIDENT



MOST VALUABLE PLAYER - BHAVIK VORA
FELICITATED BY CA AAKASH PARIKH, PRESIDENT



TITLE PARTNERS ZYNOVA SHALBY MULTISPECIALITY HOSPITAL WITH SECRETARIES - RAHUL & KINTAN



WINNER TEAM - VEER YODHAS
TEAM OWNER - BHAVIK VORA - VEER SANATORIUM



RUNNER-UP TEAM - DARPAN DEVILS
TEAM OWNER - VIRAL SHETH & PRATIK SHAH

## TEAM OWNERS

POLYOM INNOVATIONS | ARVINDBHAI SHAH | SASHWAT POLYCLINIC | MIHIR SHAH | VEER SANITARIUM | CHINTAN SHAH | Darpan Jewels

## GOLDEN PILLARS FOR 2025 - 2027

Samaj Gaurav Shri C. M. Shah | Samaj Ratna Shri Dilipbhai K. Shah | Samaj Gaurav Shri Arvindbhai K. Shah | Matushree Lilaben Padamshibhai Shah | Matushree Shantaben Butalal Shah | Shri Jayantbhai Chimanlal Shah

Shri Rahul D. Sanghavi - Sion | Shri Nimish Himatlal Mashkaria | Shri Pradeepbhai Salot | Smt. Kavitaben Rajnikantbhai Shah | Smt. Geetaben Arunbhai Shah | Smt. Anjali Bharat Shah | V & P Jewels (Viral Sheth & Pratik Shah)

Shri Keyur Kamlesh Parekh | Shri Prashant R. Parikh | Shri Paras Suresh Shah Parshwa Diamond Jewellery | Rajiv G. Shah – Samarth Life Sciences Pvt.Ltd. | Kiran K. Shah – Tip Top Impex | Rajesh C. Gandhi – C. M. Gandhi Group | Tejas Ashok Shah – Prospertive associates | Abhay Shah – Siddharth Property Realtors

Rushabh R. Parikh – atithi devo bhava holidays | Pritesh P. Shah – Nuts & Bolts | Hemang Shah – Rushabh Opticals | Ashit P. Shah – Vision Optics, Opticals and Contact Lenses | Ronak P. Shah – Chaigaram Pocket Cafe | Mitul Shah – Deyaan Estate | Ekta D. Shah – Luxore | Yogesh Vora – Sadhana Motor Accessories | Nimit B. Shah – Heet Opticians Contact Lens Clinic

# ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. સમાજ-ભાયંદર યુવક-યુવતી પરિચય મિલન કાર્યક્રમની તસ્વીરી ઝલક


ઝાલાવાડ સમાજ-ભાયંદરના પદાધિકારીઓ,કમિટી સભ્યો,અને એન્કર


યુવક-યુવતી પરિચય બુકના વિમોચન કરતા પરિવાર,
શ્રીમતી કલ્પનાબેન વિજયભાઈ શાહ, સમાજ અગ્રણીઓ મહેમાનો


સમારંભના મુખ્ય મહેમાન સ.ર. શ્રી દિલીપભાઈનું બહુમાન કરતા
શ્રી જીતેન્દ્રભાઈ, શ્રી શૈલેષભાઈ


અતિથિ વિશેષ શ્રી સી.વી. શાહ નું બહુમાન કરતા
શ્રી કેતનભાઈ શાહ શ્રી રૂપેશભાઈ શાહ


સંઘ ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ શાહનું
બહુમાન મુકેશભાઈ કરે છે


અતિથિ વિશેષ શ્રી પ્રફુલભાઈ સલોત નું
બહુમાન કરતાં શ્રી શૈલેષભાઈ શાહ


મંચસ્થ ચેરમેન અપેક્ષ સ.ર. મુખ્ય મહેમાન શ્રી દિલીપભાઈ શાહ
પ્રસંગને અનુરૂપ પ્રતિસાદ આપે છે


સંઘ ટ્રસ્ટી સમાજ ગૌરવ શ્રી અરવિંદભાઈ નું બહુમાન
શ્રી જીતેન્દ્રભાઈ કરે છે


બોરીવલી મંડળ ના ટ્રસ્ટી શ્રી અનીલભાઈ
ટોલિયા નું બહુમાન શ્રી જીતેન્દ્રભાઈ કરે છે


જૈન સેલ બીજેપી મુંબઈ નોર્થના પ્રમુખ
શ્રી ભાવેશભાઈ દોશીનું બહુમાન મુકેશભાઈ કરે છે


જૈન સમાજ અગ્રણ્ય ડો. શ્રી ભોગીલાલભાઈ બગડીયા
પોતાના પ્રતિસાદ આપે છે


ઝા.સ્થા. સભાના પત્રીકા તંત્રી શ્રી શરદભાઈ ગાંધી નું
બહુમાન શ્રી જીતેન્દ્રભાઈ કરે છે


અતિથિ વિશેષ શ્રી કિરણભાઈના મામા શ્રી દિલીપભાઈ નું
બહુમાન શ્રી આશીષભાઈ, શ્રી કમલેશભાઈ કરે છે


એન્કર શ્રીમતી ઉમા પંકજભાઈ શાહ નું
બહુમતી જીતેન્દ્રભાઈ કરે છે


દીપ પ્રાગટ્ય મુખ્ય મહેમાન અતિથિ વિશેષ
શ્રી ભાયંદર સમાજના હોદ્દેદારો


અતિથિ વિશેષ શ્રી સી.વી. શાહ
પ્રસંગને અનુરૂપ પ્રતિસાદ સાથે માર્ગદર્શનઆપે છે


શ્રીમતી કલ્પનાબેન વિજયભાઈ શાહ નું
બહુમાન શ્રીમતી બિંદુબેન કરે છે


એન્કરીંગ કરતા
શ્રીમતી ઉમા પંકજભાઈ શાહ


શ્રીમતી કલ્પનાબેન વિજયભાઈ શાહ નો પરિવાર
પરિચય પુસ્તીકા નું વિમોચન કરે છે


શ્રી ઝાલાવાડ જૈન. શ્વે. મૂ.પૂ. સમાજ -ભાયંદર ના પદાધીકારી શ્રી શૈલેષભાઈ,
શ્રી રૂપેશભાઈ, શ્રી જીતેન્દ્રભાઈ, શ્રી મુકેશભાઈ, શ્રી આશીષભાઈ, શ્રી કમલેશભાઈ


મુખ્ય મહેમાનશ્રી, અતિથિ વિશેષશ્રી, આમંત્રીત મહેમાનો
અને સમાજ અગ્રગણ્ય




યુવક-યુવતી પરિચય સમેલન માં પધારેલા આમંત્રીત મહેમાનો, પરિવારો તથા ઉમેદવારો

# ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. સમાજ-ભાયંદરના સ્નેહ મિલન કાર્યક્રમની તસ્વીરી ઝલક



શ્રીમતી કોમીલાબેન મહેન્દ્રભાઈ શાહ,
સ.ગૌ. અરવિંદભાઈ શાહ તથા મહેમાનોનું સ્વાગત



મચંસ્થ આમંત્રીત મહેમાનો અને સ્નેહ મિલનના શુભેચ્છક દાતાશ્રી પરિવાર ના સભ્યો



સંઘ પ્રમુખ શ્રીમતી કોમીલાબેન મહેન્દ્રભાઈ શાહ, નું બહુમાન
શ્રી જીતેન્દ્રભાઈ, શ્રીમતી હંસાબેન, શ્રી શૈલેષભાઈ



ભૂ.પૂ. ધારાસભ્ય શ્રીમતી ગીતા ભરત જૈન નંપ બહુમાન
સંઘ પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહ, સ.ગૌ. અરવિંદભાઈ શાહ તથા અન્ય



શ્રી વર્ધમાન માનવ સેવા ટ્રસ્ટ-ભાયંદર ના ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ શાહ
શ્રી નેમીશભાઈ શાહ, શ્રી કેતનભાઈ શાહ નું બહુમાન પદાધીકારી કરે છે.



દાતાશ્રીઓ શ્રી જશુભાઈ શાહ, શ્રી નીકુંજભાઈ પરીખ, શ્રી વસંતભાઈ સંઘવી નું
બહુમાન પદાધીકારી ઓ કરે છે.



શ્રી ઝા. સંઘ ના મંત્રી ઓ શ્રી ગીરીશભાઈ, શ્રી નિલેશભાઈ, શ્રી મિતેશભાઈ,
પી.આર.ઓ. શ્રી દિપકભાઈ ગાંધી નું બહુમાન કમિટિ સભ્યો કરે છે.



અતિથિ વિશેષ દાતાશ્રી શ્રી નટુભાઈ કેશવલાલ શાહ પરિવાર
સાથે બહુમાન કરતા પદાધીકારી



દાતાશ્રી શ્રી યોગેશભાઈ પારેખ, શ્રી પરાગભાઈ પારેખ,
શ્રી જીજ્ઞેશભાઈ બહુમાન કરતા પદાધીકારી



શ્રી મહેન્દ્રભાઈ શાહ, શ્રી કમલેશભાઈ શાહ, સ.ગૌ. શ્રી અરવિંદભાઈ શાહ
શ્રીમતી ગીતા જૈન, શ્રી પ્રવિણભાઈ પટેલ, શ્રીમતી કોમીલાબેન શાહ .



સમાજ સેવકશ્રી સંદિપ પીપલીયા અને શ્રી લાભેશ પીપલીયા નું બહુમાન
સ.ગૌ. શ્રી અરવિંદભાઈ શાહ, શ્રી રૂપેશભાઈ શાહ, શૈલેશભાઈ શાહ,



નગર સેવિકા શ્રીમતી ભવ્યા શાહ નું બહુમાન શ્રીમતી જસ્મીના શાહ,
શ્રીમતી વિભા શાહ, શ્રીમતી મિતા શાહ, શ્રીમતી શ્વેતા શાહ



મીરા-ભાયંદર ગુજરાતી સમાજના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ પટેલ નું બહુમાન
સ.ગૌ. શ્રી અરવિંદભાઈ શાહ, શ્રીજીતેન્દ્રભાઈ, શ્રી કમલેશભાઈ શાહ,



ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. મિત્ર મંડળ-ભાયંદરના પદાધિકારીઓ,કમિટી સભ્યો,

# ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. સમાજ-ભાયંદરના સ્નેહ મિલન કાર્યક્રમની તસ્વીરી ઝલક



ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. સમાજ-ભાયંદરના પરિચય પુસ્તકા ના વિમાચન કરતા મંચસ્થ મહાનુંભાવો અને અગ્રગણ્યો



ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. સમાજ-ભાયંદરના મંચસ્થ પધારેલા મહાનુંભાવો અને અગ્રગણ્યો



નગર સેવિકા શ્રીમતી ભવ્યા શાહ
મંતવ્ય અને આભાર માને છે.



દાતાશ્રી નિકુંજભાઈ પરીખ નું
બહુમાન કરતા શ્રી કમલેશભાઈ શાહ



દાતાશ્રી જશુભાઈ શાહ (ઝાલા) નું
બહુમાન કરતા મંત્રી શ્રી રૂપેશભાઈ શાહ



દાતાશ્રી નલીન દોશી નું બહુમાન કરતા
શ્રી કમલેશ શાહ, શ્રી શૈલેષ શાહ



દાતાશ્રી ડોલરભાઈ કુવાડીયા નું
બહુમાન કરતા શ્રી રાજેશભાઈ શેઠ



સંઘ પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહ
મનોભાવ આપે છે.અને આભાર માને છે.



સમાજ પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ શાહ મહેમાનોને
આવકાર, મંડળ વિશે પરિચય આપે છે.



મંત્રી શ્રી મુકેશભાઈ શાહ
કાર્યક્રમ નું સંચાલન કરેછે.



પરિચય પુસ્તકા ના વિમાચન વેળાએ
સમાજના પદાધીકારીઓ







ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. સમાજ-ભાયંદરના મહેમાનો, મંડળના સભ્યો સહ પરિવારો સાથે આમંત્રીત



ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. સમાજ-ભાયંદરના કરોબારી સભ્યો, કાર્યકર્તાઓ



ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. સમાજ-ભાયંદરના કરોબારી સભ્યો, કાર્યકર્તાઓ અને પદાધીકારીઓ



# સ્વ.રમેશચંદ્ર ચીમનલાલ શાહ (ઘડિયાળી)

(ગામ - લીંબડી, હાલ - મુંબઈ)

જન્મ
૧૩-૧૧-૧૯૪૭

જીવન એવું જીવી ગયા કે સદગુણોની સુવાસ રહી ગઈ,
કર્મો એવા કરી ગયા કે મીઠી યાદો રહી ગઈ

અરિહંત શરણ
૧૧-૮-૨૦૨૫
(શ્રાવણ વદ. ૨)

સ્વ. રમેશભાઈ ઘડિયાળી આપણી વચ્ચેથી ભૌતિક રીતે વિદાય લઈ ચૂકયા છે, પરંતુ એમણે આપેલા સંસ્કારો, સ્નેહ અને સત્કર્મોનો વારસાગત ભેટ આજે પણ આપણા કુટુંબમાં અને પરિવારના દરેક સભ્યોના હૃદયમાં ધબકે છે.

એમનું વ્યકિત્વ એવું હતું કે એમના વિચારો અને એમનો સ્નેહ સમયના વહેણ સાથે કયારેય ઝાંખા નહીં પડે. એમની મીઠી યાદો, એમનું હાસ્ય અને એમની માર્ગદર્શક વાતો આજે પણ ઘરમાં એજ જીવંતતા સાથે ગુંજે છે. તમારો અદ્રશ્ય પણ અનુભવાતો હાથ હંમેશા અમારા મસ્તક પર આશીર્વાદ બનીને રહેશે.

## -: હૃદયપૂર્વકની સ્મરણાંજલિઃ-

પુત્ર : શ્રેણિક રમેશચંદ્ર શાહ
પુત્રવધુ : ભાવીની શ્રેણિક શાહ
પુત્રી : શીતલ વિશાલકુમાર શાહ
પૌત્રી : રીયા નિરાગકુમાર સંઘવી
પૌત્રોઓ : મોક્ષ શ્રેણિક શાહ, જશ વિશાલ શાહ, ધ્યેય વિશાલ શાહ
ચીમનલાલ ચત્રભુજ શાહ ઘડિયાળી પરિવાર અને સ્નેહીજનો

પરિવાર તરફથી સદ્‌ગતના આત્મશ્રેયાર્થે કેળવણી રૂા.૧૦૦૦/-, સાધર્મિક રૂા.૧૦૦૦/-, જીવદયા રૂા.૧૦૦૦/-, તપસ્વી ખાતે રૂા.૧૦૦૦/- શ્રી સંઘને કુલ રૂા. ૪૦૦૦/- ભેટ આપેલ છે.

## જીવન ની જલતરંગ
## સંઘર્ષ થી સમાધી સુધીની જીવન યાત્રા – કલમ : જે.એમ.શાહ



જે.એમ.શાહ

'સુખ અને દુઃખ બંને જીવનના મુસાફર છે; એકને સ્વીકારીએ અને બીજામાંથી શીખીએ, તો જીવન ખરેખર સફળ બને.' જ્યારે આજે, મારા જીવનના આ ૮૦ માં વર્ષમાં પાછળ વળીને જોઉં છું, ત્યારે એવું લાગે છે કે જાણે ભગવાને મને અનેક રંગોથી ભરેલી એક સુંદર યાત્રા ભેટ આપી છે. ક્યાંક આનંદના ઝરણાં વહેતા હતા, તો ક્યાંક દુઃખના વાવાઝોડાં પણ આવ્યા. ક્યાંક સફળતાએ હાથ પકડ્યો, તો ક્યાંક નિષ્ફળતાએ ધીરજ શીખવી. પરંતુ દરેક વળાંક પર ભગવાને મને એટલી શક્તિ આપી કે હું ક્યારેય અટક્યો નહીં.

મારો જન્મ ૨૮ ફેબ્રુઆરી, ૧૯૪૬ના રોજ વિરમગામ નજીક આવેલા પનાર ગામમાં થયો. મારું બાળપણ રામપુરામાં પસાર થયું. હું આઠ ભાઈઓ અને ચાર બહેનોમાં સૌથી નાનો હતો. ઘર મોટું હતું, પરંતુ પ્રેમ પણ એટલો જ મોટો હતો. મારી ઉંમર હજુ ચાર-પાંચ વર્ષની જ હતી ત્યારે પિતાજીનું અવસાન થયું. એ ઉંમરે કદાચ મૃત્યુનો અર્થ પણ સમજાતો નહોતો, પરંતુ જીવનમાં પિતાના આશીર્વાદનો અભાવ શું હોય છે?, તે સમય જતાં સમજાતું ગયું. મારી માતાએ જ અમને સંસ્કાર, મહેનત અને આત્મવિશ્વાસનું સાચું શિક્ષણ આપ્યું. આજે હું જે કંઈ છું, તેમાં સૌથી મોટો હિસ્સો મારી માતાના ત્યાગનો છે. સુરેન્દ્રનગરમાં અભ્યાસ પૂર્ણ કર્યા પછી હું ચાર્ટર્ડ એકાઉન્ટન્સીનો અભ્યાસ કરવા મુંબઈ આવ્યો. શરૂઆતમાં હીરાના વ્યવસાયમાં હાથ અજમાવ્યો, પરંતુ થોડા જ સમયમાં સમજાઈ ગયું કે ભગવાને મારા માટે બીજો રસ્તો નક્કી કર્યો છે. મેં આવકવેરા, સેલ્સ ટેક્સ અને નાણાકીય સલાહકાર તરીકે મારી સ્વતંત્ર પ્રેક્ટિસ શરૂ કરી. એ નિર્ણય મારા જીવનનો ટર્નિંગ પોઇન્ટ સાબિત થયો. ૧૯૭૪માં મારા લગ્ન થયા. જીવનમાં સાથી મળ્યો અને જીવન વધુ સુંદર બન્યું. ૧૯૭૫માં પુત્રનો જન્મ થયો અને ૧૯૭૬માં બોરીવલીમાં મારું પ્રથમ પોતાનું ઘર ખરીદ્યું. પોતાના ઘરની ચાવી હાથમાં લેવાની ખુશી આજે પણ મારી આંખો સામે જીવંત છે. ત્યારબાદ બે દીકરીઓના આગમનથી અમારું ઘર હાસ્ય અને ખુશીઓથી છલકાઈ ગયું.

૧૯૮૫માં મેં મારી ઓફિસ ગ્રાન્ટ રોડ થી બોરીવલી ખસેડી. વ્યવસાય સારો ચાલતો હતો, છતાં મનમાં ઉદ્યોગપતિ બનવાનું સ્વપન હજુ જીવંત હતું. તેથી ઉમરગામમાં મેન્યુફેક્ચરિંગનો વ્યવસાય શરૂ કર્યો. પરંતુ આ નિર્ણયથી મને આર્થિક નુકસાન સહન કરવું પડ્યું.

તે સમયે જીવને મને એક અમૂલ્ય પાઠ શીખવ્યો–**''નુકસાન માણસને ગરીબ બનાવતું નથી, હિંમત ગુમાવવી માણસને સાચા અર્થમાં ગરીબ બનાવે છે''**. મેં ફરીથી મારી પ્રેક્ટિસ પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કર્યું અને ધીમે ધીમે દરેક મુશ્કેલીમાંથી બહાર આવ્યો. સમય જતાં હું ઝાલાવાડ સંઘ અને ઝાલાવાડ બોરીવલી મંડળ કમિટિ સભ્ય તરીકે વર્ષો સુધી રહી ખજાનચી તરીકે સેવા આપેલ, અન્ય અનેક સામાજિક તથા ધાર્મિક સંસ્થાઓ સાથે જોડાયો. મને હંમેશાં લાગ્યું છે કે સમાજે આપણને ઘણું આપ્યું છે; તેથી સમાજને કંઈક પાછું આપવું એ પણ આપણી ફરજ છે. સમાજસેવામાં મળતો આત્મસંતોષ કોઈ પણ ધનની સરખામણીમાં ઘણો મોટો છે.

મારા જીવનની સૌથી મોટી ખુશીઓમાંની એક હતી મારા બાળકોને પોતાના પગ પર ઉભા થતાં જોવાની. મારા પુત્રે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનીને મારા સપનાને સાકાર કર્યું. મારી દીકરીઓએ પણ પોતાના ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણ મેળવી પોતાનું સ્થાન બનાવ્યું. મોટી દીકરીએ લાઇબ્રેરી સાયન્સ અને નાની દીકરીએ ફેશન ડિઝાઇનિંગનો અભ્યાસ પૂર્ણ કર્યો. ત્યારબાદ મુંબઈમાં મારા સપનાનું બંગલો ખરીદયો. પુત્રના લગ્ન થયા અને લાગ્યું કે જીવન હવે સંપૂર્ણ બની ગયું છે. પરંતુ જીવન હંમેશાં પોતાની રીતે આગળ વધે છે. ૨૦૦૩માં મારી જીવનસંગિની મને સદાય માટે છોડીને ચાલી ગઈ. એ દિવસ પછી જીવન જાણે થંભી ગયું હતું. ઘરમાં બધું હતું, પરંતુ ઘરની આત્મા જ ખોવાઈ ગઈ હતી. ઘણા દિવસો સુધી મનમાં ખાલીપો હતો. પરંતુ પછી મેં વિચાર્યું કે ભગવાને જે જવાબદારીઓ મને સોંપી છે, તે પૂરી કર્યા વગર હું હાર માનવાનો નથી. ફરી ઊભો થયો, પરિવારને સંભાળ્યો, ઓફિસમાં પાછોગયો અને સમાજસેવામાં વધુ જોડાયો.

જ્યારે લાગ્યું કે હવે બધું ફરી સામાન્ય થઈ રહ્યું છે, ત્યારે દિવાળીના દિવસે અમારા ઘરમાં મોટી ચોરી થઈ. વર્ષોની મહેનતથી એકત્રકરેલી કિંમતી વસ્તુઓ એક જ રાતમાં જતી રહી. એ સમયે પણ મેં એક જ વાત માની–''ધન ગુમાવવું દુઃખદ છે, પરંતુ હિંમતગુમાવવી સૌથી મોટું નુકસાન છે''. પરિવારના સહકારથી ફરી બધું ઊભું કર્યું.

આજે મારી દીકરીઓ પોતાના પરિવારમાં સુખી છે, પૌત્રના / દોહિત્ર / દૌહિત્રીના હાસ્યથી ઘર ગુંજી ઊઠે છે અને ભગવાનની કૃપાથી જીવન ફરીથી આનંદથી ભરાઈ ગયું છે. આજે, આશરે ૮૦ વર્ષની ઉંમરે પણ હું નિયમિત ઓફિસ જાઉં છું. મારી કાર જાતે ચલાવું છું, મિત્રો સાથે પ્રવાસ કરું છું, તીર્થયાત્રા કરું છું અને સમાજસેવામાં સક્રિય રહું છું. મારા માટે ઉંમર માત્ર એક આંકડો છે; ''જીવવાની ઈચ્છા જ માણસને યુવાન રાખે છે''.

તા. ૨૧ જૂન, ૨૦૨૬. હું શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદા ના દર્શન કરીને મુંબઈ પરત ફરી રહ્યો છું. ડ્રાઈવર કાર ચલાવી રહ્યો છે. મારી બાજુમાં મારો આત્મીય મિત્ર બેઠો છે. અમે પ્રેમથી ભોજન લીધું છે. ઘર હવે ત્રણ કલાક દૂર છે. અચાનક ભગવાનનો અંતિમ સાદ સંભળાય છે. મારા મનમાં કોઈભય નથી, કોઈ પસ્તાવો નથી. હું માત્ર ભગવાનનો આભાર માનું છું. મને લાગે છે કે મૃત્યુ અંત નથી, પરંતુ બીજી એક દિવ્ય યાત્રાની શરૂઆત છે. હું સ્મિત સાથે પ્રભુના ચરણોમાં સમર્પિત થઈ જાઉં છું. જો ભગવાન મને પૂછે કે જીવન ફરી જીવવું છે કે નહીં, તો હું સ્મિત સાથે કહીશ –'' હા, આ જ પરિવાર સાથે, આ જ સંઘર્ષો સાથે અને આ જ આશીર્વાદો સાથે''. કારણ કે મારા જીવનની દરેક ઘટના મને કંઈક શીખવી ગઈ છે.



જીવનમાંથી મેં શીખેલા અમૂલ્ય પાઠ

- પોતાના પર વિશ્વાસ રાખો; આત્મવિશ્વાસ જ સફળતાનો પાયો છે.
- મુશ્કેલીઓ આવે ત્યારે ક્યારેય હિંમત ન હારશો.
- પરિવારને સાચવવા માટે ઘણી વખત 'જતું કરવું' શીખવું પડે.
- સંતાનો મોટા થાય પછી તેમના માતા-પિતા નહીં, પરંતુ મિત્ર બની જજો.
- પ્રામાણિકતાથી કમાવો અને ગૌરવથી જીવો.
- સમાજને કંઈક પાછું આપ્યા વગર જીવન પૂર્ણ નથી.
- જમતી વખતે અને સૂતી વખતે ચિંતા બહાર જ મૂકી દો.
- ધન, મિલકત અને વૈભવ એક દિવસ પાછળ રહી જશે; પરંતુ સંસ્કાર, સદાચાર અને પ્રેમ જ સાચી મૂડી છે.
- ભગવાન પર વિશ્વાસ રાખો અને કર્મ કરતા રહો.
- એવું જીવન જીવો કે અંતિમ ક્ષણે આંખો બંધ કરતાં મનમાં માત્ર સંતોષ હોય, પસ્તાવો નહીં.

અંતિમ સંદેશ

મારી એક જ પ્રાર્થના છે કે મારા સંતાનો અને આવનારી પેઢીઓ માત્ર મારી સંપત્તિના નહીં, પરંતુ મારા સંસ્કારોના વારસદાર બને. જીવનમાં સફળ બનવું મહત્વનું છે, પરંતુ સારો માણસ બનવું તેનાથી પણ વધારે પણ વધારે મહત્વનું છે. જો મારા જીવનમાંથી કોઈ એક પણ વ્યક્તિને પ્રેરણા મળે, તો હું માનું કે મારૂ જીવન સાચા અર્થ માં સફળ રહ્યું

કલમ : જે.એમ.શાહ

પત્ની : સ્વ. શ્રીમતી ઉષા જયંતિલાલ શાહ

પુત્ર-પુત્રવધુ : વિશાલ-પુજા શાહ, પૌત્ર : સિદ્ધ વિશાલ શાહ

પુત્રી-જમાઈ : શેફાલી રુચીક કોઠારી, દોહીત્ર : વંશ રુચીક કોઠારી

પુત્રી-જમાઈ : પાયલ પ્રશાંત મહેતા, દોહીત્રી : કાયોમી પ્રશાંત મહેતા,

મણિલાલ મોહનલાલ શાહ પરિવાર

**સદગત ના આત્મ શ્રેયાર્થે પરિવાર તરફથી શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ-મુંબઈ.**

રૂા ૧૦૦૦/- સાધર્મિક ભક્તિ ખાતે, રૂા ૧૦૦૦/- કેળવણી ભેટ, રૂા ૫૦૦/- તપશ્ચર્યા , રૂા ૫૦૦/- સમુહ લગ્ન

કુલ રૂા ૩,૦૦૦/-શ્રી સંઘને ભેટ આપેલ છે.

# મુળી વાળા વ્રજલાલ વાડીલાલ શાહ પરિવાર

**માનવતાનો મહેંકતો બગીચો -ઉપવન આજે સુનુ બન્યું છે ત્યારે...**
**દસમી પૂણ્ય તીથી એ ભાવાંજલી અર્પી કૃતાર્થ થઈએ છીએ...**



**જન્મ**
**તા. ૧૨.૧૧.૧૯૨૬**

**દેહવિલય**
**તા. ૦૭.૧૦.૨૦૧૬**

## સ્વ. સવિતાબેન વ્રજલાલ વાડીલાલ શાહ

શાસનના સૂરોગામી- પરિવારના પારસમણી, સરળતાના સારથી - માનવતાના મહારથી
અમારા પરિવારના અમારા સૌના પ્રેરણામૂર્તિ-અમારા જીવન ઘડતરના શીલ્પી
અમારા સંસ્કારદાત્રી - જન્મદાત્રી આજે અમારી વચ્ચેથી વિદાય ને દસ વર્ષ થયા છે ત્યારે એટલું જ કહેવાનું મન થાય છે કે,

હે જનની - હે મા - હે બા
ભક્તિ તમોએ કરી પુણ્ય અમોને આપ્યું, સંઘર્ષ તમોએ કર્યો-સુખ અમોને આપ્યું
ધર્મ તમોએ કર્યો - ફળો અમોને આપ્યા, આપતા રહેવું એ જ તો હતો જીવનમંત્ર તમારો.

વ્હાલાની વિદાય હંમેશા વસમી હોય છે - જન્મ તેનું મૃત્યુ નિશ્ચિત હોય છે પરંતુ આ બધુ બોલવામાં સરળ - સહેલું લાગે છે,
વાસ્તવિકતા કાંઈક જુદી જ હોય છે. પિતાશ્રીની વહેલી વિદાય બાદ અમારા આ 'બા' અમારા પરિવાર માટે
'માવતર બનીને જીવ્યા. ધર્મપરાયણ-સેવાની સુગંધથી ભરેલું-વાત્સલ્યના વહેણ સમું 'બા'નું જીવન હતું.

'અનેક કષ્ટો સહી ખુમારી જીવનમાં રાખી હતી, કરી ફરજો પૂરી સઘળી નજર અમારામાં રાખી હતી
આપની છાયા હતી વડલા સમી ને આપના કાર્યો સરિતા સમાન, ભીતરનો ભેરૂ અમારો આત્મા ખોવાયો, મારગનો ચિંધનારો ભોમિયો ખોવાયો.'

વ્હાલી બા,
આજે અમો સૌ સાથે મળી પ્રભુને પ્રાર્થના કરીએ છીએ કે આપના પરમ-પવિત્ર પાવનકારી આત્માને પરમકૃપાળુ વિતરાગદેવ પરમશાંતિ અર્પે. આપનો આત્મા મહાવિદેહ ક્ષેત્રે વિચરી પરમપદને પ્રાપ્ત કરે તેવી અમારી સૌની પ્રાંજલ પ્રાર્થના.

લિ.
સ્વ. વ્રજલાલ વાડીલાલ શાહ પરિવાર-મૂળીવાળા
સ્વ. મોહનલાલ મેઘજીભાઈ બાવીસી પરિવાર -સુંદરીયાણા

પુત્રોઃ મહેન્દ્ર-મયંક, પુત્રવધુઃ સરોજ-હર્ષા
પુત્રીઓ : ગીતા - લીના, જમાઈ : વિરેન્દ્ર - જયેશ
પૌત્ર-પૌત્રી : કેયુર, હીર્નીષ, સ્નેહા, પલક, રીદ્ધી
પૌત્રવધુઃ મોના - ફાલ્ગુની, પ્ર.પૌત્ર : સ્મીત-પનવ-હીયાન
પ્ર.પૌત્રી : દીયા-પરીની-દીવીજા-મીશીકા
પ્ર.પૌત્રી જમાઈ : સુધીર - જયેશ - દેવાંગ

તેમના આત્મ શ્રેયાર્થે પરિવાર તરફથી શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઈને રૂા.૨૫૦૦/- કેળવણી સહાય ભેટમાં રૂા.૭૫૦/- તપસ્વી બહુમાન ભેટ, રૂા.૭૫૦/-સમુહ લગ્ન ભેટ, રૂા.૨૫૦૦/- સાધર્મિક સહાય ભક્તિ ભેટમાં તથા રૂા.૧૦૦૦/- પાલીતાણા ચાત્રિકભવન ભોજનશાળા ભેટમાં આપેલ છે.

# દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિ



## સ્વ. નયનાબેન યોગેશભાઈ શાહ

**સ્વ. તા. ૩૦/૦૭/૨૦૨૪**

એવી નજર ક્યાંથી લાવવી કે તમે યાદ કરીએ
ને દર્શન થઈ જાય હજુ જરૂર હતી તમારી
અમને ત્યાં કુદરત લઈ ગયો તાણી
હે કુદરત એ અમાનત અમારી છે,
રાખજે તું એમને સંભાળી, તારા માટે એ
આત્મા હશે પણ એ જ જીદંગી અમારી હતી
સદગુરુ એમના દિવ્ય આત્માને
શાંતિ આપે એજ પ્રાર્થના

🙏 ઓમ શાંતિ 🙏

**સરનામું:**
બી-301, રાધા અપાર્ટમેન્ટ, બી. એમ. સ્કૂલની પાછળ,
રાણી સતી માર્ગ, માલાડ (ઈસ્ટ), મુંબઈ - 400 097
મો. ૯૩૨૨૦૫૯૦૬૯

# શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂર્તિ પૂજક સંઘ - મુંબઈ ના તેજસવી તારલાઓ



ધૈર્ય ઉપેશ ધીરજલાલ શાહ
12 Science 80.50%
કોરડા-ભાયંદર (વે)



મોક્ષ બ્રીજેશ નવનીતલાલ શાહ
10th 90.40%
કારીયાણી-અંધેરી (ઈ)



જશ બ્રીજેશ નવનીતલાલ શાહ
B.C(Mechanical Eng.)
કારીયાણી-અંધેરી (ઈ)



આયુષ નિલેષ પ્રીયકાંત વોરા
PGDM
સુરેન્દ્રનગર-કાંદિવલી (વે)



નિશાંક બિંદેશ એમ. કોઠારી
10th 81%
ચૂડા-ભાયંદર (ઈ)



જયશીલ પારસ જીતેન્દ્ર શાહ
10th Grade IGCSE Board
જોરાવરનગર-ચેમ્બુર



અર્હમ વિરાગ અશોક વસાણી
H. S.C 91.83%
બોટાદ-કાંદિવલી (વે)



શ્રેય હિતેશ મહેતા
10 th I.C.F. 98 %
વિંછીયા-કાંદિવલી



વિહાન હતેશ
12 th H.S.C 82.83%
સુરેન્દ્રનગર-કાંદિવલી



હેતાંશ કલ્પેશ શાહ
12 th H.S.C 71.33%
લીંબડી-કાંદિવલી



પરમ પારસ શાહ
10 th C.B.S.E. 90.04 %
નારીચાણા-મલાડ



પ્રીતી આશીષ શાહ
10 th C.B.S.E. 91%
વઢવાણ-અંધેરી



વરૂની હિતેશ દેશાઈ
M.S. Cyber Security
બોટાદ-ઘાટકોપર



વિશ્રુતી પરેશ કપાસી
H.S.C 93.50%
ચુડા-કાંદિવલી



ધ્યાના પ્રસાત કોઠારી
10 th S.S.C 92 %
મુળી-અંધેરી



ખુશી કે. શાહ
C.S.
લીંબડી-કાંદિવલી



કાવ્યા સચીન મહેતા
10 th T.C.S.E.
વિંછીયા-મલાડ



ઈશીતા ફેન્જુ બગડીયા
M.B.B.S.
બોટાદ-બોરીવલી

## BIO-DATA



# RAJ SANDEEPBHAI SHAH

**PERSONAL DETAILS**

**Full Name** : Raj Sandeepbhai Shah
**Date of Birth** : 01/10/2000
**Birth Time** : 3:19 PM
**Birth Place** : Andheri, Mumbai
**Height** : 5'4" (163 cm)
**Religion** : Jain
**Caste** : Shwetamber
**Higher Education**: B.Com (Shri Chinai College of Commerce & Economics)
**Native Place** : Kariyani (Botad)
**Diet** : Jain (Vegetarian)
**Hobbies & Interests**: Listening to music, Watching movies

**PROFESSIONAL DETAILS**

**Occupation** : Business
**Company Name** : Perfect Transmission Products
**Office Address** : B/16, Narayan Dhuru Cross Lane, 1st Floor, Shop No. 7, Mumbai - 03

**FAMILY DETAILS**

**Father's Name** : Sandeep Navnitlal Shah (M. 97695 10771)
**Father's Occupation**: Business
**Mother's Name** : Rupa Sandeep Shah (M. 70219 59775)
**Grandfather's Name**: Late Navnitlal Bhaichand Shah
**Grandmother's Name**: Madhuben Navnitlal Shah
**Uncle's Name** : Brijesh Navnitlal Shah
**Maternal Uncle** : Mayurbhai Indulal Doshi

**CONTACT DETAILS**

**Mobile Number** : 97695 10771
**Residence Address**: B/603, Kamlesh Appts., Old Nagardas Road, Andheri (E), Mumbai - 400069

## કેળવણીના કાર્યમાં મૌનપણે યોગદાન આપનાર સહયોગી...



શ્રી વસંતલાલ મણીલાલ શાહ (નારીચાણીયા)



શ્રીમતી ઈન્દુમતીબેન વસંતલાલ શાહ (નારીચાણીયા)

રાણપુર નિવાસી હાલ બોરીવલી રહેતા શ્રી ઉમેશભાઈ વસંતલાલ શાહ (નારીચાણીયા) છેલ્લા ઘણાં વર્ષોથી શ્રીમતી ઈન્દુમતી વસંતલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટના માધ્યમથી શૈક્ષણિક ક્ષેત્રે અનેકવિધ કાર્યો કરી રહેલ છે. પોતાના માતપિતાની યાદગીરીરૂપે - તેઓની પુણ્યસ્મૃતિમાં આ ટ્રસ્ટનું નિર્માણ કરેલ છે. સમાજના જરૂરિયાતવાળા પરિવારોના બાળકોને શૈક્ષણિક ક્ષેત્રે સહાયભૂત થવાની તેઓની ભાવનાને - તેઓના કાર્યોને બિરદાવીએ છીએ.

પરિવારના છેલ્લા લગભગ પંદર વર્ષથી શ્રી સંઘ જે વિદ્યાર્થીઓને કેળવણી સહાય આપીએ છીએ તે દરેક પરિવારના ભણતા બાળકોને શ્રીમતી ઈન્દુમતી વસંતલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ શ્રી ઉમેશભાઈ વસંતલાલ શાહ તરફથી ૨૦૦ પાનાની - સારી ક્વોલીટીની એક ડઝન લોંગ બુક વિનામૂલ્યે આપવામાં આવે છે. ક્યારેય તેઓએ પ્રસિદ્ધિનો મોહ રાખ્યો નથી. પરંતુ દસ વર્ષ પછી અમોને વિચાર આવ્યો કે આવા પરિવારના યોગદાનને બિરદાવવુ જોઈએ. શ્રી ઉમેશભાઈ રાણપુર નારીચાણીયા મંડળના સભ્યોને પણ તેમના સંતાનો માટે વિનામૂલ્યે નોટબુકનું વિતરણ કરે છે. આ વર્ષે વિશેષ એક ફૂટપટ્ટી, શાર્પનર, રબ્બર અને પેન્સિલ સાથે એક કેપ પણ આપવામાં આવેલ. જે વિદ્યાર્થીઓને સ્કુલ/કોલેજમાં ઉપયોગી થઈ શકે.

ધન્ય છે એ માતપિતાને કે જેઓની વિદાય બાદ તેમના સંતાન આવી સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ કરી સમાજની સેવા કરી રહ્યા છે. આ ઉપરાંત શ્રી ઉમેશભાઈ દર વર્ષે માતપિતાની યાદમાં જૈન પંચાંગ છપાવી સૌને પહોંચાડે છે. આવા પરિવારના શ્રી ઉમેશભાઈ વસંતલાલ શાહ તથા તેમના ધર્મપત્નીને ખૂબ ખૂબ અભિનંદન આપીએ છીએ. તેઓના કાર્યની ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.

# કેનેડાના કરોડપતિનું દ્વારકામાં ઉતર્યું અભિમાન.. ? - સત્ય ઘટના

કલ્પના કરો કે તમારા બેંક ખાતામાં ૫૦૦ કરોડ રૂપિયા પડ્યા હોય, તમે દુનિયાના કોઈ પણ ખૂણે પ્રાઇવેટ જેટમાં ફરતા હોય... પણ એક દિવસ એવો આવે કે તમારે ગુજરાતના દ્વારકાના રસ્તાઓ પર ઉઘાડા પગે એક ટંકના ભોજન માટે ભીખ માંગવી પડે, આજે હું તમને કેનેડાના એક એવા અબજોપતીની વાર્તા સંભળાવવા જઈ રહ્યો છું, જેનું આકાશને આંબતું અભિમાન દ્વારકાધીશના ચરણોમાં આવીને રાતોરાત ચકનાચૂર થઈ ગયું. એવું તો શું બન્યું કે પૈસાથી ભગવાનને ખરીદવા નીકળેલા માણસને રસ્તા પર રડવાનો વારો આવ્યો ? કારણ કે આ વાર્તા તમારું જીવન બદલી નાખશે. ટોરેન્ટો, કેનેડાની સૌથી ઊંચી અને આધુનિક બિલ્ડીગના પેન્ટહાઉસમાં કાચની બારી પાસે ઊભેલો જયેશ. માત્ર ૪૫ વર્ષની ઉંમરે તેણે કેનેડામાં રિયલ એસ્ટેટનું એક એવું સામ્રાજ્ય ઊભું કરી દીધું હતું, જ્યાં કોઈથી પહોંચવું અશક્ય હતું. જયેશનો માત્ર એક જ સિદ્ધાંત હતો કે દુનિયાની દરેક વસ્તુની એક કિંમત હોય છે, અને મારી પાસે એ ચૂકવવાની તાકાત છે. એના મતે લાગણી, સંબંધો, દયા અને ભગવાન, આ બધું નબળા અને ગરીબ લોકોએ બનાવેલું તૂત હતું. જયેશના પરિવારમાં તેની પત્ની રીટા અને ૧૦ વર્ષનો દીકરો આરવ હતા. રીટા સ્વભાવે અત્યંત સરળ અને ધાર્મિક હતી. આરવની તબિયત છેલ્લા કેટલાક સમયથી ખૂબ ખરાબ રહેતી હતી. કેનેડાના મોટા મોટા તબીબો અને સ્પેશિયાલિસ્ટ ડોક્ટરોએ હાથ અધ્ધર કરી દીધા હતા કે આરવને એક એવી ન્યુરોલોજીકલ બીમારી છે જેનો કોઈ ચોક્કસ ઈલાજ હજુ શોધાયો નથી. રીટાએ રડતા રડતા દ્વારકાધીશની માનતા રાખી હતી કે જો મારો દીકરો સાજો થઈ જશે, તો અમે આખો પરિવાર દ્વારકાધીશના ચરણે માથું ટેકવવા આવીશું. અચાનક એક ચમત્કાર થયો. એક મહિનામાં જ આરવની તબિયતમાં જાદુઈ રીતે સુધારો થવા લાગ્યો. રિપોર્ટ્સ નોર્મલ આવવા લાગ્યા. રીટાએ જયેશને માનતા પૂરી કરવા દ્વારકા જવાની જીદ કરી. જયેશે અહંકારમાં ખડખડાટ હસીને કહ્યું, અરે ગાંડી, આ તારા ભગવાને નથી કર્યું, આ મારા પૈસા અને કેનેડાની મેડિકલ સિસ્ટમનો કમાલ છે. પણ તું જીદ કરે છે તો ચાલ, હું પણ જોઉં કે તારા એ દ્વારકાવાળામાં કેટલી તાકાત છે. હું ત્યાં મંદિરે દર્શન કરવા નહ, પણ ગોમતી ઘાટ પાસેની સૌથી મોંઘી જમીન ખરીદીને મારી ફાઈવ-સ્ટાર હોટેલ બનાવવા જઈશ. થોડા દિવસો પછી, જયેશ, રીટા અને આરવ પ્રાઇવેટ જેટ મારફતે જામનગર ઉતર્યા અને ત્યાંથી લક્ઝરી કારોના કાફલા સાથે દ્વારકા પહોંચ્યા. દ્વારકામાં તે સમયે જન્માષ્ટમીનો પવિત્ર માહોલ હતો. લાખો શ્રદ્ધાળુઓની ભીડ, ચારેબાજુ 'જય રણછોડ, માખણ ચોર' ના નારા ગુંજી રહ્યા હતા. જયેશને આ ભીડ, રસ્તાની ધૂળ અને શ્રદ્ધાળુઓ જોઈને સખત ચીડ ચડતી હતી. તેણે પોતાના બોડીગાર્ડ્સને ધક્કા મારીને રસ્તો સાફ કરવાનો હુકમ આપ્યો. ગોમતી ઘાટ પાસે એક અત્યંત વૃદ્ધ અને ફાટેલા કપડાં પહેરેલા સાધુ જમીન પર બેસીને ભગવાનની સ્તુતિ કરી રહ્યા હતા. જયેશના બોડીગાર્ડના ધક્કાથી એ સાધુની પૂજાની થાળી નીચે પડી ગઈ અને કંકુ-ચોખા વેરાઈ ગયા. રીટાએ તરત જ માફી માંગવા દોટ મૂકી, પણ જયેશે તેનો હાથ પકડીને ગુસ્સામાં પાછળ ખેંચી લીધી. જયેશે પોતાના વોલેટમાંથી ૫૦૦-૫૦૦ રૂપિયાની નોટોનું એક મોટું બંડલ કાઢ્યું અને પેલા સાધુના મોં પર ફેંકતા ઘમંડથી કહ્યું, તારી આખી જિંદગીની ભીખની કમાણી કરતા વધારે પૈસા છે આમાં. ચૂપચાપ આ ઉઠાવી લે અને મારો રસ્તો ખાલી કરી.વાતાવરણમાં એકદમ સન્નાટો છવાઈ ગયો. સાધુએ જમીન પર પડેલા પૈસા સામે જોયું પણ નહી. તેમણે અત્યંત શાંતિથી પોતાની પૂજાની થાળી ઉઠાવી, જયેશની આંખોમાં આંખ નાખીને ગંભીર અવાજે એક જ વાક્ય કહ્યું, શેઠ... **''ખિસ્સામાં પડેલો કાગળનો ટુકડો સમય બદલી શકે છે, પણ માણસનું નસીબ નહી.''** જ્યારે આ કાળિયા ઠાકોરની કોર્ટમાં હિસાબ માંગવામાં આવે છે ને, ત્યારે દુનિયાની બધી બેંકોના સર્વર ડાઉન થઈ જાય છે. તારું આકાશ જેવડું અભિમાન કાલે સૂરજ ઊગતા પહેલા આ ગોમતીના નીરમાં ડૂબી જશે... આ મારો શ્રાપ નથી, કાળની ચેતવણી છે, જયેશ જોરથી હસવા લાગ્યો અને એ સાધુને પાગલ ગણાવીને પોતાની વૈભવી હોટેલ તરફ ચાલ્યો ગયો. તેને ક્યાં ખબર હતી કે સાધુના એ શબ્દો બ્રહ્માસ્ત્રની જેમ છૂટી ગયા હતા. રાત્રે હોટેલના આલીશાન રૂમમાં જયેશ સૂતો હતો. રાતના બરાબર ૨:૩૦ વાગ્યા હતા, ત્યારે અચાનક એનો ફોન રણક્યો. કેનેડાથી એના મુખ્ય ફાઈનાન્સ મેનેજરનો ફોન હતો. સામેથી ફોનમાં જે સમાચાર મળ્યા, એ સાંભળીને જયેશના પગ નીચેથી જમીન ખસી ગઈ. તેના હાથમાંથી ફોન છૂટીને નીચે પડ્યો. જયેશના હાથમાંથી પડેલા ફોનમાંથી હજુ પણ તેના ફાઈનાન્સ મેનેજરનો અવાજ આવી રહ્યો હતો. જયેશ ધ્રૂજતા હાથે નીચે બેઠો અને ફોન કાને લગાવ્યો. સામેથી મેનેજરે જે કહ્યું તે સાંભળીને જયેશના પગ તળેથી જમીન સરકી ગઈ.

જયેશ સર... બધું જ ખતમ થઈ ગયું છે, તમારો પાર્ટનર માઈકલ કંપનીના તમામ ફંડ્સ અને તમારી અંગત સંપત્તિ પોતાના નામે ટ્રાન્સફર કરીને ફરાર થઈ ગયો છે. એટલું જ નહ, તેણે તમારા નામે એક મોટું ઇન્ટરનેશનલ ફ્રોડ કર્યું છે. કેનેડિયન સરકારે તમારા તમામ બેંક એકાઉન્ટ્સ, ક્રેડિટ કાર્ડ્સ અને પ્રોપર્ટી સીઝ કરી દીધા છે. ઇન્ટરપોલ ગમે ત્યારે તમારી ધરપકડ કરી શકે છે. આપણી પાસે હવે એક રૂપિયો પણ બચ્યો નથી. જયેશની આંખો ફાટી ગઈ. જે પૈસાનો તેને ગર્વ હતો, તે એક જ રાતમાં હવામાં ઓગળી ગયો હતો. રાત માંડ માંડ વીતી. સવાર પડતા જ હોટેલના રૂમનો દરવાજો ખખડ્યો. સામે હોટેલનો મેનેજર ઊભો હતો, જેના ચહેરા પર ગઈકાલ જેવો આદર નહોતો.

મિસ્ટર જયેશ, તમારા તમામ ક્રેડિટ કાર્ડ્સ ડિક્લાઈન થઈ ગયા છે. ન્યૂઝ ચેનલો પર તમારા ઇન્ટરનેશનલ ફ્રોડના સમાચાર ચાલી રહ્યા છે. તમે તાત્કાલિક અમારો રૂમ ખાલી કરી દો, નહ તર અમારે પોલીસ બોલાવવી પડશે. જયેશનો અહંકાર હજુ મર્યો નહોતો. તેણે ગુસ્સામાં બૂમ પાડી, તારી હિંમત કેમ થઈ મારી સાથે આવી રીતે વાત કરવાની ? હું એક કલાકમાં તારી આખી હોટેલ ખરીદી શકું છું, પણ આ વખતે તેનો અવાજ ખોખલો હતો. તેના બોડીગાર્ડ્સ અને ડ્રાઈવર પણ સમાચાર સાંભળીને સવાર પડતા જ ગાયબ થઈ ગયા હતા. થોડી જ વારમાં, કેનેડાનો અબજોપતિ જયેશ, તેની પત્ની રીટા અને બીમાર દીકરો આરવ, પોતાના બે-ત્રણ બેગ સાથે દ્વારકાના રસ્તા પર ઊભા હતા. ખિસ્સામાં રોકડા તો હતા જ નહ, કારણ કે જયેશ હંમેશા કાર્ડ જ વાપરતો. તેણે પોતાના સગા-સંબંધીઓ અને મિત્રોને ફોન કર્યા, પણ જે લોકો ગઈકાલ સુધી તેની આગળ-પાછળ ફરતા હતા, તેમણે ફોન ઉપાડવાના જ બંધ કરી દીધા. ભરબપોરનો તડકો, દ્વારકાની ભીડ અને માથા પર કોઈ છત નહ . રીટા એક શબ્દ પણ બોલ્યા વગર જયેશની સાથે ચાલી રહી હતી. તેને પોતાના પતિના અહંકાર કરતા પોતાના પરિવારની વધુ ચિંતા હતી. અચાનક, ભીડભાડ વાળા રસ્તા પર ચાલતા ચાલતા આરવના શ્વાસ ફૂલવા લાગ્યા. તેને પરસેવો વળવા માંડ્યો અને તે બેભાન થઈને રસ્તા પર ઢળી પડ્યો. રીટાએ ચીસ પાડી, આરવ, આરવ શું થયું તને ? જયેશ, જલ્દી કંઈક કરો, આની તબિયત ફરી બગડી રહી છે.. જયેશ હાંફળો-ફાંફળો થઈ ગયો. તેણે આરવને ખોળામાં ઊંચક્યો અને નજીકની એક નાની હોસ્પિટલમાં દોડી ગયો. ડોક્ટરે આરવને તપાસ્યો અને કહ્યું, તમારા દીકરાની ન્યુરોલોજીકલ કન્ડિશન ફરીથી વકરી છે. સ્ટ્રેસના કારણે તેને આવું થયું છે. જો તેને તાત્કાલિક એક ઈન્જેક્શન નહ અપાય તો તેનો જીવ જઈ શકે છે. ઈન્જેક્શન અને સારવાર માટે તાત્કાલિક ૫૦,૦૦૦ રૂપિયા કાઉન્ટર પર જમા કરાવો. ૫૦,૦૦૦ રૂપિયા, ગઈકાલ સુધી જે માણસ માટે ૫૦ લાખ રૂપિયાની કોઈ કિંમત નહોતી, તે આજે ૫૦ હજાર માટે લાચાર હતો. જયેશે ડોક્ટરને કરગરતા કહ્યું, ડોક્ટર સાહેબ, મારી પાસે અત્યારે રોકડા નથી, પણ તમે ઈલાજ શરૂ કરો, હું ગમે ત્યાંથી પૈસાની વ્યવસ્થા કરું છું. પ્લીઝ

# MULTIPLE INVESTMENTS

**Empowering Financial Freedom**

**Call: +91 8850 640 843**

**www.multipleinvestments.in | multiplefinancial21@gmail.com**

**Contact us for the following:**

- **Mutual Funds (SIPs)**
- **Fixed Deposits**
- **Mediclaim**
- **Life Insurance & Term Plan**
- **Tax Planning**

Give Life To Your
**Money**
By Making it
**Grow**

**Please feel free to reach out to us at**

**Deepali Ajmera**
+ 91 8850 640 843 (BE, MBA)

**Siddharth Ajmera**
+ 91 9820 812 302 (Chartered Accountant)

Address: 2301-2302, Infinity Elements, Liberty Garden, Malad (West), Mumbai- 400064

કાયમી સંપર્ક: નવકાર ફુડ પાર્સલ પોઈન્ટ
સુકેતુભાઈ (જોરાવરનગર)

**મો.૯૦૯૯૯ ૨૨૫૮૯ / ૦૯૦૯૯૯ ૨૨૪૨૬**

**ફોન: (૦૨૭૫૨) ૨૨૨૫૮૯**

મુંબઈ થી બોટાદ પાલીતાણા અને ભાવનગર જતા જૈન યાત્રીકો માટે પ્યોર જૈન ત્થા મુંબઈથી ગીરનાર જતા યાત્રીકો માટે

## નવકારશીની વ્યવસ્થા (ચા-દૂધ-નાસ્તો)

**(ગ્રુપ બુક ગ પણ કરવામાં આવે છે.) ઉકાળેલા પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ છે. અમારે ત્યાં દરેક નાસ્તા શુધ્ધ - સાત્વીક - પ્યોર જૈન ફુડ મળશે અને તમારા ઓર્ડર મુજબ ગરમ નાસ્તો બનાવી આપીશું**

સૌરાષ્ટ્ર જનતા - સૌરાષ્ટ્ર મેલમાં રાજકોટ - વાંકાનેર - સુરેન્દ્ર નગર થી મુંબઈ જતા યાત્રીકો માટે અગાઉ બુક ગ કરાવવાથી જૈન ભોજનની વ્યવસ્થા સુરેન્દ્રનગરમાં ઉપલબ્ધ છે.

વોટ્સઅપ : ચિરાગ મો.૯૮૭૯૨૭૭૯૭૩,
સુકેતુ મો.૯૩૭૪૬ ૭૮૯૧૦

સુરેન્દ્રનગર ગેટ સ્ટેશને જમવાનું મળશે.

Rajesh : 98243 43499
Dhruvin : 90334 82510

Jai Jinendra

(O) : 0265 - 2422411
98250 42266

# SULSA TRAVELS

CONTACT FOR SAFE AND COMFORTABLE JOURNEY

HONDA CITY, SWIFT DZIRE, INNOVA, INDICA, INDIGO, TAVERA, ENJOY, WINGER, TEMPO TRAVELLER, MINI BUS, LUXURY BUS

All Vehicles Available in A/C & NON A/C



E-MAIL : sulsatravels@gmail.com

Opp. Lalji Kui Masjid, Nagarwada, Vadodara

# Vision OPTICS

SINCE 1991

**Opticals & Contact Lenses**

9, Laxmi Palace, 60 Feet Road, Ghatkopar (East), Mumbai - 400 077.
91-22-2501 6161
93235 29352
visionoptics1991@gmail.com

1 & 2 , Vaibhav Residency, Plot No. NDR 22 , Tilaknagar, Chembur (West) , Mumbai-400089.
91-22-2528 6161
99309 29352
visionopticschembur@gmail.com

follow us on :

મારા દીકરાને બચાવી લો. ડોક્ટરે સહાનુભૂતિથી કહ્યું, ભાઈ, ઈન્જેક્શન મારે બહારથી મંગાવવું પડશે અને મેડિકલ સ્ટોરવાળા રોકડા લીધા વગર દવા નહી આપે. તમારી પાસે માત્ર બે કલાક છે. જયેશ હોસ્પિટલની બહાર દોડ્યો. તે રસ્તા પર આવતા-જતા અજાણ્યા લોકોને મદદ માટે આજીજી કરવા લાગ્યો, ભાઈ, પ્લીઝ મને થોડા પૈસા ઉછીના આપો, મારો દીકરો મરી જશે. પણ લોકો તેને કોઈ ફ્રોડ કે ભિખારી સમજીને અવગણી રહ્યા હતા. ત્યારે જ તેને પેલો સાધુ યાદ આવ્યો. ગઈકાલે ગોમતી ઘાટ પર તેણે ૫૦૦-૫૦૦ ની નોટોના બંડલ ફેંક્યા હતા, તેને સાધુના શબ્દો યાદ આવ્યા, કે કાળિયા ઠાકોરની કોર્ટમાં બેંકોના સર્વર ડાઉન થઈ જાય છે. જયેશ પાગલની જેમ ગોમતી ઘાટ તરફ દોડ્યો. તેના પગમાંથી જૂતાં ક્યાંય નીકળી ગયા હતા. તે ઉઘાડા પગે, ધગધગતા રસ્તા પર દોડી રહ્યો હતો.

ઘાટ પર પહોંચીને તેણે જોયું તો... ત્યાં કોઈ નહોતું, એ સાધુ ત્યાંથી જઈ ચૂક્યા હતા. જયેશ ઘૂંટણભેર જમીન પર બેસી ગયો. તેની આંખોમાંથી આંસુની ધાર વહેવા લાગી. તેનો દીકરો હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યો હતો અને તે કંઈ જ કરી શકે તેમ નહોતો. તેનું બધું જ અભિમાન ગોમતીના નીરમાં ડૂબી ગયું હતું. જે માણસે ગઈકાલ સુધી દુનિયાને પોતાના ખિસ્સામાં હોવાનો દાવો કર્યો હતો, તે આજે ભગવાનની ચોખટ પર ભિખારી બનીને કરગરી રહ્યો હતો. હે દ્વારકાધીશ, મને માફ કરી દો...જયેશે આકાશ તરફ જોઈને બંને હાથ જોડ્યા, મારા અહંકારની સજા મારા દીકરાને ના આપો,મારી બધી જ સંપત્તિ લઈ લ્યો, પણ મારા દીકરાના શ્વાસ પાછા આપી દયો પ્રભુ. એના આંસુઓ ગોમતી નદીના નીરમાં ભળી રહ્યા હતા. આ એના જીવનની પહેલી સાચી અને નિસ્વાર્થ પ્રાર્થના હતી. ત્યારે જ પાછળથી કોઈએ એના ખભે હાથ મૂક્યો. જયેશે આંસુ લૂછતા પાછળ જોયું તો ઘાટ પર ચા વેચતો એક નાનો છોકરો ઊભો હતો. છોકરાએ પૂછ્યું, શેઠ, તમારું નામ જયેશ છે? જયેશે આશ્ચર્યથી માથું હલાવ્યું. છોકરાએ પોતાના ખિસ્સામાંથી એક નાની કાપડની થેલી કાઢી અને જયેશના હાથમાં મૂકતા કહ્યું, ગઈકાલે સાંજે પેલા વૃદ્ધ સાધુબાબા આ થેલી મને આપીને ગયા હતા. એમણે કહ્યું હતું કે આજે બપોરે એક માણસ પોતાના ઉઘાડા પગે, રડતો રડતો અને પોતાનો બધો જ ઘમંડ તોડીને અહી પાછો આવશે. જ્યારે એ આવે, ત્યારે આ થેલી એને આપી દેજે, એને આની સખત જરૂર હશે.

જયેશે ધ્રૂજતા હાથે થેલી ખોલી. અંદર એ જ ૫૦૦-૫૦૦ ની નોટોનું બંડલ હતું જે તેણે ગઈકાલે પોતાના અહંકારમાં પેલા સાધુના મોં પર ફેંક્યું હતું, પેલા સાધુએ એ પૈસા પોતાના માટે નહોતા રાખ્યા, પણ તેમને ખબર હતી કે કાળનું ચક્ર ફરશે ત્યારે આ જ અહંકારી માણસને પોતાના દીકરાનો જીવ બચાવવા આ જ પૈસાની જરૂર પડશે. જયેશને હવે સમજાઈ ગયું હતું કે એ સાધુ કોઈ સામાન્ય નહોતા, પણ ખુદ દ્વારકાધીશનો કોઈ સંકેત હતો, જે એનો ઘમંડ તોડવા અને એને સાચો રસ્તો બતાવવા આવ્યા હતા. જયેશે એ નોટોને પોતાના માથે અડાડી, ઘાટની માટી પોતાના કપાળે લગાવી અને પાગલની જેમ હોસ્પિટલ તરફ દોટ મૂકી. તેણે કાઉન્ટર પર પૈસા જમા કરાવ્યા. આરવને તાત્કાલિક ઈન્જેક્શન આપવામાં આવ્યું. અડધા કલાકની મહેનત અને પ્રાર્થનાઓ પછી, ડોક્ટર બહાર આવ્યા અને સ્મિત કરતા કહ્યું, ચમત્કાર થઈ ગયો છે, તમારો દીકરો હવે ખતરાની બહાર છે. આ સાંભળતા જ જયેશ જમીન પર બેસી ગયો અને રીટાના પગ પકડીને ધ્રૂસકે ને ધ્રૂસકે રડી પડ્યો. મને માફ કરી દે રીટા, તારો ભગવાન સાચો છે અને મારો પૈસાનો પાવર સાવ ખોટો. મેં પૈસાથી બધું ખરીદવાની કોશિશ કરી, પણ મારા દીકરાના શ્વાસ આ કાળિયા ઠાકોરની ભિક્ષા છે. રીટાએ તેને ઊભો કરીને ગળે લગાવી લીધો. બીજા દિવસે સવારે જયેશના ફોન પર કેનેડિયન એમ્બેસીથી કોલ આવ્યો. મિસ્ટર જયેશ, ગુડ ન્યૂઝ, તમારો પાર્ટનર માઈકલ એરપોર્ટ પર પકડાઈ ગયો છે. તેણે ફ્રોડ કબૂલી લીધું છે. સરકારે તમારા તમામ એકાઉન્ટ્સ અને પ્રોપર્ટી પરથી ફ્રીઝ હટાવી લીધું છે. યુ આર અ ફ્રી મેન નાઉ. જયેશનું સામ્રાજ્ય તેને પાછું મળી ગયું હતું, પણ હવે તે જૂનો જયેશ નહોતો રહ્યો. તેણે કેનેડા પાછા ફરતા પહેલા ગોમતી ઘાટ પાસે જમીન તો ખરીદી, પણ કોઈ ફાઈવ-સ્ટાર હોટેલ બનાવવા માટે નહી, તેણે ત્યાં ગરીબો અને અનાથ લોકો માટે એક અત્યાધુનિક 'ફ્રી હોસ્પિટલ અને અન્નક્ષેત્ર' બનાવવાની જાહેરાત કરી.

મિત્રો, **''પૈસાથી તમે સુવિધા ખરીદી શકો છો, પણ શાંતિ કે આયુષ્ય નહી.''** સમય ક્યારે કરવટ બદલશે તે કોઈને ખબર નથી હોતી. એટલે જ્યારે તમારી પાસે સત્તા અને સંપત્તિ હોય, ત્યારે અહંકાર કરવાને બદલે બીજાની મદદ કરો. કારણ કે જ્યારે ઉપરવાળાની લાકડી પડે છે ને, ત્યારે અવાજ નથી આવતો, પણ વાગે છે બહુ જોરદાર.

મિત્રો, જો આ વાર્તાએ ખરેખર તમારા દિલને સ્પર્શ કર્યો હોય અને તમને એવું લાગતું હોય કે ભગવાનના દરબારમાં અહંકાર નહી પણ ભાવના ચાલે છે.

## સગપણ સમસ્યા
## મિટીંગમાં સવાલ જવાબ

યુવતી : કેટલું કમાવ છે ?

યુવક : હાલમાં તો પિતા સાથે કામ શરૂ કર્યું છે. અત્યારે અંદાજે મહિને આવક દશ હજાર છે.

યુવતી : એટલા રૂપિયામાં ઘર ખર્ચ અને મારા સ્વપ્નો (નાઝ-નખરાં) કેવી રીતે ઉઠાવી શકશો ?

યુવક : મને વિશ્વાસ છે, થોડા સમયમાં વધારે કમાતો થઈશ.

યુવતી : તેની ખાત્રી શું ?

યુવક : એક સવાલ પૂછું છું. ખરાબ ન લગાડશો. તમારા પિતાની કમાણી પણ કંઈ એટલી બધી નથી. તો પણ તમે તેમના ઘરમાં બાવીશ વર્ષ કાઢી નાંખ્યા ને ? હું તમને એના કરતાં વધુ સારી રીતે રાખીશ. અને અમારી સંયુક્ત કુટુંબની આવક છે.

યુવતી : છોકરીનું ભવિષ્ય એના બાપના ઘરમાં નથી લખાયેલું હોતું. એના પતિના ઘરમાં લખાયેલું હોય છે.

યુવક : હું તમને એ જ સમજાવી રહ્યો છું. કદાચ એવું પણ બને કે તમે આવો ને તમારા પગલે મારા ઘરમાં સમૃદ્ધિ આવે !

યુવતી : હું ત્યાં લગી રાહ જોવા તૈયાર નથી. મારે જાણવું છે, તમારું કઇ બેંકમાં ખાતું છે ? એ ખાતામાં કેટલા રૂપિયા જમા છે ? મને તમારા બેંક એકાઉન્ટની પાસબુક અને ધંધાનું બેલેન્સ શીટ બતાવી શકશો ? (સાવ નિર્લજ્જપણે પૂછાયેલા આ સવાલો સાંભળીને યુવકના દિલમાં ચિરાડો પડી ગયો. પણ યુવકે સાચો જ જવાબ આપ્યો.)

યુવક : ના, મારું એક પણ બેંકમાં સેવિંગ્ઝ એકાઉન્ટ નથી. અમારી આવક સંયુક્ત કૌટુંબિક આવક ગણાય છે.

અને બીજા દિવસે યુવતીના ઘરેથી સંદેશો આવ્યો, તમારી આર્થિક સ્થિતિ સારી નથી એટલે અમારી દિકરીની સગાઇ તમારે ત્યાં શક્ય નથી.

બીજો કિસ્સો : સગાઇ થયા પછી યુવક-યુવતી બહાર ફરવા ગયા. લાંબે જવાનું હોવાથી યુવકે ટૅક્ષી કરવાના બદલે ઉ.ઊ. બસમાં યુવતીને લઇ ગયો. તે દિવસે યુવતી કંઇ ન બોલી પણ બીજે દિવસે યુવતીના ઘરેથી સંદેશો આવ્યો કે દિકરીને અનુકૂળતા નથી તેથી સગાઇ ફોક કરીએ છીએ. (સત્ય હકીકતો થોડા ફેરફાર સાથે)

**વાંચકોને પ્રતિભાવ લખી મોકલવા આમંત્રણ**

૧. શું કન્યા પક્ષે ઉતાવળે લીધેલ નિર્ણય યોગ્ય છે ?

૨. શું કન્યાના મા-બાપ દીકરી ને સગપણ માટે સમજાવી શક્યા હોત ? થયેલ સગપણ તૂટતુ બચાવી શક્યા હોત?

# ZBF તલાશ - ૪ સાંસ્કૃતિ કાર્યક્રમ ઉજવાયો
## યુવા પ્રતિભાઓની કલા નુ સુંદર અભિનય દ્વારા પ્રદર્શન

ઝાલાવાડ બિઝનેસ ફોરમ (ZBF) - એક ઝાલાવાડી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સામુદાયિક મંચ છે, જે છેલ્લા ૧૫ વર્ષથી સક્રિય છે અને સમાજના સભ્યો માટે કામ કરી રહ્યું છે. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ, ZBF એ ચોથી ટેલેન્ટ હન્ટ સ્પર્ધાઃ તલાશ-૪ (TALAASH-4) નો ભવ્ય ફિનાલે સંપન્ન કર્યો છે.

તલાશ-૪ -ઝાલાવાડ્સ ગોટ ટેલેન્ટ ગ્રાન્ડ ફિનાલે મુંબઈની વિવિધ પ્રતિભાઓની ઉજવણી કરે છે.

ઝાલાવાડ મુંબઈ સમાજની મુખ્ય ટેલેન્ટ-સર્ચ પહેલ, 'તલાશ-૪ - ઝાલાવાડ્સ ગોટ ટેલેન્ટ' નો આતુરતાથી રાહ જોવાતો ગ્રાન્ડ ફિનાલે ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ મુંબઈના મુકેશ પટેલ ઓડિટોરિયમમાં ખૂબ જ ઉત્સાહ અને ધામધૂમથી યોજાયો હતો. આ ગ્રાન્ડ ફિનાલેમાં સમગ્ર મુંબઈમાંથી પ્રતિભાઓનો અદભુત સંગમ જોવા મળ્યો હતો અને ઉત્સાહી પ્રેક્ષકો દ્વારા તેને ખૂબ જ આવકારવામાં આવ્યો હતો.

ગ્રાન્ડ ફિનાલેની શરૂઆત શુભ નવકાર મંત્રથી થઈ હતી, ત્યારબાદ રાષ્ટ્રગીત ગાવામાં આવ્યું હતું, જેણે સામુદાયિક ભાવના, સાંસ્કૃતિક મૂલ્યો, દેશભક્તિ અને ઉત્સવના સંગમની સાંજનો માહોલ તૈયાર કર્યો હતો.

આ કાર્યક્રમ ઓડિશનથી શરૂ થયેલી એક રોમાંચક સફરની પૂર્ણાહુતિ હતી, ત્યારબાદ અત્યંત સ્પર્ધાત્મક સેમી-ફાઇનલ રાઉન્ડ યોજાયો હતો, જેમાં ૮૦ થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. કડક પસંદગી પ્રક્રિયા પછી, ૩૩ પ્રતિભાશાળી સ્પર્ધકો ગ્રાન્ડ ફિનાલેમાં પહોંચ્યા, જ્યાં તેઓએ 'ઝાલાવાડ્સ ગોટ ટેલેન્ટ' ના પ્રતિષ્ઠિત ખિતાબ માટે સ્પર્ધા કરી હતી.

તલાશ-૪ ને જે બાબતે ખાસ બનાવી તે સમગ્ર મુંબઈમાંથી મળેલો વ્યાપક પ્રતિસાદ હતો. ઉત્તરમાં વિરાર અને વસઈથી લઈને બોરીવલી, કાંદિવલી, મલાડ, ગોરેગામ, અંધેરી, વિલે પાર્લે, માટુંગા, સાયન, મુલુંડ અને મુંબઈના અન્ય ભાગોમાંથી ઝાલાવાડ સમાજના સભ્યો મોટી સંખ્યામાં ભાગ લેવા, સપોર્ટ કરવા અને પ્રતિભાની ભાવનાની ઉજવણી કરવા એકઠા થયા હતા. આ ઇવેન્ટ ખરેખર એક શહેર-વ્યાપી ઉત્સવ બની ગઈ જેણે સમગ્ર મુંબઈમાંથી ઝાલાવાડ સમુદાયને એક તાંતણે બાંધ્યો.

'તલાશ-૪ - ઝાલાવાડ્સ ગોટ ટેલેન્ટ' માં વિવિધ પ્રકારના પ્રદર્શન જોવા મળ્યા હતા. ફાઇનલિસ્ટોએ સોલો સિંગિંગ (એકપાત્રીય ગાયન), ડ્યુએટ સિંગિંગ (યુગલ ગાયન), ગ્રુપ ડાન્સ (સમૂહ નૃત્ય), સોલો ડાન્સ (એકપાત્રીય નૃત્ય) અને અન્ય અનોખી પ્રતિભા શ્રેણીઓમાં સ્પર્ધા કરી હતી. 'અધર એક્ટ્સ' (અન્ય પ્રદર્શન) શ્રેણી ખાસ કરીને આકર્ષક હતી, જેમાં એરિયલ એક્ટ્સ (હવાઈ કરતબો), કેસિઓ, પિયાનો અને કીબોર્ડ પરફોર્મન્સ, સેન્ડ આર્ટ (રેતી શિલ્પ કળા), અને હુલા હૂપિંગ સાથે રૂબિક્સ ક્યુબનું અનોખું પ્રદર્શન, તેમજ અન્ય ઘણી સર્જનાત્મક અને બિનપરંપરાગત પ્રસ્તુતિઓ સામેલ હતી.

આ સાંજ માત્ર એક ટેલેન્ટ સ્પર્ધા નહોતી પરંતુ સર્જનાત્મકતા, આત્મવિશ્વાસ, ખંત અને સામુદાયિક ભાવનાનો ઉત્સવ હતી. અલગ-અલગ વય જૂથના સ્પર્ધકોએ અદભુત ઉત્સાહ સાથે સ્ટેજ ગજવ્યું અને ઝાલાવાડ સમુદાયની અંદર રહેલી પ્રતિભાની ઊંડાણ અને વિવિધતા પ્રદર્શિત કરી. પ્રેક્ષકોએ ખૂબ જ ઉષ્મા, પ્રશંસા અને તાળીઓના ગડગડાટ સાથે પ્રતિસાદ આપ્યો, જેણે આ ગ્રાન્ડ ફિનાલેને સ્પર્ધકો અને પ્રેક્ષકો બંને માટે યાદગાર સાંજ બનાવી દીધી.

આ પ્રસંગના ઉત્સાહમાં ઉમેરો કરતા, સ્વતંત્રતા દિવસની ઉજવણી પણ ભારે દેશભક્તિના જોશ સાથે કરવામાં આવી હતી. સમગ્ર ઓડિટોરિયમમાં ગર્વથી ત્રિરંગા લહેરાયા હતા, જ્યારે પ્રેક્ષકોએ તેમના મોબાઈલ ફોનની ટોર્ચ ચાલુ કરીને આખા સ્થળને પ્રકાશિત કરી દીધું હતું, જેનાથી એક અદભુત અને ભાવનાત્મક વાતાવરણ ઊભું થયું હતું. જનમેદનીના સામૂહિક ઉત્સાહે ઉજવણીમાં એક ખાસ પરિમાણ ઉમેર્યું અને સાંજને વધુ યાદગાર બનાવી દીધી.

તલાશ-૪ ના સફળ આયોજનનું નેતૃત્વ ચેરમેન શ્રી રાજીવ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમના એકંદર માર્ગદર્શન હેઠળ શ્રી રાહુલ સંઘવીએ આ પહેલની આગેવાની લીધી હતી. ૫ કન્વીનર્સ અને ૫૦ કોઓર્ડિનેટર્સની સમર્પિત ટીમ દ્વારા આ કાર્યક્રમનું સચોટ સંકલન અને અમલીકરણ કરવામાં આવ્યું હતું, જેમના ઝીણવટભર્યા આયોજન, માર્ગદર્શન અને સામૂહિક પ્રયાસોએ ગ્રાન્ડ ફિનાલેની સફળતામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

આ કાર્યક્રમમાં ઝાલાવાડ સમાજના અગ્રણીઓ, તેમજ પ્રતિષ્ઠિત મહેમાનો, સમુદાયના આગેવાનો, શુભેચ્છકો અને પરિવારો ઉપસ્થિત રહ્યા હતા જેઓ સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા અને ઉજવણી કરવા માટે એકઠા થયા હતા. તેમની હાજરીએ આ પહેલેથી જ જીવંત સાંજના વૈભવમાં વધુ વધારો કર્યો.

તલાશ-૪ નું સફળ સંચાલન તેના સ્પોન્સર્સ (પ્રાયોજકો) અને શુભેચ્છકોના ઉદાર સહયોગથી શક્ય બન્યું હતું. માનબા ફાઇનાન્સ (Manba Finance) શ્રી મનિષભાઈ કીરીટભાઈ શાહ મુખ્ય સ્પોન્સર હતા, જ્યારે હાઉસ ઓફ શ્વે (House of Shwe) ના શ્રીમતી શ્વેતા રૂપેશભાઈ શાહ અને સમ્યક જ્ઞાન ફાઉન્ડેશન (Samyak Gyan Foundation) ના શ્રીમતી ફાલ્ગુની હરનીષભાઈ શાહ એસોસિએટ સ્પોન્સર્સ હતા, તેમજ અન્ય ઘણા સ્પોન્સર્સ અને સમર્થકોએ પણ આ પહેલની સફળતામાં ફાળો આપ્યો હતો.

આ મનોરંજન અને સાંસ્કૃતિક કાર્યક્રમનું સંચાલન (એન્કર) અમ્રિતા નિશીત વોરા, જતીન શાહ અને યતિન નારિચાણીયા બહુમાન કાર્યક્રમનું મંત્રી શ્રી રાહુલ સંઘવી અને શ્રી મનોજ શાહ (મુલુંડ) કરેલ હતુ.

આ કાર્યક્રમ વિશે વાત કરતા, આયોજકોએ મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદ પર ખુશી વ્યક્ત કરી હતી અને ભારપૂર્વક જણાવ્યું હતું કે 'તલાશ' એ માત્ર એક પ્રતિભા સ્પર્ધા નથી - તે એક એવું પ્લેટફોર્મ છે જે વ્યક્તિઓને તેમની પ્રતિભા શોધવા, વિકસાવવા અને પ્રદર્શિત

કરવાની તક પૂરી પાડે છે. આ પહેલ સાંસ્કૃતિક જોડાણ, સહભાગિતા અને સામુદાયિક બોન્ડિંગ (એકતા) માટે અર્થપૂર્ણ પ્લેટફોર્મ બનાવવા માટે સમાજની પ્રતિબદ્ધતાને પણ પ્રતિબિંબિત કરે છે.

મુંબઈના દરેક ખૂણેથી અને તેના આસપાસના ઉપનગરોમાંથી ભાગીદારી મળવાને કારણે, તલાશ-૪ એ ગ્રાન્ડ ફિનાલેને સફળતાપૂર્વક એક એવી ઉજવણીમાં ફેરવી દીધો જે સ્પર્ધાથી પર હતી - તે ઝાલાવાડ સમાજની પ્રતિભા, એકતા અને જીવંત સામુદાયિક ભાવના નું પ્રદર્શન બની ગઈ.

ગ્રાન્ડ ફિનાલેનો સુખદ અંત આવ્યો, જેણે પ્રેક્ષકોનું મનોરંજન કર્યું, તેમને પ્રેરણા આપી અને 'તલાશ' ની આગામી આવૃત્તિ માટે આતુર કરી દીધા. ભારે ઉત્સાહ અને પ્રતિસાદે આ પહેલ પાછળના વિઝનને વધુ મજબૂત બનાવ્યું છે અને આગામી વર્ષોમાં પ્રતિભાની તેનાથી પણ મોટી ઉજવણી માટે સ્ટેજ તૈયાર કર્યું છે.

તલાશ-૪ એ ફરી એકવાર સાબિત કરી દીધું કે પ્રતિભાને કોઈ સીમાઓ હોતી નથી - અને જ્યારે કોઈ સમુદાય તેની ઉજવણી કરવા માટે એકસાથે આવે છે, ત્યારે તેનું પરિણામ ખરેખર અસાધારણ હોય છે.

## ZBF તલાસ - ૪

૧) સ્પોન્સર્ડ : માનબા ફાયનાન્સ

૨) એસોસિયેટ સ્પોન્સર : હાઉસ ઓફ શ્વે : શ્રીમતી શ્વેતા રૂપેશ શાહ

૩) સમ્યકજ્ઞાન ફાઉન્ડેશન : શ્રીમતી ફાલ્ગુની હરનીશ શાહ

૪) ગોલ્ડન પિલર્સ

★ શ્રી રાજીવ શાહ : સમર્થ લાઈફ સાયન્સ

★ કિરણ શાહ : ટીપટોપ ઈમ્પેક્ષ

★ રાહુલ સંઘવી : માનવ જેમ્સ

★ હરનીશ શાહ : સમ્યક જ્ઞાન ફાઉન્ડેશન

★ મનોજ શાહ : રેઈનબો ઈન્ટરનેશનલ

૫) ટ્રોફી સ્પોન્સર : સી.એમ. ગાંધી ગ્રુપ

૬) ટિકિટ સ્પોન્સર : દિપેન શાહ, જે.પી. મિડાસ ઈન્ટરનેશનલ

૭) ગિફ્ટ સ્પોન્સર : સમીર સંઘવી, વિકાસ ગેસ એજન્સી

૮) ટીમ સ્પોન્સર

(એ) વેસ્ટર્ન વોરિર્સ - વિન્ટ્રેક્ષ એસોસિએશન એજન્સી અને બિયોન્ડ એલાયન્શ

(બી) ઈસ્ટર્ન આઈકોન્સ ઓફશોર સર્વિસીસ

(સી) સાયન લાઈન્સ કોમ્પ્રાસ

(ડી) મલાડ-ગોરેગાંવ ચેલેન્જર્સ : ફાલ્ગુની હરનીશ શાહ : સમ્યકજ્ઞાન ફાઉન્ડેશન

## ઝાલાવાડ જૈન સગપણ સેતુ

**અભૂતપૂર્વ પ્રતિસાદ બદલ આભાર : ૩૦ ૨૦૨૬ સુધીમાં ૧૮૦ થી વધારે ઉમેદવારો નોંધાયા**

મુંબઈના વિભિન્ન જૈન સમાજમાં ૧૧૫ વર્ષના વટવૃક્ષ સમા - ઝાલાવાડ સમાજનું અનેક વિવિધ સેવાકીય પ્રવૃત્તીથી એક આગવું સ્થાન છે. તે માટે પુરોગામીઓએ જે પગદંડી દોરી હતી. સમાજનું જે રીતે ઘડતર નિઃસ્વાર્થ ભાવે કર્યુ હતું. સમાજ શ્રેષ્ઠીઓ, દાતાઓ અને વિચારશીલ પ્રબુધ્ધ અગ્રગણ્યોએ શ્રી સંઘને ઉચ્ચ સ્થાને લઈ જવામાં યોગદાન આપેલ છે. વિકાસના કાર્યોને નજર સમક્ષ રાખી પ્રમુખ શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહના નેતૃત્વ વિકાસ યાત્રાને છેલ્લા વર્ષોમાં સૌથી પ્રબળ ઝડપનો વેગ મળ્યો છે.

વેવિશાળના વિકટ પ્રશ્નને વર્તમાન સંજોગોમાં હલ કરવા માટે કોઈકે તો પ્રયત્નો કરવા જ રહ્યા. સમાજમાં શિક્ષણ વધ્યું છે. દિકરા-દિકરીની પસંદગીના ધોરણો બદલાયા છે. આજનાં યુવક-યુવતી દરેક રીતે સમકક્ષ બન્યા છે. પસંદગી માટેના અને માપદંડો બદલાયા છે. આપણી રહેણીકરણી - જીવન જીવવાની રીતરસમો બદલાયા છે. સમાજમાં મોભીઓની અછત વર્તાય છે. જે મોભીઓ છે તેઓ પણ સમયાનુસાર આ પ્રશ્નમાં સહાયભૂત થવા ખચકાટ અનુભવી રહ્યા છે. આવા સક્રાંતિ કાળમાં સમાજને ભગવાન ભરોસે ન છોડાય. સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવવાની ફરજ સમજીને હાલના ટેક્નોલોજી અને કોમ્પ્યુટર યુગમાં શરૂઆત ગત જુલાઈ ૨૦૨૪માં કરેલ છે. સફળતા પછી આવું સમય - સંજોગોને અનુરૂપ નવુ સાહસ કરવું જ જોઈએ. તેવી ભાવના પ્રબળ બની છે. પ્રમુખશ્રી, હોદ્દેદારો, ટ્રસ્ટીશ્રી અને કારોબારી કમીટીએ સમાજના વડીલોએ અમારી ભાવનાને સફળ બનાવવા પ્રોત્સાહજનક આજ સુધી પ્રતિસાદ આપ્યો છે. ઝાલાવાડી સમાજ ધીરે ધીરે શ્રી સંઘના આ પ્રયાસની સાથે કદમથી કદમ મિલાવી ચાલશે. એની સંપૂર્ણ શ્રધ્ધા અને વિશ્વાસ સાથે આગળ વધી રહ્યા છીએ. સમાજના પ્રશ્નો હલ કરવાની આપણી સહિયારી જવાબદારી છે.

યુવક-યુવતી પરિચય મિલનનું પાંચ વખત શ્રી સંઘ દ્વારા આયોજન કર્યું છે. તેમજ યુવક-યુવતી પરિચય પુસ્તીકા ત્રણ વખત પ્રકાશીત કરેલ છે. જે સમાજના પરિવારોને ઉપયોગી થયેલ છે. જેના થકી ઘણા એ પ્રભુતા પગલા પાડેલ છે. લગ્ન થયેલ છે. આપ સૌની પ્રબળ પ્રેરણા - ઉત્તમ સહયોગ - અવર્ણનીય સાથ સહકારથી પ્રોત્સાહિત થઈ અમોએ યુવક-યુવતી પરિચય માટે ઝાલાવાડ જૈન સગપણ સેતુ અષાઢી બીજ ને રવીવાર તા.૧૩-૭-૨૦૨૪ થી મંગલ શુભારંભ કરેલ છે. નોંધાયેલ ઉમેદવારો વોટસઅપ થી જોઈ શકશે.

(૧૧) ગ્રેજ્યુએટ, અંડર ગ્રેજ્યુએટ, પ્રોફેશનલ - મંગળ - શની અને વિદેશ જવા ઈચ્છતા હશે તે નોંધાવી શકશે.

માહિતી સંપર્ક : **મો.: ૯૧૩૭૩૪૨૮૧૮ સમય : ૧૧.૩૦ થી ૫.૩૦**

નોંધણી માટે સંપર્ક : **મો.: ૯૮૧૯૩૪૨૮૧૮ સમય : સાંજે ૬.૦૦ થી ૮.૦૦**

# ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક યુવક મંડળ – ઘાટકોપર (ટર્ફ ક્રિકેટ ટુર્નામેન્ટ)

ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક યુવક મંડળ – ઘાટકોપર દ્વારા ૨૦૨૬ માં બિગ બેસ લીગ સીઝન-૩નું આયોજન રવિવારે ૩૧ મે ૨૦૨૬ ના કરવામાં આવેલ હતું. આ ક્રિકેટ ટુર્નામેન્ટ ની શરૂઆત ૨૦૨૧ માં કરવામાં આવેલી હતી. આ બિગ બેસ લીગ સીઝન- ૩માં ખૂબ જ હર્ષ ઉલ્લાસ થી ઝાલાવાડ યુવક મંડળના મેમ્બરોએ સારી સંખ્યામાં ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટ નો ફર્સ્ટ રાઉન્ડ એટલે કે ઓકશન રાઉન્ડ ૧૮ મે ૨૦૨૬, સોમવારના રોજ મેઘદૂત હોટેલ ખાતે રાખવામાં આવેલ હતો. આ ઓકશન માં બિગ બેસ લીગ સીઝન-૩ ના સ્પોન્સર્સ, ટીમ ઓનર્સ, કમિટી મેમ્બર્સ અને કી માર્કી પ્લેયર્સ હાજર હતા.

બીગ બેસ લીગ સીઝન-૩ ના આ ઓકઈન માં સારી એવી સંખ્યામાં સ્પોન્સર્સ અને ટીમ ઓનર્સ એ ભાગ લઈને મંડળના બધા કમિટી મેમ્બર્સનો ઉત્સાહ વધાર્યો હતો. આ ઓકશન ની શરૂઆત કરતા પ્રમુખશ્રી સી.એ. આકાશ આર. પરીખ એ હાજર રહેલ બધા જ ટીમ ઓનર્સ ને આ વખતની ફોર્મેટ કેવી રીતના હશે એને વિસ્તારથી સમજાવવામાં આવ્યું હતું, સાથે જે નિયમ અને કાયદા લાગુ પડશે તેની પણ સમજણ આપવામાં આવીહતી. આ ઓકશન માં બધા પ્લેયરોના બીગ બેસ લીગ સીઝન-૧ અને ૨ ના સ્ટેટેસ્ટિક્સ પ્રોજેક્ટર પર બતાવીને બધી જ ઈન્ફર્મેશન ટીમ ઓનર્સ ને આપ્યા પછી આ ઓકશન ની શરૂઆત કરવામાં આવેલ હતી. બધા પ્લેયરોના સ્ટેટેસ્ટિક્સ હોવાથી ટીમ ઓનર્સ એ પ્લેયરનું સિલેક્શન કરવામાં બહુ સરળતા અનુભવી હતી.પ્લેયર્સ ના સ્ટેટસ જોઈને ટીમ ઓનર્સ વચ્ચે એ પ્લેયરને લેવા માટે સારી એવી કશ્મકશ અને ચડસાચડસી નું વાતાવરણ સર્જાયું હતું, આ વાતાવરણ થી આ ઓકશન નો માહોલ કઈક અલગ જ ઉભરીને આવ્યા હતો. આ ઓક્શન દરમિયાન ટાઈટલ પાર્ટનર, કો પાર્ટનર, ટીશર્ટ પાર્ટનર અને ટ્રોફી પાર્ટનર નુ મોમેન્ટો આપી ને બહુમાન પણ કરવામા આવ્યું હતુ, સાથે દરેક ટીમ ઓનર્સ નુ પણ બહુમાન કરી ને તેનો આભાર માન્ય હતો. આ ઈવેન્ટના ટ્રોફી પાર્ટનર - ઓમ જ્વેલર્સ ના પ્રતિનિધિ એ ટુર્નામેન્ટની ટ્રોફીનું ઉદઘાટન કર્યું હતું. તે સાથે આ ઈવેન્ટના ટીશર્ટ પાર્ટનર મુંગીપા ડેવલપર્સ ના પ્રતિનિધિ એ આ ટુર્નામેન્ટના બધા ટીમના ટીશર્ટ નું પણ અનવીલિંગ કર્યું હતું.

બિગ બેસ લીગ સીઝન-૩ નો મેચ ડે-૩૧/૦૩/૨૦૨૬, ટુર્નામેન્ટ ની ઓપનિંગ સેરિમની બપોરે ૩:૦૦ વાગે રાખેલ હતી. ટુર્નામેન્ટ ચુનાભટ્ટી ખાતે આવેલ વસંત દાદા પાટીલ ટર્ફ ગ્રાઉન્ડ પર રાખેલ હતી, ટૂર્નામેન્ટની શરૂઆત કરતા પ્રમુખશ્રી સી.એ. આકાશ આર. પરીખ એ નવકાર મંત્ર અને નેશનલ એન્થમ નું સ્મરણ કરી બધા સ્પોન્સર્સ અને ટીમ ઓનર્સનો પરિચય આપી પેલી મેચ નો ટોસ કરાવ્યો હતો. ઓપનિંગ સેરિમની મા આપણા ઝાલાવાડ બિઝનેસ ફોરમ (ZBF) ના વાઈસ ચેરમેન શ્રીકિરણભાઈ શાહ અને સેક્રેટરી-શ્રી રાહુલભાઈ શાહ એ હાજરી અપી બધા ખેલાડીઓ નો ઉત્સાહ વધાર્યો હતો. આ સીઝનમાં ટોટલ ૭ ટીમોએ ભાગ લીધો હતો, આ સીઝનની સૌથી સારી વાત એની ફોર્મેટ હતી જેની ખૂબ પ્રશંસા થઈ હતી અને પાર્ટિસિપેટ કરવાવાળી બધી લેડીઝ પ્લેયર્સ એ ટુર્નામેન્ટ પત્યા પછી મંડળનો આભાર માન્યો હતો. પહેલીવાર લેડીઝ અને જેન્ટ્સ ની અલગ અલગ ટીમ ન કરતા ટીમમાં લેડીઝ અને જેન્ટ્સ ની કોમ્બિનેશન વાળી ટીમ બનાવવામાં આવેલ હતી. ટુર્નામેન્ટની ફોર્મેટ અને નિયમ આ વસ્તુને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યા હતા. બધીજ ટીમે ફીમેલ પ્લેયર્સ ને બેટિંગ અને બોલિંગ આપીને આ નિયમોનો ખૂબ જ સારી રીતે ફાયદો લીધો હતો. આ નિયમો ના કારણે લેડીઝ પ્લેયર્સને ઇકવલ ઈમ્પોર્ટન્સ મળ્યું હતું. જોવાની વાત તો એ હતી કે જે ટીમમાં લેડીઝ પ્લેયરે પરફોર્મ કર્યું હતું તે ટીમ આગળ પ્લે-ઓફ સમાં પહોંચી હતી.

યુવક મંડળ - ઘાટકોપર ના ૨૫ વર્ષ પુરા થયા ત્યારે જે ગોલ્ડન પિલર્સ ની યોજના શરુ કરી હતી, જે આગળ પણ ચાલુ રાખી હતી, ૨૦૨૫-૨૦૨૭ ના ૨ વર્ષ માટે ૩૦ આવા ગોલ્ડન પિલર્સ એ મંડલ ને યોગદાન આપ્યુ છે. આ ટુર્નામેન્ટ મા આ બધા ગોલ્ડન પિલર્સ ને સજોડે આમંત્રણ કરવા માં આવ્ય હતા. લગભગ સાંજના ૭:૩૦ કલાકે આપણા બધાજ મેહમાન હાજર થઈ ગયા હતા અને પ્રમુખશ્રીએ સન્માન નો કાર્યક્રમ શરુ કર્યો હતો. આ કાર્યક્રમ વખતે ખેલાડીઓ સહિત લગભાગ ૨૦૦ ઝાલાવડી હાજર હતા. આ સન્માન કાર્યક્રમ મા ઝાલાવાડ યુવક મંડળ-સાયન-માટુંગા-દાદર-વડાલા ના પ્રતિનિધિ એ હાજરી આપી હતી સાથે આપણા ઝાલાવાડ મંડળ-ઘાટકોપર ના પ્રમુખશ્રી કમલેશભાઈ પારેખ, સેક્રેટરી શ્રી અરુણભાઈ શાહ અને શ્રી આશિતભાઈ શાહ, જે આપણા ગોલ્ડન પિલર્સ પણ છે. આ તક જોતા પ્રમુખશ્રી એ યુવક મંડળ ના બીજા સામાજિક પ્રોજેક્ટ ની જાહેરાત કરી હતી અને બધાને આ શુભ કાર્ય માં દાન કરવા ની પ્રેરણા કરી હતી. આ સન્માન નો કાર્યક્રમ પૂર્ણ થતા ૨૫ સિલાઈ મશીનનુ યોગદાન ભેગુ થઈ ગયુ હતું. યુવક મંડળ નો ટાર્ગેટ ૪૦ સિલાઈ મશીનનો હતો. સન્માન નો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ૨ સેમી ફાઈનલ અને ફાઈનલ રમવાની ચાલુ કરી હતી. આ ટુર્નામેન્ટમાં બે રાઉન્ડ રોબીન મેચીસ રમાડવામાં આવેલી હતી, એક રાઉન્ડ રોબીન માં ૭ મેચ હતી, ટોટલ ૧૪ મેચ અને ૨ સેમી-ફાઇનલ મેચ પછી ૨ ટીમ ફાઇનલ મા પહોંચીહતી - શ્રી વીરલ શેઠ ની દર્પણ ડેવિલ્સ અને શ્રી ભાવિક વોરા ની વીરયોદ્ધાસ. બિગ બેસ લીગ સીઝન-૩ ના ચેમ્પિયન્સ ફાઇનલ મેચના વિનર્સ શ્રી ભાવિક વોરા ની વીર યોદ્ધાસ હતી અને ટુર્નામેન્ટના રનરઅપ શ્રી વીરલ શેઠ ની દર્પણ ડેવિલ્સ હતી. ફાઇનલ મેચ પત્યા બાદ દરેક મેચના પ્લેયર ઓફ ધ મેચ લેડીઝ અને જેન્ટ્સ ના ઇનામો નું ડિસ્ટ્રીબ્યુશન પ્રમુખશ્રી સી.એ. આકાશ આર. પરીખ ના હાથે કરવામાં આવેલ હતું તે સાથે બેસ્ટ બેટસ્મેન-ભાવિક વોરા, બેસ્ટ બોલર-કિંજલ પરીખ અને હેઝલ પરીખ (મમ્મી અને દિકરી ની જોડી) એ શેર કર્યું અને પ્લેયર ઓફ ધ ટોર્નામેન્ટ-ભાવિક વોરા ને પણ પ્રાઈઝ આપવામાં આવેલ હતા. પ્રેઝન્ટેશન સેરિમની માં છેલ્લે રનરઅપ અને વિનર્સ ને ટ્રોફી અને મેડલ આપી તેમનું સન્માન કરવામાં આવેલ હતું. છેલ્લે આ ફેલીસિટેશન સેરિમની પત્યા બાદ યુવક મંડળના કાર્યકર્તાઓએ બધાનો આભાર માની રજા લીધી હતી.

**ક્રિકેટ ટુર્નામેન્ટના ટીમ ઓનર્સ અને એમની ટીમનું નામ**

- શ્રી ચિંતન શાહ – ચિંતન ધુરંધરસ્
- શ્રી વીરલ શેઠ – દર્પણ ડેવિલ્સ
- શ્રી મિહિર શાહ – KSSA ટાઇટન્સ્
- શ્રી ધવલ સલોત – પોલીઓમ ઓઉલ
- શ્રી હાર્દિક શાહ – શેરશાહ
- શ્રીમતી ફાલ્ગુની શાહ અને શ્રી વિરાગ શાહ – સ્કાય સ્ટ્રાઈકર્સ
- શ્રી ભાવિક વોરા – વીર યોદ્ધાસ

**ક્રિકેટ ટુર્નામેન્ટના સ્પોન્સર્સના નામ**

- ટાઈટલ પાર્ટનર : ઝાયનોવા શાલબી મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ
- કો પાર્ટનર – નાવિક લીગલ
- ટીશર્ટ પાર્ટનર – મુંગીપા ડેવલપર્સ
- ટ્રોફી પાર્ટનર – ઓમ જ્વેલર્સ
- ફિઝિયો પાર્ટનર – રિફાઇન ફિઝિયોથેરાપી
- ૪'ત પાર્ટનર – હેઝલ અને કિયાહ આકાશ પરીખ
- ૬'ત પાર્ટનર – ધ્યાન નિરવ શાહ
- વિકેટ પાર્ટનર – વીરલ શેઠ
- ફૂડ પાર્ટનર – ફીસ્ટ એન્ડ ફ્લેવર્સ

## સામાજિક પ્રોજેક્ટ – ૨૬-૦૭-૨૦૨૬



ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક યુવક મંડળ – ઘાટકોપર ના કાર્યક્રમ તો એક થી એક વખાણવા જેવા છે. એમાં પણ સોના મા સુગંધ ભળે એવુ કાર્ય એટલે સમાજલક્ષી સેવા નું કાર્ય. સમાજ સેવા નુ કાર્ય ત્યારે જ સાકાર બને છે જ્યારે કોઈ ના જીવન માં આત્મનિર્ભરતા નો દિવો પ્રગટે છે. આવીજ એક પ્રેરણાદાયી પહેલ કરી ઝાલાવાડ યુવક મંડળ – ઘાટકોપારે, મહિલાઓ ની સશક્તિકરણ માટે સિલાઈ મશીન વિતરણ નો પ્રોજેક્ટ સફળતાપૂર્વક અમલ માં મુકી સમાજ સેવા નું સાચું મુલ્યા અદા કર્યું છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત ગઈકાલે વસઈ સ્થિત એક મહિલા સંસ્થાને ૪૦ સિલાઈ મશીનોનું દાન આપવામાં આવ્યું. આ મશીનો દ્વારા અનેક જરૂરિયાતમંદ મહિલાઓને સ્વરોજગારની તક મળશે અને તેઓ આત્મનિર્ભર બની પોતાના પરિવારના આર્થિક વિકાસમાં મહત્વનું યોગદાન આપી શકશે.

આ પ્રસંગે ZYM ઘાટકોપર સમિતિ સાથે પ્રમુખ આકાશ રોહિત પારીખ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સેવાભાવ, માનવતા અને સમાજ પ્રત્યેની જવાબદારીની અનોખી ભાવના જોવા મળી હતી. લાભાર્થી મહિલાઓના ચહેરા પરની ખુશી અને આત્મવિશ્વાસ આ સમગ્ર પ્રોજેક્ટની સૌથી મોટી સિદ્ધિ બની હતી.

મંડળ દ્વારા આ સામાજિક પહેલને સફળ બનાવવા બદલ તમામ ઉદાર દાતાઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમના સહયોગથી અનેક પરિવારો માટે આશા, આત્મસન્માન, સ્વાવલંબન અને ઉજ્જ્વળ ભવિષ્યના નવા દ્વાર ખુલ્યા હોવાનું જણાવાયું હતું. આ કાર્ય આદિજિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ સાથે મલીને કરવામા આવ્યુ છે.

મંડળના પ્રમુખ આકાશ રોહિત પારીખે જણાવ્યું હતું કે, 'સમાજ સેવાનો સાચો આનંદ ત્યારે મળે છે જ્યારે આપણા પ્રયાસોથી કોઈના જીવનમાં હકારાત્મક પરિવર્તન આવે. સમાજના સહયોગથી મહિલાઓને રોજગારનું સાધન પૂરું પાડવું એ માત્ર દાન નહીં, પરંતુ તેમના ઉજ્જ્વળ ભવિષ્યમાં કરાયેલું રોકાણ છે. ભવિષ્યમાં પણ મંડળ દ્વારા આવા સમાજોપયોગી પ્રોજેક્ટ સતત હાથ ધરવામાં આવશે.'

સમાજમાં સેવા, સંવેદના અને સ્વાવલંબનનો સંદેશ આપતી આ પહેલને સર્વત્ર પ્રશંસા મળી રહી છે. આ સાથે સિલાઈ મશીનના ઉદારદિલ દાતાઓ ના નામ ની યાદી એક સિલાઈ મશીન ની કિમત રૂ. ૯૦૦૦ ના હિસાબ થી દાન કર્યું છે.

- Shree Zalawad Jain S. M. P. Yuvak Mandal - G hatkopar - 6 Machines
- Asambhav Friends - 5 Machines
- Rupaben Rohitbhai Parikh - 3 Machines
- Shardaben C. Gandhi - 3 Machines
- Ilaben Anilbhai Shah - 2 Machines
- Divyeshbhai N. Shah - 2 Machines
- Hazell Aakash Parikh - 1 Machine
- Kiaah Aakash Parikh - 1 Machine
- Harshaben Pushpendrabhai Shah - 1 Machine
- Vaani Rahul Shah - 1 Machine
- Reyan Ishit Shah - 1 Machine
- Sarojben Narendrabhai Sheth - 1 Machine
- Kavitaben Rajnikant Shah - 1 Machine
- Ziva & Amp ; Svayam Pratik Shah & Arvi Shah - 1 Machine
- Keyur Kamleshbhai Parekh - 1 Machine
- Shantaben Butalal Shah - 1 Machine
- Jayantbhai Chimanlal Shah - 1 Machine
- Kajal Shah - 1 Machine
- Heena Sheth - 1 Machine
- Tej Sheth - 1 Machine
- Pradeepbhai Sheth (Gunjan Sheth) -1 Machine
- Aayan Viral Hiral Sheth - 1 Machine
- Rahul Thakkar (Nexus Group) - 1 Machine
- Kalavatiben Manikantbhai Kothari - 1 Machine
- Ek Sadgrahasth - 1 Machine
- Krina Sanjay Shah – Rs.1,000/-

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ

201, Matharu Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057.

Tel.: 022 66956699, 022 66973038 • Mobile : 8779 695 306 • Email : admin@jainjagruti.com • www.jainjagruti.com

**TRUST REG. NO. E - 14343 (BOM) DT. 16.02.93**


જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ તેની સ્થાપનાના પ્રથમ વર્ષથી જ અતિ અગત્યની સામાજિક ફરજો સુપેરે બજાવતું આવતું રહ્યું છે. લગાતાર છેલ્લા ૨૯ વર્ષથી સમૂહ લગ્નનું આયોજન કરતું જ રહ્યું છે જેજેસીના સમૂહ લગ્નની અનેક વિશેષતાઓ અને ઉપલબ્ધિઓ અત્યાર સુધી ભાગ લીધેલા ૫૬૫ યુગલોને તેમજ તેમના ૧૧૩૦ પરિવારોને જાણ તો છે જ.

# ૩૦ મો સમૂહ લગ્નોત્સવ

## સમૂહ લગ્નના સંપૂર્ણ લાભાર્થી જે જે સી સાયન-માટુંગા



**રવિવાર**
**તા. ૦૬.૧૨.૨૦૨૬**

**વહેલા તે પહેલાના ધોરણે માત્ર ૧૧ યુગલોનો સમાવેશ કરવામાં આવશે.**

**સ્થળ : જે.વી.પી.ડી. ગ્રાઉન્ડ, જુહુ, વિલેપાર્લા (વેસ્ટ)**

**વધુ વિગત માટે સંપર્ક કરવા વિનંતી : સચિન +91 87796 95306**


### પદાધિકારીઓ તેમજ ટ્રસ્ટીઓ વર્ષ ૨૦૨૬-૨૦૨૮

| | | | |
|---|---|---|---|
| સંજય બી. શાહ<br>ચેરમેન - કાયમી ટ્રસ્ટી | જિતેન્દ્ર એસ. કોઠારી<br>તા.ભૂ.પૂ. ચેરમેન - કાયમી ટ્રસ્ટી | પ્રફુલ વી. કામદાર<br>વાઇસ ચેરમેન - કાયમી ટ્રસ્ટી | રાજેશ સી.ગાંધી<br>વાઇસ ચેરમેન - કાયમી ટ્રસ્ટી |
| અમિત ડી. કોઠારી<br>સેક્રેટરી-હોલ્ડીંગ ટ્રસ્ટી | રાજેશ આર. ભણશાલી<br>સેક્રેટરી-કાયમી ટ્રસ્ટી | કીર્તિ કે. શાહ<br>ખજાનચી-હોલ્ડીંગ ટ્રસ્ટી | હર્ષદ જે. ગાંધી<br>કાયમી ટ્રસ્ટી |
| અનિલ જી. દોશી<br>કાયમી ટ્રસ્ટી | પ્રવિણભાઈ જી. શાહ<br>ડોનર ટ્રસ્ટી | કમલેશ સી. શાહ<br>ડોનર ટ્રસ્ટી | નિલેશ કે. શાહ<br>ડોનર ટ્રસ્ટી |
| રશ્મિકાંત જે. શાહ<br>હોલ્ડીંગ ટ્રસ્ટી | મિનેશ ડી. શાહ<br>એક્ઝિક્યુટીવ ટ્રસ્ટી | મુકેશ સી. શાહ<br>એક્ઝિક્યુટીવ ટ્રસ્ટી | નિતીન આર. પારેખ<br>એક્ઝિક્યુટીવ ટ્રસ્ટી |

## નિરંતર વૃધ્ધિ પામતા આનંદની કથા...
## શાશ્વતી શ્રી નવપદજી
## આયંબિલ ઓળીનો મહિમા...

જૈનધર્મમાં તપનો મહિમા સુવિશેષ છે. આ તપોમાં ઉપવાસનો મહિમા વિશેષ રહ્યો છે. કારણ આત્માનો સ્વભાવ અણહારી છે. પરંતુ કોઇ પણ મનુષ્ય દીર્ઘકાળ સુધી સંપૂર્ણ આહારત્યાગ કરી શકે નહિ. તેથી જ વિગઈ-ત્યાગરૂપ આયંબિલ તપને શાસ્ત્રકારોએ વારંવાર સેવન કરવાની પ્રેરણા કરી છે.

આત્માનો સ્વભાવ અણહારી હોવાથી ઉપવાસ તો પોતાનું ઘર છે. જ્યારે અનાદિકાળની આહારવાસના તેમ જ ઔદારિક દેહનું ભાડુ મળી રહે તેવા આયંબિલને મિત્રનું ઘર કહ્યું છે. જેમાં ભલે આહારનો ત્યાગ નથી પરંતુ કર્મબંધનનાં મુખ્ય કારણરૂપ આસક્તિ પરનો વિજય હોવાથી જ્ઞાનીઓએ આયંબિલ તપનો મહિમા વિશેષ બતાવ્યો છે. આયંબિલ તપની વિશેષ આરાધના બે પ્રકારે બતાવી છે. આસો-ચૈત્ર માસમાં નવ દિવસની આરાધના... જે નવપદની ઓળી તરીકે પ્રસિધ્ધ છે. આ નવપદની ઓળીના આરાધકોમાં શ્રીપાળ અને મયણા સુપ્રસિધ્ધ છે. તેના એટલે આવલિકા-હારમાળા...

આ બંને ઓળી શાશ્વતી છે. તેના આયોજનમાં ઋતુપરિવર્તન પણ સંકળાયેલુ છે. વાસંતિક અને શારદીય ઋતુ પરિવર્તન અનેક રોગોને જન્મ આપનારૂં હોય છે. અજયપાળના તાવના છંદમાં કહેવાયું છે કે -

''આસો-ચૈતર માસે ઘર ઘર તાવના વાસા...''

એવા સમય સ્નિગ્ધ ભોજન રોગવૃદ્ધિનું કારણ બનતું હોય છે. ત્યારે શુષ્ક ભોજન રોગ મુક્તિનું કારણ બનતું હોય છે. અહો ! પૂર્વાચાર્યોએ આરાધના - સાધનામાં સહજ રીતે સ્વસ્થતાનો મહામંત્ર કેવો સમાવી લીધો છે !

નવ દિવસના આયંબિલમાં આગળ વધવા માટે જ્ઞાની પુરુષોએ 'વર્ધમાન તપ'ની આરાધના દર્શાવી છે. જે ક્રમે ક્રમે નિરંતર વૃદ્ધિ પામતી આરાધના ! એક આયંબલ અને ઉપવાસથી પ્રારંભ થતી આ આરાધના તપસ્વી એક-એક આયંબિલ ઉમેરતા ૧૦૦ આયંબિલ અને ઉપવાસ સુધી આગળ વધવાનું હોય છે...

શાશ્વતા તીર્થાધિરાજ સિદ્ધાચલ ગીરીરાજ ની પવિત્ર પુણ્ય ભૂમિપર શ્રી નવપદની આયંબિલતપની - ઓળી

શ્રી નવપદજીના નામ, વર્ણ અને ગુણ

| નામ | વર્ણ | ગુણ |
|---|---|---|
| અરિહંત | સફેદ | ૧૨ |
| સિદ્ધ | રાતો | ૦૮ |
| આચાર્ય | પીળો | ૩૬ |
| ઉપાધ્યાય | લીલો | ૨૫ |
| સાધુ | કાળો | ૨૭ |
| સમ્યગ્ દર્શન | સફેદ | ૬૭ |
| સમ્યગ્ જ્ઞાન | સફેદ | ૫૧ |
| સમ્યગ્ ચારિત્ર | સફેદ | ૭૦ |
| સમ્યગ્ તપ | સફેદ | ૫૦ |

શ્રી સિદ્ધાચલ આરાધના ઓળીજી

શ્રી સિદ્ધચક્ર તપારાધના પ્રતિ વર્ષ આસો સુદ-૭ થી આસો સુદ-૧૫ તથા ચૈત્ર સુદ-૭ થી ચૈત્ર સુદ-૧૫ સુધી કરવામાં આવે છે. જેમાં નવ દિવસ આયંબિલ તપ કરવામાં આવે છે. ત્રણ વાર દેવવંદન, બે સમય પ્રતિક્રમણ, બે વાર પડિલેહણ કરવામાં આવે છે. જેને ઓળીજી, નવપદજીની ઓળી કહેવાય છે. શ્રીપાલ રાજા તથા મયણા સુંદરીએ આ તપનું આરાધન કર્યું હતું. એમનું ચરિત્ર ઓળીના દિવસોમાં અવશ્ય સાંભળવું જોઈએ. આયંબિલ તપમાં ઓછામાં ઓછા દ્રવ્યનો ઉપયોગ કરવો જોઇએ. વધારે પદાર્થો કે દ્રવ્યોનો ઉપયોગ કરવાથી આયંબિલનું ફળ ઘટે છે. બની શકે તો એક ધાનથી અને શુદ્ધ આયંબિલ થાય તો વધારે ઉત્તમ ફળ મળે છે.

-પ્રાથમિક જ્ઞાનમાલા માંથી સાભાર

### શ્રી સંઘના એશોસીએટ પેટ્રન સભ્ય કોણ બની શકે ?

એક રસોડે રહેતા કુટુંબમાં પિતાશ્રી આજીવન કે પેટ્રન સભ્ય હોય તેમના પુત્ર ૨૫ વર્ષથી ઉપરના હોય અને સાથે રહેતા હોય તે **એશોસીએટ પેટ્રન સભ્ય પદ** મેળવી શકશે. અને તેઓ શ્રી સંઘની પ્રગતી, વિકાસ અને ઉત્કર્ષના કાર્યોમાં શ્રી સંઘમાં કારોબારી સમિતીમાં જોડાઈ શકશે અને હોદ્દો પણ મેળવી શકશે.

**-: સંપર્ક :-**

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ-મુંબઈ**

ન્યુ ઈંડિયા હાઈટ્સ, ૮મે માળે, ઓલ્ડ પોલીસ લેન,
રેલ્વે સ્ટેશનની સામે,
અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૯.

**મો.: ૯૧૩૭૩૪૨૮૧૮**

**ફોર્મ મેળવવા માટે :**

દામોદરવાડી, દુકાન નં.૯, ચક્રવર્તી અશોક રોડ,
કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૧૦૧.

### શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઈ
### વાંચકોને નમ્ર વિનંતી

આપના પરિવારમાં આવતા સારા પ્રસંગો જેવા કે સગપણ-લગ્ન, દિકરી-દિકરાનો જન્મ, મેરેજ, કે બર્થડે વગેરે તેમજ માઠા પ્રસંગો માતા-પિતાના અરિહંત શરણ, વડીલોની પુણ્યતિથી કે કુટુંબના સભ્યના અરિહંત શરણ પ્રસંગે શ્રી સંઘના નીચેના વિભાગોમાં યથાશક્તિ યોગદાન આપી તેના વિકાસમાં સહભાગી બનો જેથી સમાજની વિવિધ કાર્યરત પ્રવૃત્તીઓ વધુ મજબૂત અને સશક્ત બને.

**કાર્યરત વિભાગો : ❖ સાધર્મિક ભક્તિ ❖ કેળવણી સહાય ❖ સમૂહલગ્ન ❖ તપસ્વી બહુમાન ❖ પત્રિકા ભેટ ❖ યાત્રિકભવન નિભાવ ફંડ ❖ પત્રિકા ભેટ**

ઉપરોક્ત દરેક વિભાગોની પ્રવૃત્તીઓ નિયમિતરૂપે ચાલે છે. છેલ્લા થોડા વર્ષોમાં ભાવ વધારાને લીધે અને ખર્ચમાં અનેકગણો વધારો થયેલ છે. આ માટે શ્રી સંઘના વિવિધ ખર્ચાઓને પહોંચી વળવા આપશ્રી યોગદાન કરશો. તેવી આશા રાખીએ છીએ.

આભાર સહ - તંત્રી

# ANANT ENTERPRISES

Office : G-1, Neo Corporate Plaza, Kach Pada,
Opp. Kapol Banquet Hall, Malad (W), Mumbai - 400064.
Tel.: 28824783/28442368 Email : anantenterprises3@gmail.com

**: Authorised Agent :**

***Greatwhite* Electricals**

**PETRA, FIANA & MYRAH MODULARS**

**WIRES & CABLES, MCB'S, LIGHTING & LED PANELS**
**PVC TAPE, CONDUITE PIPES & CEILING FANS**

**AJIT M. SHAH** **SAMIR A. SHAH**

Estd.-1931

# J. LALDAS & Company

507, Maulana Azad Road, Near Gol Deval Temple,
Mumbai - 40 004. Tel.: 2346 2023 / 2347 0259

33/C, Laxmi Industrial Estate, New Link Road, Andheri (West),
Mumbai - 400 053. Tele Fax : 2636 6896 / 4003 9177
Email : jlaldas@gmail.com, jlaldas_co@hotmail.com

Jaquar | Artize | Jaquar WATER HEATERS | CISTERNS

Manufacturing of:
Roller Pen, Ball Pen
& Corporate Gifting

# I. B. Shah
ENTERPRISE

C-5-3, Bhadran Nagar,
Near N. L. High School,
S. V. Road, Malad West,
Mumbai: 400 064.

Nilesh Shah
+91-9820827512
ibshahent@yahoo.com

**Late Anopchand M.Kothari**
**M/S. KIRTI STEEL INDUSTRIES**
**M/S. KIRTI TRADING CORPO.**
**M/S. KUNAL FASTNER HOUSE L.L.P**

**Off. No. :** 23446121/66595864
23410066/23112066
23112935/0250 3214798
**Fax No. :** 23423575
**Kirti Mob. :** 9821055592

***Manufacturers & Engineers :***
**S.S. Bolts, Nuts, S.S. Coach Screw, Wood Screw & Fastners,**

**Office :** 155, Narayan Dhuru Street, Ground Floor, Mumbai-400 003
**Sales Office :** 102, Narayan Dhuru Street, Gr., Flr., Mumbai-400 003
**Sales Depo :** 12, Shive Shambhu Ind. Estate, B/H. Nidhi Estate, Near Burmashell Petrol Pump, Waliv, Vasai (East),Thane-401208

# શેઠ કન્સ્ટ્રકશન કું.

શ્રી મહાવીર પાઈપ ઈન્ડ.
(સુરત) મેન્યુફેકચરર્સ
આર.સી.સી. હ્યુમ પાઈપ્સ
(N.P. & Np.)

શ્રીજી પાઈપ ઈન્ડ (સુરત)
મેન્યુફેકચરર્સ
આર.સી.સી.હ્યુમ પાઈપ્સ (Np.)
ચેનલસ, મીઝેક, એન્ડ ચેકર્ડ
ટાઈલ્સ આ.સી.સી. કવર્સ અને
વેન્ટ સાફટસ
(BMC Approved)

ઓફીસ : ૫૦૭/૫૦૮ સંજાર એન્કલેવ, મિલાપ સીનેમા સામે,
એસ.વી.રોડ, કાંદીવલી (વે.), મુંબઈ - ૪૦૦ ૦૬૭.
ફોન.: (૦૨૨)૨૮૦૬૨૧૬૧/૪૦૧૩૨૧૬૦ મો.:૯૮૨૧૧૨૦૦૨૧ અજય
ઘર : ૨૮૦૭૨૮૨૩ / ૨૮૦૫૧૧૬૪

**Abhijit Shah**
**M.:9773380129/9870202339**



# NEW INDIA ENGINEERING CO.

**Manufacturers & Stockists Of :**

- Stainless Steel Socket Weld, But Weld,Threaded Fittings
- Bar Fittings & Flanges
- Dairy Fittings
- Triclover Fittings
- Ferrule & Flair Fittings
- S.S. Valves & Cocks
- Strainers & Quick Release Couplings
- S.S.,304,310,316 Rods, Pipes & Sheets
- S.S.,M.S.& Hi Tensil Fastners.

A/002, Arihant Bldg., Govind Nagar, Sodawala Lane,
Borivali (W), Mumbai - 400 092
**E-mail :** abhijitshah@hotmail.com

# THE NATIONAL BOOK DEPOT

***For all Your requirements of Medical, Dental, Nursing, Pharmacy, Physiotherapy, Homoeopathic, Veterinary Books***

Opp. Wadia Children's Hospitals,
Parel (Central Railway), Mumbai - 400012
**Tel : 022 - 31821515 / 97570 01960 / 97570 01961**
Timing : 11 am To 7 pm (Monday To Saturday) Sunday Closed
**E-mail :** nationalbook55@gmail.com
**Vaidehi Shah - Cell : 98 33 93 6737**

# હેમા ગાંધી એન્ડ ગ્રુપ

*લગ્ન ગીતો, સાંજી માળા, જૈન સ્તવન,*
*શ્રદ્ધાંજલી, ભાવ યાત્રા, રાસ ગરબા તથા*
*હિન્દી ઓરકેસ્ટ્રા માટે.*

**-: સંપર્ક : -**

૨૦૨, માનવ મેન્શન, સરોજિની રોડ,
મેક ડોનાલ્ડની બાજુમાં,
વિલેપારલા (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦૦૫૬.
**મોબાઈલ : ૯૮૨૧૦ ૨૯૦૯૬**

MAHAVIR

# શ્રી મહાવીર સ્ટેશનરી માર્ટ

૧૪૪-૪૬, બાપુ ખોટે સ્ટ્રીટ,
૧લે માળે, મુંબઈ - ૪૦૦૦ ૦૩
ફોન : ૨૩૪૬૨૯૬૭

**Vinubhai Shantilal Mehta**

**SHANTILAL & SONS**

**HARDWARE MERCHANTS**

90, Sarang Street, 1st Floor,
Mumbai - 400 003.
**Tel. (O) : 2342 1045, 2341 3195**
**(R) : 2882 2309, 2881 1310**
**(M) : 98213 40074**

*Bhavin Shah* *Jaymin Shah* *Rohan Shah*

**GAUTAM STEEL INDUSTRIES**

***Mfg. and Stockist in :-***
**S.S., M.S., Brass, High Tensils Bolt, Nut, Washer, Spring Washer, C.S.K, Allen Cap, Grub, Stud, Rivet, Coach Screw, Cotter Pin, Wing Nut, Nylone Nut, Lock Nut etc.**

131, Narayan Dhuru Street, G.Floor, Pydhonie, Mumbai - 400 003.
Phones : (O) 2341 5814 / 2342 4025 / 2343 4014
(R) 2885 0621 / 28017611

♦ ♦ ♦

Gala No. 4/7, Janki Indl. Estate, Plot No.10/B, Near K.T.Indl. Park
Gorai Pada, Vasai (E), Thane - 401 208
Email : gautamsteelind2@gmail.com

**ફકત જૈન મેનુ**

કાશ્મીર | દાજીલીંગ
હીમાચલ | સાઉથ
લેહ | નૈનીતાલ
કેરાલા | સીમલા

**શ્રી સમેતશિખરજી મહાયાત્રા**

**48-66 કલ્યાણક ભુમીયાત્રા**

**અભય નવીનભાઈ શાહ**

**ગુરૂકૃપા ટ્રાવેલ્સ**

**અશોક નગર, કાંદિવલી (ઈ), મુંબઈ**

**93244 08369/9594286900**

**Pradeep Shah** - 97695 36312 / 99693 88114

**Anmol Electricals**

***Dealers in:* All kinds of Electricals Goods & LED Lights & Panels**

***Stockist of :* Accessories of Anchor, elle, elleys', GM Hifi Modular Range. Fancy LED Lights & LED Panels**

Shop No. 103, Gr. Floor, Govind Nivas, 99 -103, Lohar Chawl, Mumbai - 400 002.
Tel : 22065215 / 39567162 ◆ Tele Fax : 30037162
**Email :** anmolelectricals162@gmail.com

**MUKESH SHAH**
Founder & Managing Director
**M.: +91 98200 42591**

**AMAR PLASTICS (INDIA) LLP**

**IMPORTERS & WHOLESALER OF GLASSWARE**

Corporate Avenue, Unit No.5, Opp.Mewad Bhawan, I.B.Patel Road, Goregaon (E), Mumbai - 400063
+91 86570 14491 / 86570 14492
amarplasticsllp2024@gmail.com
amarplastic2012@gmail.com

॥ દાદા ભગવાનનો અસીમ જયજયકાર હો ॥
દુનિયાભરમાં વસતા સ્વજનો, વેપારી અને વિદ્યાર્થીઓ માટે કપડા, વાસણ,



**Super Air COURIER**
Only International

ભાવિન હર્ષદરાય મોદી
(પાલીતાણાવાળા)
M.: 9819191883
022-28888667
મલાડ (વેસ્ટ)

અતુલભાઈ ચોકસી
(પાટણવાળા)
M.: 9820798171
બોરીવલી (વેસ્ટ)

તમારા ઘરે થી પિકઅપ કરીશુ.

Hasmukh Sheth 98208 58125 Tel. : 2614 8864
Chetan Sheth 98201 44214 Tel.26125440

**M.K. ENTERPRISES**

***Distributors :***
**Polo Kitchenware**
**Polo Thermoware**
**All Time Houseware Item**
**Gift Articles**

1, Amrat Apartment,
Bajaj Road,
Nr. Railway Station,
Vile Parle (W),
Mumbai - 400 056.

Harshit Bharat Vora - 9987515422
Pranav Bharat Vora - 9870105764



**VORA ESTATE AGENT**

**• OFFICE • SHOPS • FLATS**
**• RENTALS • INDUSTRIAL GALA**

Shop No. 3, Sushila Smruti, Opp. Axis Bank, Ashok Chakravarti Road,
Plot A, Kandivali (E), Mumbai - 400 101.
Email : vorapranav16@gmail.com

એવરગ્રીન કોર્પોરેશન

**Evergreen Corporation**

હાર્ડવેર અને ટુલ્સના વેપારી
૨૪, ફીદા મેન્સન,
ઉજે માળે, બીબીજાન સ્ટ્રીટ,
મુંબઈ - ૪૦૦ ૦૦૩.

-: ઓફિસ :-
Contact No.
**022 - 40021946 / 23443591**
**E-mail :** evergren@rediffmail.com
lalit46@gmail.com

## શુભ વેવિશાળ.....

**શ્રી સંઘના આશીર્વાદ - શુભેચ્છા**

| | | | વર પક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|---|---|
| ચિ. પ્રેમ | ચિ.દીશા | | રૂ. | રૂ. |
| શ્રી તરૂણભાઈ વનેચંદ મહેતા | | સાધર્મિક | ૨૫૧ | ૨૫૧ |
| હળવદ હાલ અંધેરીના સુપુત્ર | | જીવદયા | ૨૫૧ | ૨૫૧ |
| શ્રી જીજ્ઞેશભાઈ રમણીકલાલ કપાસી | | સમૂહ લગ્ન | ૨૫૧ | ૨૫૧ |
| પાલીતાણા ની સુપુત્રી સમૂહલગ્ન | | તબીબી | ૨૫૧ | ૨૫૧ |
| કુલ રૂા.૨૬૧૦/- ભેટ મળેલ છે | | તપશ્ચર્યા | ૨૫૧ | ૨૫૧ |
| ચિ. શ્રીનીલ | ચિ.નિષ્ઠા | | | |
| શ્રી કેતનભાઈ ચંન્દ્રકાન્ત કોઠારી | | સાધર્મિક | ૫૦૦ | ૫૦૦ |
| મૂળીના સુપુત્ર | | કેળવણી | ૫૦૦ | ૫૦૦ |
| શ્રી દેવેન્દ્ર દાગલીયા જૈન | | પત્રિકા | ૫૦૦ | ૫૦૦ |
| ઉદેપુરની સુપુત્રી સમૂહલગ્ન | | યાત્રિક ભવન | ૫૦૦ | ૫૦૦ |
| કુલ રૂા.૫૧૦૨/- ભેટ મળેલ છે | | તપશ્ચર્યા | ૫૦૧ | ૫૦૧ |
| ચિ. સમકિત | | | | |
| શ્રી કેતન ચંદ્રકાંત કોઠારી | | સાધર્મિક | ૨૫૧ | ૨૫૧ |
| મૂળીના સુપુત્ર | | કેળવણી | ૨૫૧ | ૨૫૧ |
| શ્રી હિતેશભાઈ અમૃતલાલ દોશી | | પત્રિકા | ૨૫૧ | ૨૫૧ |
| વઢવાણની સુપુત્રી સમૂહલગ્ન | | યાત્રિક ભવન | ૨૫૧ | ૨૫૧ |
| કુલ રૂા.૪૬૧૮/- ભેટ મળેલ છે | | તપશ્ચર્યા | ૨૫૧ | ૨૫૧ |
| | | સમૂહ લગ્ન | ૨૫૧ | ૨૫૧ |
| | | તબીબી | ૨૫૧ | ૨૫૧ |
| | | ભોજનશાળા | ૨૫૧ | ૨૫૧ |
| | | જીવદયા | ૨૫૧ | ૨૫૧ |

### અન્ય ભેટ

કુ. ભૂમિ ચિરાગ પ્રાણલાલ બગડીયા ના એમ.બી.બી.એસ.માં ઉત્તીર્ણ થયા તે બદલ પરિવાર તરફથી કુલ રૂ. ૨૫૦૦/- શ્રી સંઘને ભેટ મળેલ છે. શ્રી સંઘ ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે. સાથે કુ. ભૂમિ માસ્ટર ડીગ્રી મેળવી કારકિર્દી ઉજ્જવળ બને તેવી શુભ ભાવના, શ્રી સંઘ આભાર માને છે. કેળવણી રૂ. ૫૦૦/- સાધર્મિક રૂ. ૫૦૦/- તપશ્ચર્યા રૂ. ૫૦૦/- પત્રિકા રૂ. ૫૦૦/- સમૂહ લગ્ન રૂ. ૫૦૦/-

### શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ - મુંબઈ
### કુરીયર યોજના

જે સભ્ય પરિવારને પોસ્ટમાં પત્રિકા ન મળતી હોય તે સભ્ય પરિવારને સમયસર પત્રિકા મેળવવા શ્રી સંઘ દ્વારા ૨૦૨૨ થી કુરીયર યોજના અમલમાં મૂકેલ છે. જેનો ચાર વર્ષનો ચાર્જ રૂ. ૧૨૦૦/- રાખવામાં આવેલ છે. પત્રિકા દર માસની તા.૧૬ થી ૨૦ સુધીમાં પહોંચી જશે.

**સંપર્ક : ૯૧૩૭૩૪૨૮૧૮**

**સમય :- ૧૧.૩૦ થી ૫.૩૦**

### વ્હાલાની વસમી વિદાય વેળાએ...
### ભાવભરી શ્રધ્ધાંજલી ઓગષ્ટ ૨૦૨૬

| નામ | મૂળ વતન | વિસ્તાર |
|---|---|---|
| શારદાબેન મહાસુખલાલ શાહ | લીંબડી | કાંદીવલી |
| ધીરજલાલ ખીમચંદ શાહ | ધ્રાંગધ્રા | બોરીવલી |

### જન્મદિવસની શુભેચ્છા

| | | |
|---|---|---|
| શ્રી અરૂણ છોટાલાલ શાહ | ૨૭-૯ | ૯૮૨૧૧૩૪૧૦૭ |
| શ્રી મયુરભાઈ રમેશચંદ્ર શાહ | ૩૦-૯ | ૯૩૨૩૭૨૩૪૩૦ |
| શ્રી મેહુલ ધીરજલાલ શાહ | ૫-૧૦ | ૭૦૨૧૦૧૯૯૮૪ |
| શ્રી દિલીપભાઈ ત્રંબકલાલ શાહ | ૫-૧૦ | ૯૮૨૦૨૭૦૬૭૩ |
| શ્રી નરેશભાઈ કાંતિલાલ શાહ | ૯-૧૦ | ૯૮૩૩૩૭૯૯૦૯ |
| શ્રી રૂપેશભાઈ દિલીપભાઈ શાહ | ૧૦-૧૦ | ૯૮૨૦૨૭૩૦૦૮ |
| શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ | ૧૦-૧૦ | ૯૮૬૯૦૪૦૧૫૦ |
| શ્રી રૂપેશભાઈ ચંદ્રકાંત શાહ | ૧૩-૧૦ | ૯૮૨૧૨૩૬૮૨૬ |
| શ્રી નરેશ છબીલદાસ શાહ | ૨૦-૧૦ | ૯૧૬૭૪૪૭૬૬૭ |

### નીચેની ખાલી જગ્યા પૂરો

૧. શત્રુંજય ઉપર ........................ ટૂંકો આવેલી છે. (૫,૭,૯)

૨. .......................... ગામમાંથી પણ શત્રુંજય ઉપર જઈ શકાય છે. (ગિરડી, ઘેટી, આબુ)

૩. શત્રુંજયનું હાલનું મુખ્ય જિનાલય .............................. બનાવેલું છે. ( કર્માશાએ, ભરતચક્રીએ, બાહડમંત્રીએ)

૪. શત્રુંજયની નિશ્રામાં અખાત્રીજે .............................. તપના પારણા થાય છે. ( શત્રુંજય, વરસી, સિદ્ધિ)

૫. શત્રુંજયના ભાડવાના ડુંગરે ........................ મોક્ષ પામ્યા. (નારદજી, શાંબકુમાર, પાંડવો)

૬. શત્રુંજય ઉપર દાદાની ...................... પ્રદક્ષિણા પાંચ ભાઈના દેરાસરથી શરૂ થાય છે. ( પહેલી, બીજી, ત્રીજી)

૭. શત્રુંજયની ૧૨ ગાઉ, ૬ ગાઉ અને .......................... ગાઉની પ્રદક્ષિણા કરવાની હોય છે. (૪, ૧।।,૨)

૮. શત્રુંજયની ૧૨ ગાઉની યાત્રામાં ................. તળાવડી આવે છે. (નિર્મળ, ચંદન, શત્રુંજયા)

૯. શત્રુંજયની બધી મળીને હાલ .................... યાત્રા કરવાની પરંપરા છે. (૯૯,૧૦૮, ૧૦૧)

૧૦. શત્રુંજય ઉપર ........................ ફોઈની ટૂંક આવેલી છે. (ચંપા, ઉજમ, રૂપા)

### આગામી પરા મંડળોના વાર્ષિક કાર્યક્રમોની તારીખ

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ - વિલેપાર્લા
તા. ૦૪-૧૦-૨૦૨૬

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ - ઘાટકોપર
તા. ૦૬-૧૨-૨૦૨૬

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ - અંધેરી
તા. ૧૦-૦૧-૨૦૨૭

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ - બોરીવલી
તા. ૧૭-૦૧-૨૦૨૭




બુકિંગ માટે સંપર્ક :

- Mumbai - Tel.: (022) 28449855 / 28835836. Mob.: +91 8108839236 / 9224002400
- Mahabaleshwar - Tel: (02168) 260588 ● Lonavala - Mob.: - +91 9167091570
- Pune - Mob.: +91 9028585409 ● Goa - Tel.: (0832) 2416363
- E-mail : hotelgautam@hotmail.com ● Website : www.hotelgautam.com

અમારી રિસોર્ટ મહાબળેશ્વર અને લોનાવાલામાં પણ છે.

REGISTERED WITH PRESS REGISTRAR GENERAL OF INDIA . MAHBIL/2021/80571 LICENSE TO POST WITHOUT PRE-PAYMENT UNDER WPP LICENSE NO. MR/TECH/WPP-220/SOUTH/2024-26 POSTAL REGISTRATION NO. MCS/132/2024-2026 PUBLISHED ON 10TH OF EVERY MONTH AND POSTED AT MUMBAI PATRIKA CHANNEL SORTING OFFICE ON 10TH & 11TH OF EVERY MONTH



## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ સંચાલિત

**અણમોલ અવસર... અનેરો લ્હાવો ..... અપૂર્વ લાભ.....**

પરમ તારક - પરમ પ્રભાવક શાશ્વતા તીર્થ

**શ્રી શત્રુંજય ગિરીરાજ**

**ની પાવનકારી પાલીતાણા નગરની પવિત્ર ભૂમિ પર**

**શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ**

**(ઝાલાવાડ યાત્રિક ભવન)**

માતુશ્રી સમજુબેન ત્રિભોવનદાસ લાલચંદ શાહ

હ.: શ્રીમતી પ્રવિણાબેન પ્રવિણચંદ્ર શાહ, લીંબડી - હાલ ઘાટકોપર - મુંબઈ

પરિસર સ્થિત

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. ચેરીટેબલ એન્ડ રીલીજીયસ ટ્રસ્ટ**

સંચાલિત : **શ્રી આદિનાથ રત્નત્રય જિન પ્રાસાદ** (હ. એક સદગૃહસ્થ પરિવાર)

ની ત્રણે શિખરની ધ્વજારોહણનો આદેશ આપવામાં આવશે.

**આદેશ મેળવનાર લાભાર્થીની રકમ દેવદ્રવ્ય અને સર્વસાધારણ ખાતે વાપરવામાં આવશે**

**ધ્વજારોહણ દિવસ દર વર્ષે મહા સુદ –પાંચમ (વસંતપંચમી) વિ.સં ૨૦૮૪ થી ૨૦૮૯ સુધીના**

### પંચમ ત્રિવાર્ષિક ધ્વજારોહણનો આદેશ

**વિ.સ. ૨૦૮૨ ભાદરવા વદ-૧, તા.૨૭-૯-૨૬, રવિવારના રોજ**

તપસ્વી બહુમાનના કાર્યક્રમ દરમ્યાન આપવામાં આવશે.

**ધ્વજા ચડાવવાથી શું લાભ થાય ?**

- ❑ ત્રણ ભુવનના નાથ તીર્થંકર પરમાત્માના જિનાલયની ધ્વજા બદલનાર (ધ્વજારોહણ કરનાર) અતિશય પુણ્યનો સ્વામી બને છે.
- ❑ પૃથ્વી પર જેટલા પણ તીર્થો છે એ બધાની યાત્રા કરવા જેટલો લાભ જિનાલયના શિખર ઉપરની ધ્વજા બદલવાથી થાય છે
- ❑ જિનાલયની ધ્વજા બદલનાર પુણ્યશાળી આત્મા અત્યંત શૌર્ય - કીર્તી અને યશ પામે છે.
- ❑ આવા શુભ મંગળ પ્રસંગોએ ચઢતા ભાવો સાથે માત્ર હાજરી આપવાથી પણ આપણે અનેરૂ

**આવો અણમોલ અદકેરો અમૂલ્ય અવસર આપણે આંગણે આવી રહ્યો છે**

**યાદ રાખો : સંવત ૨૦૮૨, ભાદરવા વદ- તા.૨૭-૦૯-૨૦૨૬, રવિવાર સવારના ૧૦ કલાકે**

આપણા યાત્રિક ભવન - પાલીતાણાના પરિસરમાં આવેલ નાનકડા પણ નમણા જિનાલયના ત્રણે પ્રભુ પરમાત્માની ધ્વજા (બદલવાનો) ધ્વજારોહણનો આગામી ત્રણ વર્ષ માટેનો આદેશ તપસ્વી બહુમાન પ્રસંગે આપવાનો છે.

આપ પુણ્યશાળી આત્માઓ આ ચઢાવામાં પધારી અનેરો લાભ પ્રાપ્ત કરો....

નોંધ : ધ્વજારોહણનો આદેશ લેનાર પરિવારે યાત્રિક ભવનના સાધારણમાં નક્કી કરેલ રકમ આપવાની રહેશે.

**: સંપર્ક સૂત્ર : અરવિંદભાઈ કે. શાહ - ૭૦૨૧૬૧૨૭૨૯**

Publisher : Ketan Arvind Shah on Behalf of Shree Zalawad Jain Swetamber Murtipujak Sangh, 175, Vallabhdas Kanji Bldg., 2nd Floor, Princess Street, Kalbadevi, Mumbai - 400 002. ● Printer :BHAVIN SHARAD GANDHI ● Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (East), Mumbai-400011. Mobile : 9867540524. ● Editor : Mukesh Uttamchand Shah, 175, Vallabhdas Kanji Bldg., 2nd Floor, Princess Street, Kalbadevi, Mumbai - 400 002